પાના ૮, કિંમત રૂ.૨, તા. ૧૩-૦૭-૨૦૨૬-સોમવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૧૮૧ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in pratapdarpan_official pratapdarpansrt@gmail.com pratapdarpan_official11

# ગાયબ થયેલુ ચોમાસુ સાત દિવસ પછી સક્રિય બનશે

## પ્રશાંત મહાસાગરની સિસ્ટમ બંગાળની ખાડીમાં પહોંચે તો ફરી વરસાદની રમઝટ

### સિસ્ટમ નબળી પડે અથવા જુદી દિશામાં ફંટાઇ જાય તો વરસાદના નવા રાઉન્ડ માટે વધુ પ્રતિક્ષા કરવી પડે તેવા નિર્દેશ

**નવી દિલ્હી, તા.૧૩**

ગુજરાત સહિતના રાજ્યોમાં ચોમાસાના એક રાઉન્ડ બાદ વરસાદી બ્રેક છે. અલનીનોને કારણે નવી મેઘમહેર વિશે વિરોધાભાસી રીપોર્ટ વચ્ચે અષાઢી બીજ બાદ-૧૮મી જુલાઈથી ચોમાસુ ફરી સક્રિય થવાની આગાહી કરવામાં આવી છે.

ભારતમાં પૂર્વિય રાજ્યો સિવાય વરસાદી બ્રેક છે. ખેડૂતોથી માંડીને સરકારી તંત્રમાં ચિંતા-ઉચાટનો માહોલ છે તેના સમયે એવા સંકેત છે કે પશ્ચિમી પ્રશાંત મહાસાગરમાં અનેક સિસ્ટમો સર્જાઇ છે તે પૈકી અમુક બંગાળની ખાડી તરફ આગળ વધવા માટે સાનુકુળ સંજોગો છે. સિસ્ટમ બંગાળની ખાડી સુધી પહોંચે તો



ભારતમાં ૧૮થી ૨૫ જુલાઈ દરમિયાન ચોમાસુ ફરી સક્રિય થઈ શકે છે. હવામાન વિભાગ તેના પર સતત વોચ રાખી રહ્યું છે.

હાલ ભારતમાં પૂર્વીય રાજ્યોમાં વરસાદ ચાલુ છે પરંતુ પશ્ચિમી, ઉતરીય તથા મધ્ય ભારતના રાજ્યોમાં સુકુ વાતાવરણ બની ગયું છે. કૃષિક્ષેત્રોમાં અસર વર્તાવા લાગી છે. ધાન્ય, મકાઈ તથા કઠોળના વાવેતરમાં વધુ અસર છે. જળાશયોમાં પાણીના સ્તર ઘટવા લાગ્યા છે. પીવાના પાણી ઉપરાંત સિંચાઈ મામલે ચિંતા છે.હવામાન વિભાગના રિપોર્ટ મુજબ ચોમાસુ રેખા નોર્મલ સ્થિતિમાંથી હટી ગઈ છે. પરિણામે ભેજયુક્ત પવનો પર્યાપ્ત માત્રામાં પહોંચી શકતા નથી. આ સ્થિતિ વચ્ચે પ્રશાંત મહાસાગરની સિસ્ટમને આશાનું કિરણ સર્જયું છે.

પ્રશાંત મહાસાગરમાં લો-પ્રેશર બની રહ્યું છે. જે પશ્ચિમ દિશામાં આગળ વધે અને બંગાળની ખાડીમાં પ્રવેશ કરે તો ચોમાસાને નવી તાકાત મળી શકે છે અનેક આંતરરાષ્ટ્રીય મોડલ્સમાં આ પ્રકારની સંભાવના દર્શાવવામાં આવી છે.આ સિવાય ઉત્તર-પશ્ચિમ ભારતમાં એક વેસ્ટર્ન ડીસ્ટર્બન્સ પ્રવેશી રહ્યું છે. જે પંજાબ, જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ, હરિયાણા તથા ઉત્તર-પશ્ચિમી રાજસ્થાનને પ્રભાવિત કરી શકે છે. આવતા ૩-૪ દિવસમાં આ રાજ્યોમાં વિજળીના કડાકાભડાકા તથા આંધી સાથે વરસાદ થઈ શકે છે.હવામાન વિભાગના મતે ૧૮થી ૨૫ જુલાઈનો સમય મહત્વપૂર્ણ બનશે. બંગાળની ખાડી સુધી પ્રશાંત મહાસાગરની સિસ્ટમ પહોંચી જાય તો નીચલા સ્તરના પવન મજબુત બને અને ચોમાસુ રેખા મૂળ સ્થિતિમાં આવી શકે. મધ્ય ભારત, ઉત્તર ભારત તથા

અનુસંધાન પાના ૭ પર

### રામ મંદિર ચોરીનો બચાવ કરી ટ્રોલ થયા અનુપમ ખેર

# મુઘલોએ મંદિરોમાં રેપ કર્યા, તેની સામે દાન ચોરી સામાન્ય વસ્તુ છે

**નવી દિલ્હી, તા.૧૩**

બોલિવૂડ અભિનેતા અનુપમ ખેર અયોધ્યાના શ્રીરામ જન્મભૂમિ મંદિરમાં થયેલી ચોરીના બચાવમાં આપેલા પોતાના નિવેદનને લઈને સોશિયલ મીડિયા પર ટ્રોલ થઈ રહ્યા છે. ઈન્ડિયા ટુડેને આપેલા એક ઈન્ટરવ્યુમાં અનુપમ ખેરે રામ મંદિરમાં ૨થી ૭ કરોડ રૂપિયાની અનિયમિતતાને સામાન્ય બાબત ગણાવી.તેમણે તેનું કનેક્શન સીધું મુઘલો સાથે જોડતા કહ્યું કે મુઘલોએ જે દેશને લૂંટ્યો અને અત્યાચાર કર્યા, તેની સામે આ ચોરી ખૂબ જ નાની બાબત છે. આ નિવેદનનો વીડિયો ઠ (પહેલા ટ્વિટર) પર વાઈરલ થયા પછી લોકો તેમની જોરદાર ટીકા કરી રહ્યા છે.ઈન્ટરવ્યુ દરમિયાન અનુપમ ખેરે મંદિરમાં થયેલી ચોરીનો બચાવ કર્યો. તેમણે કહ્યું કે લોકો તેને બહુ મોટી વાત બનાવી રહ્યા છે અને કહી રહ્યા છે કે મંદિરમાં લૂંટ મચી છે. એક્ટરે દલીલ કરી કે લૂંટ ત્યારે મચી હતી જ્યારે મુઘલોએ આપણા મંદિરોને તોડ્યા હતા.

# રાજસ્થાનના કડી નજીક વાહન અકસ્માતમાં પાંચ લોકોનાં મોત

### જોધપુર ધોરી માર્ગ પર દુર્ઘટનામાં ત્રણ લોકો ઈજાગ્રસ્ત

નવી દિલ્હી, તા.૧૩

રાજસ્થાનના બાલોત્રા જિલ્લામાં જોધપુર રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર કુડી નજીક રવિવારે મોડી રાત્રે થયેલા માર્ગ અકસ્માતમાં પાંચ લોકોના મોત અને ત્રણ ગંભીર રીતે ઘાયલ થયા. પ્રાથમિક માહિતી અનુસાર, એક સ્કોર્પિયો અજાણ્યા વાહન સાથે સામસામે અથડાઈ ગઈ. ટક્કરની અસર એટલી ગંભીર હતી કે વાહનમાં સવાર લોકોને સ્વસ્થ થવાનો મોકો મળ્યો ન હતો. અકસ્માત બાદ, સ્થાનિક રહેવાસીઓ અને રાહદારીઓએ તાત્કાલિક બચાવ અને રાહત કામગીરી શરૂ કરી. પોલીસ અને એમ્બ્યુલન્સને એલર્ટ કરવામાં આવી હતી અને ઘાયલોને વાહનમાંથી બહાર કાઢવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. માહિતી મળતાં, પોલીસની એક ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને સ્થાનિક રહેવાસીઓની મદદથી, તમામ ઘાયલો અને મૃતકોને ખાનગી એમ્બ્યુલન્સ દ્વારા બાલોત્રાની સરકારી નાહટા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. હોસ્પિટલના ડોક્ટરોએ પાંચ લોકોને મૃત જાહેર કર્યા હતા. ગંભીર રીતે ઘાયલ થયેલા ત્રણ લોકોને ગંભીર રીતે ઘાયલ થયા

અનુસંધાન પાના ૭ પર

# રશિયા, ઈરાન અને ઉત્તર કોરિયા દ્વારા ક્રિપ્ટોમાં રૂ. ૯.૯૨ લાખ કરોડનો વેપાર

### ક્રિપ્ટો કરન્સી ત્રણેય દેશોએ દુનિયાની બેન્કિંગ સિસ્ટમથી અલગ નેટવર્ક બનાવી ડ્રોન , તેલ અને હથિયારો ખરીદ્યા

નવી દિલ્હી, તા.૧૩

રશિયા, ઈરાન અને ઉત્તર કોરિયાએ દુનિયાની બેન્કિંગ વ્યવસ્થાથી અલગ ક્રિપ્ટો દ્વારા એક સમાંતર ચુકવણી સિસ્ટમ ઊભી કરી છે. ક્રિપ્ટો લેણદેણ પર નજર રાખતી સંસ્થા ચેનાલિસિસ અનુસાર, ૨૦૨૫માં તેમણે ક્રિપ્ટો દ્વારા ૯.૯૨ લાખ કરોડનું લેણદેણ કર્યું છે.

આ ૨૦૨૪ની સરખામણીમાં ૮ ગણું વધારે છે. આ દેશો આ રકમનો ઉપયોગ માત્ર વેપાર કે બચત માટે જ નહી, પરંતુ ડ્રોન, હથિયારોના સ્પેરપાર્ટ્સ, સૈન્ય ટેકનોલોજી અને તેલની ચુકવણીમાં કરી રહ્યા છે.

રશિયાએ રૂબલ સાથે જોડાયેલ A૭૫ ટોકન તૈયાર કર્યું. આમાં રશિયામાં રૂબલ આપીને વિદેશમાં ક્રિપ્ટોમાં બદલી શકાય છે. મે મહિના સુધીમાં તેમાં ૧૧.૪ લાખ કરોડના વ્યવહારો થઈ ચૂક્યા છે. નેટવર્કમાં ૪૧ હજારથી વધુ ખાતા અને ૨.૫ લાખ ટ્રાન્સફર નોંધાયા.ઈરાને ઘરેલું એક્સચેન્જોને તેલ વેચાણ અને વિદેશી ચૂકવણીની વૈકલ્પિક પાઈપલાઈન બનાવી દીધી છે. રિવોલ્યુશનરી ગાર્ડ ક્રિપ્ટોથી તેલના પૈસા લે છે અને તેને ડિજિટલ વોલેટમાં અન્ય દેશોમાં મોકલે છે. નિષ્ણાતો ક્રિપ્ટોને રશિયા-ઈરાન માટે પ્રતિબંધોની સમાંતર ચાલતી કાયમી નાણાકીય વ્યવસ્થા ગણાવી રહ્યા છે.ઉત્તર કોરિયાએ ક્રિપ્ટો ચોરીને કમાણી અને હથિયાર કાર્યક્રમનું સાધન બનાવી દીધું છે. ૨૦૨૫માં તેના હેકરોએ ૨૦ હજાર કરોડની ચોરી કરી. સૌથી મોટી ઘટના ૨૧ ફેબ્રુઆરીએ બની, જ્યારે લાઝારસ જૂથે બાયબિટમાંથી ૧૪,૩૧૦ કરોડ ઉડાવ્યા.એફબીઆઈએ તેને 'ટ્રેડરેટર' નેટવર્ક સાથે જોડ્યું. ૨૦૧૬થી ઉ. કોરિયા ૨૬૩ ઘટનાઓમાં ૬.૭૫ અબજ ડોલરની ક્રિપ્ટો ચોરી ચૂક્યું છે. તેનો ઉપયોગ તે મિસાઈલ અને સૈન્ય ઉપકરણો ખરીદવામાં કરી રહ્યું છે.ઈરાનનું સૌથી મોટું ક્રિપ્ટો એક્સચેન્જ નોબાઈટેક્સ. દેશના લગભગ ૭૦% ડિજિટલ મુદ્રા વ્યવહારો સંભાળે છે અને તેના ૧.૧ કરોડ વપરાશકર્તાઓ છે.

ચીન સાથે સંકળાયેલા મની-લોન્ડરિંગ નેટવર્ક હવે 'લોન્ડરિંગ-એઝ-એ-સર્વિસ' મોડેલ પર કામ કરી રહ્યા છે. ચેનાલિસિસ અનુસાર,

અનુસંધાન પાના ૭ પર

# ઉત્તર પ્રદેશ-બિહાર સહિત ૧૮ રાજ્યોમાં વરસાદનું રેડ એલર્ટ

### ઉત્તરાખંડમાં ભૂસ્ખલનથી ૧૨૬ રસ્તા બંધ : દિલ્હીમાં યમુનામાં ૪ બાળકો તણાયા

નવી દિલ્હી, તા.૧૩

દેશના મોટાભાગના વિસ્તારોમાં ચોમાસાની ગતિ ધીમી પડી ગઈ છે. હવામાન વિભાગ (IMD) અનુસાર, હાલમાં ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, પશ્ચિમ બંગાળ અને પૂર્વોત્તરમાં જ સારો વરસાદ થઈ રહ્યો છે. જોકે, આજે બિહાર અને પશ્ચિમ બંગાળ સહિત ૧૮ રાજ્યો માટે વરસાદનું રેડ એલર્ટ છે.

ઉત્તરાખંડમાં સતત વરસાદને કારણે ઘણી જગ્યાએ ભૂસ્ખલન થયું છે. ૨ નેશનલ હાઈવે સહિત ૧૨૬ રસ્તાઓ બંધ છે. સ્યાનાચટ્ટી પાસે ઋષિકેશ-યમુનોત્રી હાઈવે રવિવારે સતત ત્રીજા દિવસે પણ બંધ રહ્યો. તવાઘાટ-ગુંજી હાઈવે પણ કાટમાળ આવવાને કારણે બંધ છે.

હરિયાણામાં હિમાચલથી આવી રહેલા પાણીને કારણે યમુના અને મારકંડા નદીમાં પાણી વધી ગયું છે. આનાથી ઘણા ગામોમાં પૂર જેવી સ્થિતિ છે. દિલ્હીમાં રવિવારે યમુના નદીમાં નહાવા ગયેલા ૪ બાળકો તેજ પ્રવાહમાં તણાઈ ગયા. મોડી રાત સુધી ચાલેલા સર્ચ ઓપરેશનમાં ૨ બાળકોના મૃતદેહ મળી આવ્યા.

હવામાન વિભાગે આજે યુપી, બિહાર સહિત ૧૮ રાજ્યોમાં વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે.

અનુસંધાન પાના ૭ પર



# બેંગકોકના પબમાં ભીષણ આગ

## ૨૭ લોકો ભડથું, ૬૦ થી વધુ ઘાયલ

### ડાન્સ બારમાં સ્ટેજ પાસે શોર્ટ સર્કિટ થતા ભયાનક આગ ફાટી નિકળી

નવી દિલ્હી, તા.૧૩

થાઈલેન્ડની રાજધાની બેંગકોકમાં રવિવારે મોડી રાત્રે એક બારમાં આગ લાગવાથી ૨૭ લોકોના મોત થયા હતા, જ્યારે ૬૩ લોકો ઘાયલ થયા હતા. થાઈ અધિકારીઓના જણાવ્યા અનુસાર, આગ લાગવાનું કારણ વીજળીના સિસ્ટમમાં ખામી હોઈ શકે છે.

તમામ ઘાયલોની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. આગ લાગવાના કારણની તપાસ હજુ ચાલુ છે. ફાયર બ્રિગેડ વિભાગે જણાવ્યું કે તેમને રાત્રે ૧૨ વાગ્યે આગ લાગવાની જાણ થઈ હતી. લગભગ ૩૦ મિનિટની જહેમત બાદ આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો, પરંતુ ત્યાં સુધીમાં ઈમારતનો મોટો ભાગ બળી ગયો હતો.ઘટનાસ્થળે હાજર એક સંગીતકારે જણાવ્યું કે વીજળી જવાથી થોડા સમય પહેલા સ્ટેજ પાસે લાગેલા સર્કિટ બ્રેકરમાંથી ધુમાડો નીકળતો દેખાયો હતો. ત્યારબાદ એક ધડાકાનો અવાજ આવ્યો અને જોતજોતામાં આખા પબમાં ધુમાડો ભરાઈ ગયો.

તેમણે જણાવ્યું કે ઘણા લોકો જીવ બચાવવા માટે ઈમારતના પાછળના ભાગમાં આવેલા ટોયલેટમાં ઘૂસી ગયા હતા, જ્યાં શ્વાસ રૂંધાવાથી તેમનું મોત થયું હતું. થાઈલેન્ડના વડાપ્રધાન અનુતિન ચાર્નવીરાકુલે ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી. તેમણે કહ્યું કે તમામ મૃતદેહો મળી આવ્યા છે.રિપોર્ટ્સ અનુસાર, ફાયર ફાઈટરોએ લગભગ અડધા કલાકમાં આગ પર કાબૂ મેળવી લીધો હતો, પરંતુ ત્યાં સુધીમાં મોટું નુકસાન થઈ ચૂક્યું હતું.આ બાર બેંગકોકના ચાતુચક જિલ્લામાં આવેલો છે. સ્થાનિક સ્તરે તેને રોંગ બીયર ના લાટ ફાઓ નામથી ઓળખવામાં આવે છે. તે વિસ્તારનું લોકપ્રિય રેસ્ટોરન્ટ અને મનોરંજન સ્થળ માનવામાં આવે છે.આગ ઓલવાયા પછીની તસવીરોમાં બારની બહાર મોટી સંખ્યામાં બોડી બેગ્સ રાખેલા જોવા મળ્યા. સમગ્ર વિસ્તારને પોલીસે ઘેરી લીધો હતો. અંદરનું ફર્નિચર, દિવાલો અને છત સંપૂર્ણપણે કાળી પડી ગઈ હતી.

અનુસંધાન પાના ૭ પર

# હોર્મુઝ સ્ટ્રેટ બંધ થતા ફરી પેટ્રોલીયમની અછતનું સંકટ

### ફરી યુદ્ધ જેવી સ્થિતિ ઉદ્ભવતા ઈરાને હોર્મુઝ ખાડી બંધ કરી દીધી

નવી દિલ્હી, તા.૧૩

તહેરાનઃ ઈરાન સાથેની સમજુતીનો અંત લાવ્યા બાદ અમેરિકાએ ફરી એક વખત ઈરાન પર મોટા હુમલા શરૂ કરી દીધા છે અને અમેરિકી સેન્ટ્રલ કમાન્ડના જણાવ્યા મુજબ ઈરાનને 'પાઠ' ભણાવવા આ હુમલા કરવામાં આવી રહ્યા છે તો ઈરાને પણ વળતા હુમલામાં ગલ્ફ દેશોમાં અમેરિકી સેના મથકોને નિશાન બનાવ્યા છે.

ઈરાન અમેરિકા વચ્ચે ફરી યુદ્ધ શરૂ થતા જ હોર્મુઝ જળમાર્ગ ફરી બંધ થયાના સંકેત છે. અમેરિકી દળોએ હોર્મુઝ જળમાર્ગ અને તેની આસપાસના ઈરાની જહાજો ઉપરાંત તહેરાનમાં તથા આ તમામ પાણી-વિજ પ્લાંટ નિશાન બનાવ્યા હતા.ખાસ કરીને દરિયામાં રહેલી ઈરાનના રીવોલ્યુશનરી ગાર્ડની વિધ્વંશક બોટસને નિશાન બનાવી હતી જે આ ક્ષેત્રમાં વ્યાપારી જહાજો પર હુમલા કરી રહી હતી. ૬૦ દિવસની સમજુતી પુરી રીતે ભાંગી પડી છે તથા રવિવારે અમેરિકી સેનાએ વધુ ૧૪૦ સ્થળો પર હુમલા કર્યા હતા.

અનુસંધાન પાના ૭ પર

### અમેરિકા-ઈરાનના સામ સામા હુમલા

# સાઉથ કોરીયાનું બજાર ૮ ટકા તૂટી જતા ૨૦ મિનિટ માટે ટ્રેડીંગ બંધ

### પરમાણું બોમ્બ કરતા હોર્મુઝ સ્ટ્રેટ ઈરાન માટે વધુ મહત્વ ધરાવે છેઃ મોહસિન રેઝાઈ

નવી દિલ્હી, તા.૧૩૨

અમેરિકાએ રવિવારે ઈરાનમાં ૧૪૦ ઠેકાણાઓ પર મિસાઈલ અને ડ્રોન હુમલા કર્યા. આ હુમલા કિશ્મ, સીરિક, બંદર અબ્બાસ, જાસ્ક, બુશેહર, ખોંદાબ, બંદર મહશહર, બેહબહાન, અંદીમેશ્ક, દેજફુલ, અહવાઝ, અબાદાન અને ખુર્રમશહર જેવા વિસ્તારોમાં કરવામાં આવ્યા.તેના જવાબમાં ઈરાને સોમવારે કુવૈત અને બહેરીનમાં અમેરિકી સૈન્ય ઠેકાણાઓ પર હુમલાનો દાવો કર્યો. IRGC અનુસાર, કુવૈતના અલી અલ-સલેમ એરબેઝ પર ઈંધણ ટેન્ક અને પેટ્રિયટ એર ડિફેન્સ સિસ્ટમને નિશાન બનાવવામાં આવ્યા. સાથે જ અહમદ અલ-જાબેર એરબેઝના રડાર સિસ્ટમ પર પણ હુમલો કરવામાં આવ્યો.આ પહેલા IRGC એ બહેરીનના શેખ ઈસા એરબેઝ પર પણ હુમલાનો દાવો કર્યો હતો. સંગઠન અનુસાર, ત્યાં હેલિકોપ્ટર જાળવણી કેન્દ્ર, P-૮ વિમાનના હેંગર અને અમેરિકી સેનાના ડ્રોન કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરને નિશાન બનાવવામાં આવ્યા.જ્યારે, ઈરાનના સુપ્રીમ લીડર મુજતબા ખામેનીના સલાહકાર મોહસિન રેઝાઈએ કહ્યું છે કે હોર્મુઝ સ્ટ્રેટ ઈરાન માટે ઘણા પરમાણુ

અનુસંધાન પાના ૭ પર

# ઝીરો લેન્ડ ફીલ પિલગ્રિમેજ યોજના અમરનાથ યાત્રામાં કચરો નહીં થાય

### તમામ પ્રકારના કચરાનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરાશે

નવી દિલ્હી, તા.૧૩

અમરનાથ યાત્રા દેશની પ્રથમ 'ઝીરો લેન્ડફિલ પિલગ્રિમેજ' બનવા જઈ રહી છે. ૩ જુલાઈથી ૨૮ ઓગસ્ટ સુધી ચાલનારી આ યાત્રામાં ચાર લાખથી વધુ શ્રદ્ધાળુઓ ભાગ લેશે. તેમ છતાં, કોઈ કચરો લેન્ડફિલમાં જશે નહીં.જમ્મુ-કાશ્મીર પ્રશાસને શ્રી અમરનાથ જી યાત્રા-૨૦૨૬ને 'ઝીરો લેન્ડફિલ પિલગ્રિમેજ' બનાવવાનું લક્ષ્ય નક્કી કર્યું છે. આ અંતર્ગત યાત્રા માર્ગ પર નીકળતા કચરાને સંસાધનમાં રૂપાંતરિત કરવામાં આવી રહ્યો છે. ખચ્ચરોના છાણમાંથી બાયોગેસ બનાવવામાં આવશે.પ્લાસ્ટિક કચરાને ઘટાડવા માટે વોટર એટીએમ લગાવવામાં આવ્યા છે અને સમગ્ર માર્ગ પર વૈજ્ઞાનિક રીતે ઘન અને પ્રવાહી કચરાનું વ્યવસ્થાપન કરવામાં આવી રહ્યું છે. આ પહેલ સ્વાહા રિસોર્સ મેનેજમેન્ટ અને જમ્મુ-કાશ્મીરના ગ્રામીણ સ્વચ્છતા વિભાગ દ્વારા કરવામાં આવી રહી છે.અંદાજ છે કે અહીં લગભગ ૭૦૦ મેટ્રિક ટન કચરો નીકળશે. આ માટે બાલતાલ અને પહેલગામ બંને માર્ગો પર ડસ્ટબિન લગાવવામાં આવ્યા છે અને વિશેષ સફાઈ દળો તૈનાત કરવામાં આવ્યા છે, જે ઘન અને પ્રવાહી બંને પ્રકારના કચરાનું સંગ્રહ અને વૈજ્ઞાનિક નિકાલ કરી રહ્યા છે.ગ્રામીણ સ્વચ્છતા વિભાગના મહાનિર્દેશક અનુ મલ્હોત્રા જણાવે છે કે યાત્રા શરૂ થયાના પહેલા

અનુસંધાન પાના ૭ પર

# બે ટ્રકની વચ્ચે પિકઅપ સેન્ડવીચ બની : ૧૩નાં મોત

### ઇન્ડોનેશિયામાં ભયાનક અકસ્માતમાં પાંચ ગંભીર રીતે ઘાયલ

**જાવા (ઈન્ડોનેશિયા), તા.૧૩**

ઈન્ડોનેશિયાના મુખ્ય દ્વીપ પર લગ્ન સમારોહથી પાછા ફરી રહેલા મહેમાનોની પિકઅપ વન હાઈવે પર હે ટ્રકો વચ્ચે સેન્ડવીચ થઇ ગઇ હતી. આ ભીષણ અકસ્માતમાં ૧૩ લોકોના મોત થયા હતા અને પાંચ લોકો ઘાયલ થયા હતા. આ અકસ્માત ગઇકાલે થયો હતો.પ્રારંભિક જાણકારી મુજબ પીકઅપ વાને યુ-ટર્ન લેતી વખતે પાછળથી ટ્રકની બાદ બીજા લેનમાં વાન પહોંચી ગઇ, જ્યાં સામેથી આવતા અન્ય ટ્રક સાથે ટક્કર થઇ ગઇ હતી. પોલીસના જણાવ્યા મુજબ બધા લોકો એક ખુલી પિકઅપમાં સવાર હતા.હાઈવે પર યુટર્ન લેવા માટે ચાલકે ડિવાઇડરના કટ પાસે વાહનની ગતિ ધમી કરી અને તેને રોકી દીધી, ત્યારે પાછળથી એ દિશામાં આવી રહેલ એક વિંગ બોક્સ ટ્રકે પિકઅપ વાનને જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કરથી પિકઅપ સામેની લેનમાં પહોંચી જ્યાં સામેથી આવતા ટ્રકે તેને ટક્કર મારી હતી.

### સુરત પૂરના નુકસાન સામે વરાછા બેંકની મોટી રાહત

# ૯ ટકા વ્યાજે રૂ. ૫ લાખ સુધીની 'ફ્લડ લોન' યોજના જાહેર

**પૂર અને પાણી ભરાવા સામે રક્ષણ આપતી વિશેષ વીમા યોજના અને 'ફ્લડ લોન' યોજનાનું લોન્ચિંગ કરતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી**



સુરત, તા.૧૩

સુરતમાં ભારે વરસાદ અને પુરના કારણે શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાયા હતા. અણધારી આવી પડેલી આફતના સમયે અનેક ઔદ્યોગિક તેમજ રહેણાંક વિસ્તારોમાં પાણી ભરાઈ જવાથી ઉદ્યોગો, વેપારી સ્થળો અને રોજગારને નુકસાન પહોંચ્યું છે તેવા સમયે સુરતની ધી વરાછા કો-ઓપ.બેક લિ. દ્વારા માત્ર ૯% વ્યાજે રૂ. ૫ લાખ સુધીની 'ફ્લડ લોન' યોજના અને પૂર અને પાણી ભરાવા સામે સુરક્ષા આપતી નવી વીમા યોજનાઓનું લોન્ચિંગ નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીના હસ્તે કરવામાં આવ્યુ હતું.

સુરત શહેરમાં તાજેતરમાં ભારે વરસાદના કારણે ઊભી થયેલી સંવેદનશીલ પરિસ્થિતિ વચ્ચે નાયબ મુખ્યમંત્રીએ સુરતના નાગરિકોની જિંદાદિલી અને સંકટ સમયે એકબીજાને મદદ કરવાની ભાવનાને વંદન કર્યા હતા.વરાછા બેંકની મુખ્ય કચેરી ખાતે આયોજીત કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, પૂરના કારણે થયેલા નુકસાનનું સાચું આકલન કરવા માટે સરકાર દ્વારા ૭૨ કલાકમાં સર્વે પૂર્ણ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે, જેમાંથી ૮૦ ટકા કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે. નાની-મોટી ઈન્ડસ્ટ્રીઝો, દુકાનો અને કોમર્શિયલ એકમોને થયેલા નુકસાનનો અહેવાલ તૈયાર થઈ રહ્યો છે. જેના આધારે રાજ્ય સરકાર દ્વારા ટૂંક સમયમાં રાહત પેકેજ જાહેર કરવામાં આવશે.

### બેંકે આકર્ષક શરતો જાહેર કરી છે

આપત્તિના સમયે સુરક્ષિત કાલ માટે રૂ. ૫ લાખ સુધીની લોન સહાય. ગ્રાહકો પર આર્થિક બોજ ન પડે તે માટે વ્યાજ દર માત્ર ૯ ટકા રાખવામાં આવ્યો છે. લોનની ભરપાઈ કરવા માટે ૬૦ મહિનાનો લાંબો સમયગાળો આપવામાં આવશે. આ લોન મેળવવામાં કોઈ તકલીફ ન પડે તે માટે વરાછા બેંકની મુખ્ય કચેરી ખાતે એક ખાસ ડેડિકેટેડ સ્પેસ પણ તૈયાર કરવામાં આવ્યું છે, જ્યાંથી અરજદારોને ત્વરિત માર્ગદર્શન અને લોનની મંજૂરી મળી રહેશે.

નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, સુરતની માટીમાં મુશ્કેલીઓ સામે લડવાની અને પોઝિટિવિટી સાથે બેઠા થવાની તાકાત છે. સરકાર અને સ્થાનિક સામાજિક સંસ્થાઓ સાથે મળીને ટૂંક સમયમાં જ સુરતને ફરી બેઠું કરવા માટે કટિબદ્ધતા વ્યક્ત કરી હતી.

આફત સમયે વરાછા બેંક તમારી સાથેની ઉક્તિને વરાછા બેંકે સાચા અર્થમાં સાકારિક કરી છે. સંકટ સમયે વરાછા બેંકની આ ઉમદા પહેલને બિરદાવી હતી. મુશ્કેલીના આ સમયમાં વરાછા કો-ઓપરેટિવ બેંકે સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવતા પૂરગ્રસ્તો માટે માત્ર ૯ ટકા ના વ્યાજદરે રૂ. ૫ લાખ સુધીની 'ફ્લડ લોન' આપવાની જાહેરાત કરી છે જે બદલ અભિનંદન પાઠવ્યા હતા.

આ અવસરે આરોગ્ય રાજયમંત્રી પ્રફુલભાઈ પાનસેરીયાએ પણ વરાછા બેંક પ્રશંસા કરીને આ ઉમદા નિર્ણયથી નાના વેપારીઓને મહત્તમ ફાયદો થશે તેમ જણાવ્યું હતું. આ અવસરે ધારાસભ્યશ્રી પ્રવિણભાઈ ઘોઘારી તથા બેંકના ચેરમેન નરેન્દ્રભાઈ કાકડીયા, વિઠ્ઠલભાઈ ધાનાણીએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. આ અવસરે ધારાસભ્ય કાંતિ બલર, અગ્રણી જયંતિભાઈ એકલેરા, મનહરભાઈ સાચપરા તથા મુકેશભાઈ પટેલ તથા અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કેન્દ્રીય શિક્ષણ રાજયમંત્રી જયંત ચૌધરી દ્વારા ગુરૂકૃપા વિદ્યાલયને એવોર્ડ અર્પણ

**ગુરૂકૃપા વિદ્યાલયનું શિક્ષણધિકારી કચેરી દ્વારા બહુમાન કરાયું**



સુરત, તા.૧૩

શિક્ષણ ક્ષેત્રમાં શ્રેષ્ઠ કામગીરી કરનારા આચાર્યો અને શાળાને બિરદાવવા જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી સુરત અને જીઈદ્ધ નોલેજ ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે શિક્ષા કે શિલ્પકાર સેરેમનીનું આયોજન કરાયુ હતું. આ કાર્યક્રમ અંતર્ગત સુરત શહેરની વિવિધ શાળાઓ પૈકી મોરાભાગળ સ્થિત ગુરુકૃપા વિદ્યાલયનું બોર્ડમાં ૧૦૦% પરિણામ લાવવા બદલ જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી દ્વારા સન્માન કરાયું હતું. શાળાનું બોર્ડમાં ૧૦૦% પરિણામ મેળવવા બદલ કેન્દ્રીય શિક્ષણ રાજ્ય મંત્રી જયંત ચૌધરી, સાંસદ ગોવિંદ ધોળકીયા, સાઉથ ગુજરાત યુનિવર્સીટીના કુલપતી ડૉ.કિશોરસિંહ ચાવડા તથા જિલ્લા શિક્ષણ અધિકારી ડૉ.ભગીરથસિંહ પરમારની ઉપસ્થિતિમાં સંજીવકુમાર ઓડિટોરીયમ, પાલ ખાતે ગુરૂકૃપા વિદ્યાલયના વાઈઝ પ્રિન્સીપલ વંદના પટેલને એવોર્ડ આપી સન્માનિત કરાયા હતા.

શાળાને અનોખી કાર્યશૈલી અને ૧૦૦% પરિણામ મેળવવા બદલ શાળાના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ.નૈલેષ પટેલ અને ડૉ.વિજય પટેલે શાળાના આચાર્ય દિનેશભાઈ લિંબાચિયા, સુપરવાઈઝર સિમા સીગ, પિન્કી સુરતી તથા શાળાના શિક્ષકો અને સ્ટાફગણને અભિનંદન આપી શુભેચ્છા પાઠવી હતી. શાળાના વાઈઝ પ્રિન્સીપલ વંદના પટેલ દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ માં સુસજ્જ રહી ૧૦૦% પરિણામ લાવવાની પહેલ કરી ફરીથી વિદ્યાર્થી અને શિક્ષકોને સફળ થવા શુભેચ્છા પાઠવી હતી. આ તબક્કે ૧૦૦% પરિણામ બદલ રાંદેર અને અડાજણ સહિત સુરત વિસ્તારના શિક્ષણ જગતમાંથી ગુરૂકૃપા વિદ્યાલયને અભિનંદન અપાયા હતા.




**નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુરત સંચાલિત શાળા નંબર ૩૪૮ માં ધો ધોરણ -૫ એ ના બાળકો માટે વર્ગ શિક્ષક જીતુ ભાઈ મકવાણા એ સુલેખન સ્પર્ધા નું આયોજન કર્યું હતું, આ સ્પર્ધામાં ૪૦ વિદ્યાર્થીઓ એ ભાગ લીધો હતો, આ સ્પર્ધા માં પ્રથમ નંબરે ભાલાળા વ્રતી, બીજા નંબરે કાવ્યા દોમડીયા અને ત્રીજા ક્રમે કક્ષ રાંક ને આચાર્ય શ્રી શૈલેષભાઈ પટેલ ના હસ્તે ઈનામ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા, સાહેબ શ્રી એ બાળકો ને જીવનમાં અક્ષર સારા હોય તમારું જીવન પણ સુંદર બને તેવું પ્રવચનમાં જણાવી ને બાળકો અને શિક્ષક શ્રી ને અભિનંદન પાઠવ્યા હતા.**

**શહેરના છ તાલુકામાં ૨૮૭૭ લાભાર્થીઓને**

# કુલ રૂ. ૬૫.૨૧ લાખથી વધુની ઘરવખરી સહાયનું વિતરણ

સુરત, તા.૧૩

સુરત શહેરમાં અને તેના આજુબાજુના વિસ્તારોમાં સર્જાયેલી પૂરની પરિસ્થિતિને ધ્યાને રાખીને, રાજ્ય સરકારના દિશા-નિર્દેશો અનુસાર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અસરગ્રસ્ત નાગરિકોને ત્વરિત આર્થિક રાહત આપવાની કામગીરી અત્યંત વેગવંતી બનાવવામાં આવી છે. સુરત જિલ્લા કલેક્ટર તેજસ પરમારના માર્ગદર્શન હેઠળ તા.૧૧મી જુલાઈના રોજ શહેરના છ અસરગ્રસ્ત તાલુકાઓમાં કુલ ૨૮૭૭ લાભાર્થીઓને કુલ રૂ. ૬૫.૨૧ લાખથી વધુની આર્થિક સહાય પેટે કેશડોલ્સ તેમજ ઘરવખરી નુકસાનીની સહાય ચૂકવવામાં આવી છે. આજરોજ હાથ ધરવામાં આવેલી કામગીરી અંતર્ગત સાંજના ૬.૦૦ વાગ્યા સુધીમા શહેરના ૬ અસરગ્રસ્ત તાલુકા વિસ્તારોમાં કુલ ૧૯૧૮ લાભાર્થી કુટુંબોને ત્વરિત આર્થિક રાહત પૂરી પાડવા માટે રૂ.૧૭.૨૬ લાખથી વધુની કેશડોલ્સ સહાય ચૂકવવામાં આવી છે. તાલુકાવાર વિગતો જોઈએ તો, કતારગામ તાલુકામાં ૮૪ અસરગ્રસ્તોને રૂ.૭૫,૬૦૦, મજુરા તાલુકામાં ૮૬ લાભાર્થીઓને રૂ.૭૭,૪૦૦ તેમજ અબ્રામા તાલુકામાં ૮૨ લાભાર્થીઓને રૂ. ૭૩,૮૦૦ ચૂકવાયા છે. સૌથી વધુ સહાય ઉધના તાલુકામાં ૧,૬૬૬ અસરગ્રસ્તોને રૂ. ૧૪.૯૯ લાખથી વધુની રોકડ કેશડોલ્સ સહાય ચૂકવીને પૂરપીડિતોને આફતના સમયે મોટી રાહત આપવામાં આવી છે.વિશેષ રૂપે, આજે દિવસ દરમિયાન સર્વેની

**અનુસંધાન પાના ૭ પર**



**સુરત જીલ્લા માંહ્યાવંશી વેલ્ફેર એન્ડ એજ્યુકેશન સોસાયટી દ્વારા સંચાલિત એક સંસ્થા દ્વારા વર્ષ ૨૦૨૬-૨૦૨૭ ની વાર્ષિક સામાન્ય સભા યોજાઈ જેમા સભા સંચાલન પ્રમુખ તરીકે કાંતિભાઈ રાંદેરીઆ ની તરીકે વરણી કરવામાં આવી જેમા નવી કમિટી બનાવવામાં આવી હતી જેને સામાન્ય સભા દ્વારા મંજુરી આપવામાં આવી જેમા શ્રી બંળવંતભાઈ ભેસાંણીઆ પ્રમુખ- અને અન્ય ઉપપ્રમુખ-મહામંત્રી-મંત્રી-અને ખજાનચી તરીકે તેમજ અન્યો હોદ્દેદારો ની નિમણૂક કરવામાં આવી હતી.**

# પાવરગ્રીડ લાઇન મુદ્દે ખેડૂતોની બેઠક યોજાઇ થાંભલા ઉખેડી ને ફેંકી દેવા સુધીનો નિર્ધાર

**ઓલપાડના મોરથાણ ગામે ખેડૂત સમાજના આગેવાનોએ બેઠક યોજી : ખેડૂતોએ લડી લેવા માટે એકસૂરે વિરોધ નોંધાવ્યો**

સુરત, તા.૧૩

પાવર ગ્રીડ કોર્પોરેશન લિમિટેડ દ્વારા પાવરગ્રીડ છેતરપિંડી સામે દક્ષિણ ગુજરાતના જિલ્લાઓના જે ગામડાઓમાંથી હાઈ ટેન્શન લાઈન પસાર થનાર છે તે અંગે અસરગ્રસ્ત ખેડૂતોની એક અગત્યની બેઠક ઓલપાડ તાલુકાના મોરથાણ ગામે યોજાઈ હતી. આ બેઠકમાં સરકાર માલેતુજારોની સરકાર હોવાની વાતો કરી ખેડૂત અગ્રણીઓ દ્વારા પ્રહાર કરવામાં આવ્યા હતા. આગામી તા.૧૪મીએ સુરત કલેક્ટર કચેરી ખાતે કલેક્ટરને આવેદન પાઠવી ખેડૂતોને બજાર કિંમતના ચાર ગણા ભાવ આપવા માટે રજૂઆત કરવામાં આવશે.

આજની મોરથાણ ખાતેની બેઠકમાં સુરત જિલ્લાના કામરેજ, પલસાણા, બારડોલી સહિતના તાલુકાના અસરગ્રસ્ત ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં મોટી સંખ્યામાં સહકારી, શૈક્ષણિક, સામાજિક આગેવાનો પણ હાજર રહ્યા હતા. સૌ આગેવાનોએ પાવરગ્રીડ અને સરકારની ખેડૂત વિરોધી નીતિને વખોડી કાઢી હતી. આ પ્રસંગે દક્ષિણ ગુજરાત ખેડૂત સમાજના પ્રમુખ રમેશ પટેલે પ્રેરક ઉદબોધન કર્યું હતું. ખેડૂતોના પ્રશ્ને સંગઠિત થઈ લડી લેવાની વાત કરી હતી. આ પ્રસંગે ખાસ ઉપસ્થિત ગુજરાત કોંગ્રેસ કિશાન સેલના પ્રમુખ જયેશ પટેલે(પાલ) પાવરગ્રીડ લાઈન મુદ્દે કાયદાકીય વિસ્તૃત ચર્ચા કરી હતી. તેમણે જણાવ્યું કે, આ સરકાર માલેતુજારોની સરકાર છે. આવનાર દિવસોમાં ઓલપાડ તાલુકામાં કુલ ૮ લાઈનો જનાર છે. જે કોઈ પણ વિસ્તારમાં કોઈ પણ ખેડૂતના ખેતરોમાંથી જઈ શકે એમ છે. સરકારની નીતિ ખેડૂત વિરોધી અને ઉદ્યોગોને લાભ કરનારી છે. જો ખેડૂત સંગઠિત ન થશે તો આવનાર દિવસોમાં ખૂબ કપરા આવવાના છે. ભૂતકાળમાં અમે સર, એક્સપ્રેસ હાઈવે આંદોલન જેવા અનેક આંદોલનો સરકાર સામે કર્યા છે. ફરી એક વખત સરકાર સામે બાંયો ચઢાવવાનો સમય પાકી ગયો છે. આ મિટિંગમાં ઉપસ્થિત ખેડૂત અગ્રણી દર્શન નાયકે પણ ખેડૂતોને સંગઠિત થવાની અપીલ કરી હતી. આ પ્રસંગે સુરત જિલ્લામાંથી જયેશ પટેલ, જયેન્દ્ર દેસાઈ, કૌશિક

**અનુસંધાન પાના ૭ પર**



# ગૃહ સ્વપ્ન કો.ઓ.હા. સોસાયટી લી. ખાતે ફ્રી મેડિકલ ચેકઅપ કેમ્પ

સુરત, તા.૧૩

આજ રોજ ગૃહ સ્વપ્ન કો.ઓ.હા. સોસાયટી લી. ખાતે નાકોડા ડાયગ્નોસ્ટિક એન્ડ રિસર્ચ સેન્ટર દ્વારા ફ્રી મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં વિવિધ ક્ષેત્રના તજજ્ઞ નિષ્ણાતો દ્વારા સુગર, કોલેસ્ટ્રોલ જેવા રોગોનું નિદાન કરી યોગ્ય માર્ગદર્શન અને સારવાર આપવામાં આવી હતી. મોટી સંખ્યામાં સોસાયટીના રહીશોએ હાજર રહીને આ ફ્રી મેડિકલ ચેકઅપ કેમ્પનો લાભ લીધો હતો. આ કેમ્પને સફળ બનાવવા માટે સોસાયટીના ચેરમેન કુસુમા સોમૈયા, ઉપપ્રમુખ સંજય રાઠોડ, મહામંત્રી નરેશ અંજીરવાલા, ખજાનચી કૈલાશબેન સુખિયાજીવાળા તથા સભ્યો ધર્મજ્ઞ દ્વિવેદી, કુલદીપ રાઠોડ, જયેશ સોનારકાવાળા અને સમાજના અગ્રણી રાપોલુ બચ્ચીરામુલુએ નોંધપાત્ર ફાળો આપ્યો હતો. આ કેમ્પના ઓર્ગાનાઈઝર ગૌરવભાઈ ઠાકુર હતા.

# વીમા ક્લેઈમ પ્રક્રિયા ઝડપી બનાવવા નોડલ અધિકારીઓની નિમણૂક થઈ

**ભારે વરસાદથી પ્રભાવિત વીમાધારકો માટે સુરત જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય**

સુરત, તા.૧૩

તાજેતરમાં સુરત જિલ્લામાં થયેલા ભારે વરસાદને કારણે વાહનો તેમજ સ્થાવર અને જંગમ મિલકતોને મોટા પાયે નુકસાન થયું છે. આ નુકસાનના સંદર્ભમાં અસરગ્રસ્ત નાગરિકોની ઈન્સ્યોરન્સ ક્લેમ (વીમા દાવો) પ્રક્રિયા સરળ, સુવિધાજનક અને ઝડપી બને તે હેતુસર તમામ જનરલ ઈન્સ્યોરન્સ કંપનીઓના પ્રતિનિધિઓ સાથે એક ખાસ સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી.

આ બેઠકમાં અસરગ્રસ્ત વીમાધારકોની સરળતા માટે તમામ ઈન્સ્યોરન્સ કંપનીઓને પોતાના નોડલ અધિકારીઓ નિયુક્ત કરવા સૂચના આપવામાં આવી છે. આ ઉપરાંત, પ્રભાવિત વિસ્તારોમાં પ્રોએક્ટિવ (સક્રિય) રીતે સર્વેની કામગીરી હાથ ધરવા, દાવાઓની નોંધણી પ્રક્રિયામાં ઓછામાં ઓછા જરૂરી દસ્તાવેજો સાથે સરળીકરણ કરવા અને ક્લેમની પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરી વીમાધારકોને જરૂરી તમામ સહાય અને માર્ગદર્શન પૂરું પાડવાના આદેશો અપાયા છે.

વિવિધ જનરલ ઈન્સ્યોરન્સ કંપનીઓ દ્વારા નોડલ અધિકારીઓની નિમણૂક કરી દેવામાં આવી છે. સંબંધિત કંપનીના નોડલ અધિકારીઓની યાદી તેમજ તેમના સંપર્ક નંબર મેળવવા માટે પ્રશાસન દ્વારા એક ઊઈકોડ જાહેર કરવામાં આવ્યો છે, જેને સ્કેન કરીને નાગરિકો વિગતો મેળવી શકશે.

ઈન્સ્યોરન્સ ક્લેમની પ્રક્રિયામાં કોઈ પણ પ્રકારની સમસ્યા, મુશ્કેલી કે માર્ગદર્શનની જરૂરિયાત હોય તેવા કિસ્સામાં જાહેર જનતા સંબંધિત કંપનીના નોડલ અધિકારીનો સીધો સંપર્ક કરી શકે છે.

જો વીમા કંપની સમક્ષ રજૂઆત કરવા છતાં સમસ્યાનું નિરાકરણ ન આવે અથવા આ બાબતે જિલ્લા વહીવટી તંત્ર સમક્ષ રજૂઆત કરવી હોય, તો નાગરિકો પોતાની વીમા પોલિસી તથા ક્લેમની વિગતવાર માહિતી સાથે dashboardinsurance@gmail.com પર ઈ-મેઈલ દ્વારા રજૂઆત કરી શકશે. પ્રાપ્ત થયેલી રજૂઆતો અંગે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સંબંધિત ઈન્સ્યોરન્સ કંપની સાથે જરૂરી સંકલન સાધીને ત્વરિત યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.તેમ સુરત આર.ટી.ઓ.ની યાદીમાં જણાવાયું છે.



# અસનાદ ગામમાં ગાયત્રી પરિવાર દ્વારા ગૃહે ગૃહે યજ્ઞ અભિયાન

સુરત, તા.૧૩

હરિદ્વાર માં ૨૦૨૬ ના વર્ષ પરમ પૂજ્ય પંડિત શ્રી રામ શર્મા આચાર્ય ની સાધનાના, અખંડ દિપ પ્રાગટય ના એવમ પરમ વંદનીય ભગવતી માતાજી ના અવતરણ ના ત્રિવેણી સંગમ સમા શતાબ્દી વર્ષ મહોત્સવ અંતર્ગત અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર ની જન જાગરણ યોજના અભીયાન મુજબ ગૃહે ગૃહે ગાયત્રી યજ્ઞ, હર ઘર યજ્ઞ પરિયોજના શૃંખલા અન્વયે ઓલપાડ તાલુકાના અસનાદ ગામમાં ૧૦૦ થી વધુ ઘરો માં રાંદેર રોડ તાડવાડી શક્તિપીઠ તથા મોરા ભાગળ ગાયત્રી પ્રજ્ઞા પીઠ ના સંયુકત ઉપક્રમે ગાયત્રી પરિજનો દ્વારા ઘરે ઘરે જઈ ને સંસ્કારી પેઢી ના સંકલ્પ દ્વારા દેવ સંસ્કૃતિ ની પુનઃ સ્થાપના કરી, સશક્ત અને સમર્થ સનાતની રાષ્ટ્ર નિર્માણ કાજે લઘુ યજ્ઞ કરવામાં આવ્યો.સાથે પરમ પૂજ્ય પંડિત શ્રી રામ શર્મા આચાર્યના સુવિચારો નું સિંચન કરવામાં આવ્યું .આ સાથે મોરા ભાગળ ગાયત્રી પ્રજ્ઞા પીઠનો નવમો ગૃહે ગૃહે ગાયત્રી લઘુ યજ્ઞ છે.

# સર્વોદય જનકલ્યાણ ચેરિટેબલ ટ્રસ્ટની દ્વિતીય વાર્ષિક સાધારણ સભા યોજાઇ

સુરત, તા.૧૩

સર્વોદય જનકલ્યાણ ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત ની દ્વિતીય વાર્ષિક સાધારણ સભા ઓલપાડના સાંધીએર મુકામે યોજવામાં આવી હતી. જેમાં વિવિધ કાર્યક્રમ યોજવાની જાહેરાત કરાઈ હતી. આ પ્રસંગે એજન્ડાના તમામ કામોને બહાલી આપવામાં આવી હતી.

ગરીબ અને જરૂરતમંદ લોકો માટે કાર્યરત સર્વોદય જનકલ્યાણ ચેરિટેબલ ટ્રસ્ટ, સુરત ની દ્વિતીય વાર્ષિક સાધારણ સભાનું આયોજન ઓલપાડ તાલુકાના સાંધીએર મુકામે કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટના પ્રમુખ દર્શનભાઈ નાયકના અધ્યક્ષસ્થાને યોજાયેલ આ સેવાકીય કાર્યક્રમના પ્રારંભમાં સ્વાગત પ્રવચન ટ્રસ્ટના મંત્રી જયેન્દ્ર દેસાઈએ કર્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત ટ્રસ્ટના જોઈન્ટ



**એજન્ડાના તમામ કામોને બહાલી, આવનાર દિવસોમાં સરદાર કે ગાંધી કથા આયોજન કરવાનું સૂચન**

સેક્રેટરી બાદલ પટેલ(પત્રકાર), ખજાનચી નટુભાઈ પટેલ(ડભોલી), ટ્રસ્ટી રાજુભાઈ પરમાર, નસરૂભાઈ શેખ સહિતના ટ્રસ્ટીઓએ ટ્રસ્ટને મદદરૂપ થવા આહવાન કર્યું હતું. જે બાદ ટ્રસ્ટના કામોની એજન્ડા મુજબ શરૂઆત કરવામાં આવી હતી. ટ્રસ્ટના ખજાનચી નટુભાઈ પટેલે ગત વર્ષના વાર્ષિક અહેવાલ અને હિસાબો રજૂ કર્યા હતા. જેને ઉપસ્થિત સૌ કોઈએ મંજૂર રાખ્યું હતું. જાવક કરતા આવકનો વધારો

**અનુસંધાન પાના ૭ પર**

# શિક્ષણની પરબ દ્વારા શિક્ષણ સામગ્રીઓનું વિતરણ કરાયું

**બામસેફ ઈન્સાફના ઉપક્રમે શિક્ષણની પરબ અંતર્ગત કાર્યક્રમ યોજાયો**




ભરૂચ, તા.૧૩

બામસેફ- ઈન્સાફ - ભારત રાષ્ટ્ર મહિલા ગૃહ ઉદ્યોગ દ્વારા જરૂરીયાત વાળા વિધાર્થીઓ ને શૈક્ષણિક ક્ષેત્રે કારમી મોંઘવારીમાં શિક્ષણ થી વંચિત રહી જાય નહીં જે અન્વયે "શિક્ષણ ની પરબ" કાર્યક્રમ થકી શિક્ષણ ની સામગ્રી વિતરણ કાર્યક્રમ આયોજીત કરવામાં આવેલ હતો, જેમાં નારાયણ ચેરીટેબલ ટ્રસ્ટ -ફિલાટેક્ષ ઈન્ડિયા લિમિટેડ કંપની, અનિલભાઈ વસાવા, રમણભાઈ પરમાર થકી શિક્ષણ સામગ્રી ની વ્યવસ્થા કરી હતી, કાર્યક્રમ નાં અધ્યક્ષ સ્થાને મા.સુષ્માબેન વસાવા પ્રમુખ બામસેફ ભરૂચ જિલ્લા, મહેમાનો મા.હેમંતભાઈ પ્રજાપતિ ચેરમેન નારાયણ ચેરીટેબલ ટ્રસ્ટ,ડૉ.બી.જી.પ્રજાપતિ નારાયણ વિદ્યાલય,મા.રાજેશકુમાર.શર્મા ફિલાટેક્ષ ઈન્ડિયા લિમિટેડ કંપની,આર.એન.બગેરીયા એકેડેમી નાં પ્રિન્સીપાલ મા.નૂતનબેન અગ્રવાલ, મા.મોહનભાઈ.પરમાર રાષ્ટ્રીય અધ્યક્ષ ઈન્સાફ, મા. બાબાહરજીતસિગ ચાદર સાહેબ ગુરૂદ્વારા,મા.કે.કોળી નિવૃત્ત મામલતદાર, મા.રમણભાઈ પરમાર ચાવજવાલા,મા.ભાનુબેન જોગધીયા પ્રમુખ બી.એમ.જી.ભરૂચ,મા.જે.વી.પરમાર રાષ્ટ્રીય અધ્યક્ષ બી.એમ.જી, મા.શાતિલાલ રાઠોડ મહાસચિવ બામસેફ ગુજરાત,મા.બેચરભાઈ રાઠોડ પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ બામસેફ વિગેરે એ મોટી સંખ્યામાં ઉપસ્થિત વિધાર્થીઓ સામાજિક કાર્યકર મિત્રો,

**અનુસંધાન પાના ૭ પર**

# લો-કાર્બન કેમિકલ ઉત્પાદનની દિશામાં આગળ વધવા અદાણી-ડાયોક્સીકલ વચ્ચે ભાગીદારી

અમદાવાદ, ૧૦ જુલાઈ ૨૦૨૬: ભારતમાં લો-કાર્બન રાસાયણિક ઉત્પાદનને વિકાસની નવી દિશા આપવા અને તેને વ્યાપક સ્તરે લઈ જવા માટે અદાણી સમૂહની ફ્લેગશિપ કંપની અદાણી એન્ટરપ્રાઈઝ લિ. (AEL) અને રાસાયણિક ઉત્પાદન ક્ષેત્રે વિશિષ્ટતા ધરાવતી ફ્રાન્સની અગ્રણી ક્લીન-ટેકનોલોજી કંપની ડાયોક્સીકલ દ્વારા આજે લાંબા ગાળાની વ્યૂહાત્મક ભાગીદારીની જાહેરાત કરવામાં આવી છે.

અદાણી સમૂહની ઔદ્યોગિક સાઈટ્સ પરથી કેપ્ચર કરાયેલા કાર્બન ડાયોક્સાઈડ અને નવીનીકરણીય વીજળીનો ઉપયોગ કરીને ફોર્મિક એસિડનું ઉત્પાદન કરવા માટે એક પાયલોટ પ્લાન્ટ (સુવિધા) સ્થાપીને આ પહેલની શરૂઆત કરવામાં આવશે. આ પ્રક્રિયા સફળ અને માન્ય સાબિત થયા બાદ, બંને ભાગીદારો વ્યાવસાયિક ધોરણે મોટા પાયે ઉત્પાદન માટે આ ટેકનોલોજીનો ઉપયોગ કરવાની યોજના ધરાવે છે.

કાપડ, કૃષિ અને તેના આનુષંગિક ઉત્પાદનો સહિતના વિવિધ ઉદ્યોગોમાં ફોર્મિક એસિડ અને તેના ડેરિવેટિવ્ઝનો ઉપયોગ વ્યાપકપણે થાય છે. આ પ્રકલ્પનો મુખ્ય હેતુ કેપ્ચર કરાયેલા કાર્બન ઉત્સર્જનને સ્વચ્છ ઊર્જાની મદદથી કેવી રીતે મૂલ્યવાન ઉત્પાદનોમાં રૂપાંતરિત કરી શકાય તે દર્શાવવાનો છે.

અદાણી સમૂહના ડિરેક્ટર શ્રી જીત અદાણીએ જણાવ્યું હતું કે, "આ ભાગીદારી ડાયોક્સીકલની વીજળી સંચાલિત અદ્યતન રાસાયણિક ઉત્પાદન ટેકનોલોજી અને અદાણી સમૂહની સ્વચ્છ-ઊર્જા ક્ષમતાઓ, મજબૂત માળખાકીય પ્લેટફોર્મ તેમજ પ્રોજેક્ટ અમલીકરણની ઉત્કૃષ્ટ કુશળતાનું શ્રેષ્ઠ સંયોજન છે. આ સહયોગથી ટકાઉ અને આર્થિક રીતે સધ્ધર રાસાયણિક ઉત્પાદન માટે એક નવું મોડેલ સ્થાપિત થશે."




ડાયોક્સીકલના મુખ્ય કારોબારી અધિકારી (CEO) અને સહ-સ્થાપક ડૉ. સારાહ લેમિસને સંપૂર્ણપણે નવીનીકરણીય ઊર્જા અને કેપ્ચર્ડ કાર્બન દ્વારા સંચાલિત ભારતની પ્રથમ ફોર્મિક એસિડ ઉત્પાદન સુવિધા શરૂ કરવા બદલ ગૌરવ વ્યક્ત કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, "આ વ્યૂહાત્મક ઔદ્યોગિક ભાગીદારી દર્શાવે છે કે કેવી રીતે કાર્બન ઉત્સર્જનને આર્થિક રીતે પરવડે તેવા ખર્ચે ટકાઉ સંપત્તિમાં ફેરવી શકાય છે. તેમજ ક્લીન-ટેકનોલોજી અને ઔદ્યોગિક સ્કેલના સંકલનથી આવશ્યક રસાયણોના પરંપરાગત ઉત્પાદનને નવો આકાર આપી શકાય છે. નવીનીકરણીય ઊર્જા, ઉત્પાદન ક્ષમતા અને વિઝનનું અનોખું સંયોજન ધરાવતા ભારતના અદાણી સમૂહ સાથે મળીને અમે ઓછા કાર્બન ઉત્સર્જનવાળા કેમિકલ ઉત્પાદન માટે એક સ્પર્ધાત્મક અને સ્કેલેબલ મોડેલ બનાવવા કટિબદ્ધ છીએ."પરસ્પર સહયોગથી ફોર્મિક એસિડ ઉપરાંત ઊર્જા, મટિરિયલ્સ, પેકેજિંગ અને મેન્યુફેક્ચરિંગ જેવા ક્ષેત્રોમાં ઉપયોગમાં લેવાતા રસાયણોનો વ્યાપક પોર્ટફોલિયો વિકસાવવા માટેની નવી તકો પણ શોધવામાં આવશે. હાલમાં આમાંના મોટાભાગના ક્ષેત્રો અશ્મિભૂત ઈંધણ આધારિત ફીડસ્ટોક્સ પર નિર્ભર છે અને ઉત્સર્જન ઘટાડવા માટે વૈશ્વિક દબાણનો સામનો કરી રહ્યા છે.કેમિકલ ઉત્પાદન ક્ષેત્રમાં અદાણી સમૂહનો આ વ્યૂહાત્મક પ્રવેશ, ભવિષ્યના વ્યવસાયોના તેના પોર્ટફોલિયોને વિસ્તૃત કરવાની સાથે નવીનીકરણીય ઊર્જા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં તેની વૈશ્વિક શક્તિઓને વધુ મજબૂત બનાવે છે.

આ ભાગીદારી સ્વચ્છ ટેકનોલોજીના ક્ષેત્રમાં ભારત અને યુરોપ વચ્ચે વધી રહેલા મજબૂત સહયોગને દર્શાવે છે. વૈશ્વિક સપ્લાય ચેઈનને વધુ ટકાઉ બનાવવા માટેના પર્યાપ્ત વિકલ્પો શોધવાની દિશામાં ભારત તેની વિશાળ ઔદ્યોગિક ક્ષમતા અને વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ નવીનીકરણીય ઊર્જા સંસાધનોને કારણે અદ્યતન ઉત્પાદન (Advanced Manufacturing) માટે વિશ્વભરમાં એક પસંદગીનું હબ બની રહ્યું છે.

આ આધુનિક પહેલ ટેકનોલોજી આધારિત વિકાસને પ્રોત્સાહન આપીને અને સ્થાનિક ઉત્પાદન ક્ષમતાઓને બળ પૂરું પાડીને ભારતના વધુ સ્પર્ધાત્મક અને હરિયાળા અર્થતંત્ર તરફના સંક્રમણને વેગ આપશે. આ સાથે તે રાષ્ટ્રના બે મહત્વાકાંક્ષી લક્ષ્યો - "મેક ઈન ઈન્ડિયા" અને "વિકસિત ભારત ૨૦૪૭" ને સબળ સમર્થન આપે છે.



# શરીરને ઠંડક આપે છે આ જ્યુસ...

ઉત્તર ભારતથી લઈને મધ્ય અને પશ્ચિમ ભારત સુધી હાલમાં સૂર્ય જાણે આગ વરસાવી રહ્યો છે. લગભગ બે તૃતીયાંશ શહેરોમાં તાપમાન ૪૫ ડિગ્રી સેલ્સિયસને પાર પહોંચી ગયું છે અને હીટ વેવ હવે માત્ર ઋતુગત મુશ્કેલી નહીં પરંતુ ગંભીર આરોગ્ય પડકાર બની ગઈ છે. આવી સ્થિતિમાં, જ્યારે હૉસ્પિટલોમાં ડિહાઈડ્રેશન, ચક્કર આવવા, થાક અને લૂથી પીડિત દર્દીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે, ત્યારે પણ ભારતીય ઘરોમાં એક પરંપરા પ્રત્યે લોકોનો વિશ્વાસ અડગ છે તે છે

ભારતીય જડીબુટ્ટીઓ પ્રત્યેની લોકમાન્યતા. ક્યાંક બેલનું શરબત તૈયાર થઈ રહ્યું છે, ક્યાંક વરિયાળીનું, ક્યાંક ફુદીના, ધાણા અને ખસમાંથી બનેલાં પીણાં શરીરને ઠંડક પહોંચાડવા માટે ઉપયોગમાં લેવાઈ રહ્યા છે.

રસપ્રદ વાત એ છે કે આધુનિક વિજ્ઞાન પણ હવે આ જડીબુટ્ટીઓમાં રહેલા અનેક કુદરતી સંયોજનો અને તેમના સંભવિત આરોગ્યલાભોનો અભ્યાસ કરી રહ્યું છે. કારણ કે આપણે હાલમાં જલવાયુ પરિવર્તનના અત્યંત જોખમી સમયગાળામાંથી પસાર થઈ રહ્યા છીએ, તેથી ભારતીય જડીબુટ્ટીઓની ઉપયોગિતા અંગે નવી ચર્ચા શરૂ થઈ છે. પરંપરા અને વિજ્ઞાનના આ સંગમને સમજવું આજે પહેલાં કરતાં વધુ પ્રાસંગિક બની ગયું છે. ભારતીય આયુર્વેદિક ચિકિત્સા પ્રણાલી શરીર અને ઋતુઓ વચ્ચેના સંબંધને વિશેષ મહત્ત્વ આપે છે.

આયુર્વેદ અનુસાર, ઉનાળાની ઋતુ દરમિયાન શરીરમાં પ્રવાહીની ઉણપ થાય છે અને પિત્તનો પ્રભાવ વધે છે. તેથી, શરીરને ઠંડુ પાડતા અને ઊર્જા જાળવી રાખતા ખોરાક અને ઔષધિઓનું સેવન કરવું ફાયદાકારક છે. આ જ કારણ છે કે આજકાલ ફરીથી સમાજમાં સદીઓથી સ્વીકારાયેલી બેલ, વરિયાળી, ફુદીનો, ખસ, આમળાં, ધાણા અને ગુલકંદ જેવી વસ્તુઓનો ઉનાળામાં ઉપયોગ વધી ગયો છે.

નિષ્ણાતોનું માનવું છે કે આ જડીબુટ્ટીઓની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમાં રહેલા કુદરતી તત્ત્વો શરીરને હાઈડ્રેટ રાખવામાં, પાચનતંત્રને સંતુલિત કરવામાં અને ગરમીને કારણે થતી બેચેની ઘટાડવામાં મદદરૂપ થાય છે. જો વરિયાળીના પાણીને પરંપરાગત રીતે શીતળ માનવામાં આવે છે, તો ઉનાળામાં આ પાણીના પીણાં તરીકે થતા વ્યાપક ઉપયોગથી મળતાં પરિણામો પણ આ માન્યતાને ટેકો આપે છે, એટલે કે આ માન્યતા ઘણી હદ સુધી યોગ્ય સાબિત થાય છે. આ જ રીતે ફુદીનો શરીરને તાજગી આપે છે અને ગરમીને કારણે લાગતો થાક તેમ જ ભૂખ ન લાગવી જેવી સમસ્યાઓને ઘટાડવામાં મદદરૂપ બને છે. બેલનું ફળ ઉનાળાની એક આગવી ઓળખ છે. ગ્રામ્ય વિસ્તારોમાં સદીઓથી ગરમી અને લૂથી બચવા માટે બેલનું શરબત પીવામાં આવે છે. ફાઈબર અને ખનિજ તત્ત્વોથી સમૃદ્ધ બેલમાં એવા અનેક ગુણધર્મો છે, જે શરીરને ગરમી સામે લડવામાં મદદ કરે છે અને પાચનતંત્રથી લઈને શરીરની ઊર્જા સુધી બધાનું રક્ષણ કરે છે. આ જ કારણ છે કે હવે આધુનિક તબીબો પણ બેલ આધારિત પીણાંને ઉનાળામાં ઉપયોગી વિકલ્પ તરીકે ગણાવી રહ્યા છે. આવી જ એક ઉપયોગી અને ઉનાળાની ગરમી સામે અસરકારક ઔષધીય ફળ છે આમળાં. તેનું મહત્ત્વ માત્ર વિટામિન સી અને એન્ટીઓક્સિડન્ટ તત્ત્વો પૂરતું મર્યાદિત નથી, પરંતુ વધતી ગરમી અને બદલાતા હવામાન વચ્ચે થતા ચેપથી બચવામાં પણ તે અત્યંત ઉપયોગી છે. તેમ છતાં, એ સમજવું જરૂરી છે કે જડીબુટ્ટીઓ હિટ વેવનો ઉપચાર નથી કરતી. જો કોઈ વ્યક્તિને તાવ, બેભાન થવું, અત્યંત નબળાઈ અથવા હિટ સ્ટ્રોકનાં લક્ષણો દેખાય, તો તેને માત્ર ઘરગથ્થુ ઉપાયો પર નિર્ભર રાખવું જોખમી બની શકે છે. આવી સ્થિતિમાં તાત્કાલિક તબીબી સહાય લેવી અત્યંત જરૂરી છે.આધુનિક તબીબી વિજ્ઞાન સ્પષ્ટપણે કહે છે કે હિટ સ્ટ્રોક એક તાત્કાલિક સારવારની જરૂરિયાત ધરાવતી ગંભીર સ્થિતિ છે, જેનો સમયસર ઉપચાર અત્યંત જરૂરી છે. જો સમયસર સારવાર ન મળે, તો તેના ગંભીર પરિણામો આવી શકે છે. જોકે, વૈજ્ઞાનિક સંશોધનો દર્શાવે છે કે જડીબુટ્ટીઓમાં એવાં તત્ત્વો રહેલાં હોય છે, જે શરીરના સામાન્ય આરોગ્યને વધુ સારું બનાવવામાં મદદરૂપ થાય છે. તેમના પ્રભાવને કોઈ ચમત્કારીક ઉપાય તરીકે જોવો યોગ્ય નથી. તેમ છતાં, સાવચેત જીવનશૈલી અને જડીબુટ્ટીઓનો યોગ્ય ઉપયોગ ઉનાળાની ગરમી સામે લડવા માટે શરીરને કુદરતી રીતે શક્તિ આપે છે. તેથી, જ્યારે આકાશમાંથી આગ વરસતી હોય તેવી ગરમી પડતી હોય, ત્યારે શરીરમાં પૂરતું પાણી જળવાઈ રહે તેનું ધ્યાન રાખવું જોઈએ. ઓ.આર.એસ. નો ઉપયોગ કરવો, તડકામાં બહાર નીકળવાનું ટાળવું, હળવા અને સુતરાઉ કપડાં પહેરવા, પૌષ્ટિક આહાર લેવો અને જડીબુટ્ટીઓનો દૈનિક ખોરાકમાં સમાવેશ કરવો આ બધું ગરમીથી અસરકારક બચાવ કરવામાં મદદરૂપ બને છે. પરંતુ એક વાત યાદ રાખવી જરૂરી છે. આજકાલ હર્બલ ઉત્પાદનો એક મોટો વ્યવસાય બની ગયો છે.

વિવિધ સંશોધનો અને સર્વેક્ષણોમાં જાણવા મળ્યું છે કે બજારમાં મળતી લગભગ ૫૦ ટકા સુધીની જડીબુટ્ટીઓ તો નકલી હોય છે અથવા તેમાં તે જરૂરી તત્ત્વો જ મળતા નથી, જેના કારણે તે પ્રસિદ્ધ છે. કારણ કે ઘણી વખત તેને વ્યાવસાયિક હેતુઓ માટે રાસાયણિક ખાતરો અને અન્ય કૃત્રિમ પદ્ધતિઓ દ્વારા ઝડપથી તૈયાર કરવામાં આવે છે. તેથી નિષ્ણાતો સલાહ આપે છે કે ઘરે તૈયાર કરાયેલા જડીબુટ્ટીઓના કુદરતી પીણાં પર વધુ વિશ્વાસ રાખવો જોઈએ. બજારમાં મળતા તૈયાર હર્બલ ઉત્પાદનોનો શક્ય હોય તેટલો ઓછો ઉપયોગ કરવો યોગ્ય છે.

શહેરી વિસ્તારોમાં છેલ્લાં કેટલાક વર્ષોમાં કિચન ગાર્ડનની લોકપ્રિયતા વધવાનું પણ આ જ એક મુખ્ય કારણ છે. કિચન ગાર્ડનમાં આપણે દૈનિક ઉપયોગમાં આવતી ઘણી જડીબુટ્ટીઓ જાતે ઉગાડી શકીએ છીએ, અને તે ઘણીવાર બજારમાં મળતા હર્બલ કંપનીઓના ઉત્પાદનો કરતાં વધુ સારાં પરિણામો આપે છે. બહરહાલ, આજે જ્યારે જલવાયુ પરિવર્તનના કારણે ગરમી અત્યંત ભયાનક સ્તરે પહોંચી ગઈ છે, ત્યારે પણ વિશ્વ આરોગ્ય સંસ્થા ભારતીય જડીબુટ્ટીઓના યોગ્ય ઉપયોગને લાભદાયક અને અસરકારક માને છે.

પરંતુ વિશ્વ આરોગ્ય સંસ્થા માત્ર જડીબુટ્ટીઓના સહારે કોઈ પણ આપાતકાલીન અથવા ગંભીર આરોગ્ય પરિસ્થિતિનો સામનો કરવાની સલાહ આપતું નથી. સ્પષ્ટ છે કે તે જડીબુટ્ટીઓને આધુનિક ચિકિત્સાનો વિકલ્પ નહી, પરંતુ એક પૂરક ઉપાય તરીકે જુએ છે, જે શરીરને બદલાતા હવામાન અને ઋતુઓ સાથે અનુકૂળ થવામાં મદદ કરે છે. આથી, આજની જરૂરિયાત એ છે કે આપણે પરંપરાગત જ્ઞાનને વૈજ્ઞાનિક વિચારસરણી સાથે જોડીને અપનાવીએ.

**શહેરી વિસ્તારોમાં છેલ્લાં કેટલાક વર્ષોમાં કિચન ગાર્ડનની લોકપ્રિયતા વધવાનું પણ આ જ એક મુખ્ય કારણ છે. કિચન ગાર્ડનમાં આપણે દૈનિક ઉપયોગમાં આવતી ઘણી જડીબુટ્ટીઓ જાતે ઉગાડી શકીએ છીએ, અને તે ઘણીવાર બજારમાં મળતા હર્બલ કંપનીઓના ઉત્પાદનો કરતાં વધુ સારાં પરિણામો આપે છે. બહરહાલ, આજે જ્યારે જલવાયુ પરિવર્તનના કારણે ગરમી અત્યંત ભયાનક સ્તરે પહોંચી ગઈ છે, ત્યારે પણ વિશ્વ આરોગ્ય સંસ્થા ભારતીય જડીબુટ્ટીઓના યોગ્ય ઉપયોગને લાભદાયક અને અસરકારક માને છે.**

# હેલ્થને હેમખેમ રાખો: નાની-નાની બીમારી પજવે ત્યારે તંદુરસ્તી રાખો તમારા હાથમાં...

અજમો અને ગોળ સરખે ભાગે મેળવી સવાર-સાંજ ખાવાથી કમરનો દુખાવો મટે છે. સૂંઠ અને ગોખરુ સરખે ભાગે લઈ તેનો ઉકાળો કરી રોજ સવારે પીવાથી કમરનો દુખાવો મટે છે. સૂંઠનું ચૂર્ણ ગરમ પાણી સાથે ફાકવાથી કમરનો દુખાવો મટે છે. ખજૂરની પાંચ પેશીનો ઉકાળો કરી, તેમાં અડધો તોલો મેથી નાખી પીવાથી કમરનો દુખાવો મટે છે. સૂંઠ, લસણ, અજમો અને રાઈ નાખીને તેલ ગરમ કરી તેની માલિશ કરવાથી કમરનો દુખાવો તેમ જ દુખતા સાંધામાં આરામ થાય છે. સૂંઠ અને હિંગ નાખીને તેલ ગરમ કરી તેનું માલિશ કરવાથી કમરનો દુખાવો તથા શરીર જકડાઈ ગયેલું હોય તો તે મટે છે અને સાંધાનો દુખાવો પણ મટે છે. રાઈના તેલ સાથે કાંદાનો રસ મેળવીને માલિશ કરવાથી સંધિવાનો દુખાવો મટે છે.

આદુંના રસમાં સહેજ મીઠું નાખી તેનું માલિશ કરવાથી સંધિવાનો દુખાવો મટે છે, ડોકી રહી ગઈ હોય તો તો પણ મટે છે. જાયફળને સરસિયાના તેલમાં ઘસી માલિશ કરવાથી જકડાયેલા સાંધા છૂટા પડે છે અને સંધિવા મટે છે. લવિંગનું તેલ ઘસવાથી સંધિવાનો દુખાવો મટે છે.

ધાણા ૧૦ ગ્રામ અને સૂંઠ ત્રણ ગ્રામ લઈ વાટી, તેનો ઉકાળો બનાવી, તેમાં મધ નાખી પીવાથી પડખાનો દુખાવો તથા છાતીનો દુખાવો મટે છે. સૂંઠ, સાજીખાર અને હિંગનું ચૂર્ણ ગરમ પાણીમાં લેવાથી સર્વ પ્રકારનાં શૂળ મટે છે. જીરું, હિંગ અને સિંધવની ફાકી ઘી સાથે લેવાથી શૂળ મટે છે.

એક ચમચી શેકેલી હિંગ થોડા ગરમ પાણીમાં પીવાથી પડખાનો દુખાવો મટે છે. સૂંઠનો ઉકાળો કરી, તેમાં એક ચમચી દિવેલ નાખીને પીવાથી સંધિવાનો દુખાવો મટે છે. દોઢ-બે તોલા મેથી રોજ ફાકવાથી વા મટે છે.

કોઈપણ પ્રકારનાં શૂળ-પડખાં, છાતી, હૃદય કે માથામાં દુખાવો હોય ત્યારે તુલસીનો રસ ગરમ કરી તેના પર માલિશ કરવાથી તરત આરામ થાય છે. આવા વખતે બે ચમચી તુલસીનો રસ પી જવો. મેથીને થોડા ઘીમાં શેકી તેનો લોટ કરવો, તેમાં ગોળ, ઘી ઉમેરીને લાડુ બનાવી લેવા. આ લાડુ ૮-૧૦ દિવસ સુધી ખાવાથી કમરનો દુખાવો અને સંધિવા મટે છે. જકડાઈ ગયેલાં અંગો છૂટાં પડે છે અને હાથે-પગે થતી કળતર પણ મટે છે.

કાચા બટાટાની છાલ કાઢ્યા વગર ટુકડા કરી તેનો રસ કાઢી તુરત જ પીવાથી સંધિવામાં ઘણો ફાયદો થાય છે. તાંબાના વાસણમાં આખી રાત રાખેલું પાણી સવારે નરણે કોઠે પીવાથી સંધિવામાં રાહત થાય છે.

દરિયાના પાણીમાં નિયમિત સ્નાન કરવાથી સંધિવાના દર્દીને ખૂબ જ ફાયદો થાય છે. દરિયાના પાણીમાં સ્નાન કરવાનું શક્ય ન હોય તો દરિયાઈ મીઠું ગરમ પાણીમાં ઓગાળી તેનાથી સ્નાન કરવું.

કૌંચાનાં બીજ એક કિલો લઈ સાંજે પાણીમાં પલાળો. સવારે તેનાં ફોતરાં ઉખાડીને તેનો ગર્ભ કાઢી તે ગર્ભ તડકામાં સૂકવી દો. સુકાયા બાદ તેનું ચૂર્ણ બનાવી ત્રણ ગ્રામ ચૂર્ણ સાથે એક ગ્રામ અશ્વગંધાનું ચૂર્ણ મેળવી રોજ સવારે અને રાત્રે જમ્યા પહેલાં ગરમ દૂધ સાથે લેવાથી સંધિવા તથા લકવાના રોગીને ફાયદો થાય છે.

સૂંઠનો કાઢો બનાવીને પીવાથી સાંધાનો દુખાવો મટે છે. સાંધાના દુખાવામાં કેરોસિન જરા ગરમ કરી માલિશ કરો.

કમળો

મધ સાથે ગાજરનો રસ પીવાથી કમળો મટે છે. મધમાં પાકાં કેળાં ખાવાથી કમળો મટે છે. આદુંનો રસ અને ગોળ ખાવાથી કમળો મટે છે.

સૂંઠ અને ગોળ ખાવાથી કમળો મટે છે. સફેદ કાંદો, ગોળ અને થોડી હળદર મેળવી સવાર-સાંજ ખાવાથી કમળો મટે છે. એક તોલો હળદરનું ચૂર્ણ ચાર તોલા જેટલા દહીંમાં લેવાથી કમળો મટે છે.

શેરડીને રાત્રે ઝાકળમાં રાખી સવારે તેને ચૂસીને ખાવાથી કમળો મટે છે. લીંબુની ચીરી ઉપર સોડા-બાય-કાર્બ નાખીને સવારના પહોરમાં ચૂસવાથી કમળો મટે છે. ૧૦૦થી ૨૦૦ ગ્રામ દહીંમાં બેથી ચાર ગ્રામ પાપડખાર મેળવીને વહેલી સવારે નરણે કોઠે લેવાથી ૩ દિવસમાં કમળો મટે છે.

ગાજરનો ઉકાળો પીવાથી કમળામાં આવેલી અશક્તિ ને લોહીની ઓછપ દૂર થાય છે. કરિયાતું બે ચમચી અને સાકર દોઢ ચમચી ફાકવાથી કમળો મટે છે. લીમડાનાં પાનનો રસ તથા મધ સવારના નરણે કોઠે પીવાથી કમળો મટે છે.

હિંગને પાણીમાં ઘસીને આંખમાં લગાડવાથી કમળો મટે છે. કમળામાં ભૂખ ન લાગતી હોય તો બે ચમચી આદુંનો રસ અને અડધી ચમચી ત્રિફળા ચૂર્ણ સાથે દિવસમાં બે વાર લેવાથી ભૂખ લાગશે. અરીઠાંનું પાણી નાકમાં નાખવાથી કમળો મટે છે.

કાકડા

સાધારણ ગરમ પાણીમાં મીઠું ઓગાળીને દિવસમાં બે-ત્રણ વાર કોગળા કરવાથી કાકડાની પીડા મટે છે. હળદરને મધમાં મેળવી કાકડા ઉપર લગાડવાથી વધેલા કાકડા બેસી જાય છે. પાણીમાં મધ નાખી કોગળા કરવાથી વધેલા કાકડા બેસી જાય છે. હળદર અને ખાંડ એક-એક ચમચી લઈ ફાકી મારવી. તેના ઉપર ગરમ દૂધ ધીમે ધીમે પીવાથી વધેલા કાકડા બેસી જાય છે.

કેળાંની છાલ ગળા ઉપર (બહાર) બાંધવાથી કાકડા હોય તો મટે છે. કાકડા વધ્યા હોય કે ડિપ્થેરિયા થયો હોય તો નાની પીછી વડે ગળામાં કેરોસીન લગાડવું. કેરોસીન લગાડતાં પહેલાં ને પછી છાશનો ખખડાવીને કોગળો કરવો.

કાનની પીડા

તેલમાં લસણની કળી કકડાવીને, તે તેલનાં ટીપાં કાનમાં નાખવાથી કાનના સણકા અને કાનની રસી મટે છે. આદુંનો રસ સહેજ ગરમ કરી કાનમાં નાખવાથી ચસકા મટે છે. મધનાં ટીપાં કાનમાં નાખવાથી કાનનો દુખાવો અને રસી મટે છે.તલના તેલમાં હિંગ નાખી ઉકાળી તેલનાં ટીપાં કાનમાં નાખવાથી દુખાવો મટે છે. તુલસીના રસનાં ટીપાં કાનમાં નાખવાથી કાનનો દુખાવો અને સણકા મટે છે અને પરુ નીકળતું હોય તો તે બંધ થાય છે. કાંદાનો રસ અને મધ મેળવી તેનાં ટીપાં નાખવાથી સણકા મટે છે અને પરુ થયું હોય તો તે પણ મટે છે. નાગરવેલના પાનનો રસ ગરમ કરી તેનાં ટીપાં નાખવાથી કાનના સણકા અને દુખાવો મટે છે. આંબાના પાનનો રસ ગરમ કરી તેનાં ટીપાં નાખવાથી કાનના સણકા અને દુખાવો મટે છે. ફુલાવેલી ફટકડી અને હળદર ભેગી કરી કાનમાં નાખવાથી કાન પાક્યો હોય અને રસી નીકળતી હોય તો તે મટે છે. વરિયાળી અધકચરી વાટીને પાણીમાં ખૂબ ઉકાળો. તે પાણીની વરાળ દુખતા કાન પર લેવાથી કાનની બહેરાશ, કાનનું શૂળ અને કાનમાં થતો અવાજ મટે છે. તેલમાં થોડી રાઈ વાટીને કાનના સોજા પર લેપ કરવાથી સોજો મટે છે. કાનમાં કોઈ જીવજંતુ ભરાઈ ગયું હોય તો સરસિયાના તેલનાં ટીપાં નાખવાથી તે મરી જાય છે. સફેદ કાંદાના રસનાં ટીપાં રોજ બે વખત કાનમાં નાખવાથી બહેરાશ મટે છે. અનાનસ અથવા સંતરાં ખાવાથી કરમ મટે છે. એક મુઠ્ઠી જેટલા ચણા રાત્રે સરકામાં પલાળી રાખી સવારે નરણા કોઠે આ ચણા ખાવાથી કરમ મટે છે.

ખીલ

મૂળાનાં પાનનો રસ ચોપડવાથી અઠવાડિયામાં ખીલ મટે છે. જાંબુના ઠળિયાને પાણીમાં ઘસીને ખીલ પર લગાડવાથી ખીલ મટે છે. દૂધની મલાઈ સાથે મીઢળ ઘસીને ખીલ પર લગાડવાથી ખીલ મટે છે. જાયફળને દૂધની મલાઈમાં ઘસીને ખીલ પર લગાડવાથી ખીલ મટે છે. નારંગીની છાલ ઘસવાથી ખીલ મટે છે. લીલા નાળિયેરનું પાણી રોજ પીવાથી અને થોડાક પાણીમાં મોં ધોવાથી ખીલ મટે છે. છાશ વડે મોં ધોવાથી ખીલના ડાઘા, મોં પરની કાળાશ દૂર થાય છે. રાત્રે સૂતી વખતે ગરમ પાણીમાં મોંઢું ધોવું, પછી ચારોળીને દૂધમાં ઘસી લેપ બનાવી મોઢા પર લગાવીને સૂઈ જવું. સવારના સાબુથી મોં ધોવું, આ પ્રયોગથી ખીલ મટે છે. નાળિયેરનું દૂધ કાળી જીરી સાથે મેળવી-લસોટી ખીલ પર લગાડવાથી ખીલ મટે છે. કાચા પપૈયાને કાપવાથી જે દૂધ જેવું પ્રવાહી નીકળે તે ખીલ ઉપર દરરોજ થોડા દિવસ લગાડવાથી ખીલ કાયમ માટે જડમૂળથી મટી જશે. ખૂબ પાકી ગયેલા પપૈયાને છોલીને, છૂંદીને તેની માલિશ મોઢા પર કરવી, પંદર-વીસ મિનિટ પછી તે સુકાઈ જાય ત્યારે પાણીથી ધોઈ નાખવું ને જાડા ટુવાલ વડે મોઢાને સારી રીતે લૂછીને જલદી કોપરેલ લગાડવું. એક અઠવાડિયા સુધી આ રીતે કરવાથી મોઢા પરના ખીલના ડાઘ મટે છે. મોઢાની કરચલીઓ અને કાળાશ મટે છે. તુલસીનાં પાનનાં રસમાં લીંબુનો રસ અથવા આદુંનો રસ ઉમેરી મોઢા ઉપર લગાડવાથી અને સુકાઈ ગયા બાદ પાણીથી ધોઈ નાખવાથી મોઢા પરના કાળા ડાઘ મટે છે. પાકા ટામેટાને કાપીને તેની ચીર ખીલ ઉપર ધીરે ધીરે લગાડીને થોડી વાર સુકાવા દો. ત્યારબાદ સહેજ ગરમ પાણીથી સાફ કરવાથી ખીલ મટે છે. ગરમ પાણીની તપેલીમાં રૂમાલનો ટુકડો ભીંજાવીને નીચોવી તેને મોઢા પર સાધારણ ગરમ હોય ત્યારે મૂકવાથી ખીલ મટે છે. લોબાન, સુખડ અને આમળાંનો પાઉડર મોઢા ઉપર ચોપડીને થોડાં સુકાયા બાદ લીમડાના પાન નાખી પાણીથી ધોવાથી ખીલ મટે છે. કાચી સોપારી અથવા જાયફળને પાણીમાં ઘસીને લગાડવાથી ખીલ મટે છે.

# વરસાદની મોસમમાં ઝટપટ બની જતાં સ્વાસ્થ્યવર્ધક ટીંડા

ચોમાસામાં શાકભાજીને માણવાની એક અલગ મજા છે. તેમાં પણ વેલ ઉપર ઊગતાં શાકભાજી-પાણીદાર શાકભાજીનો સ્વાદ અદ્ભુત હોય છે. જેમ કે દૂધી, પરવળ, કાકડી, તુરિયા, ભોપલું, ગલકાં તથા ટીંડા. ટીંડા માટે એવું કહેવાય છે કે તે સ્વાદની સાથે સ્વાસ્થ્ય માટે ઉમદા છે. કેમ કે તેમાં પ્રોટીન, કાર્બોહાઈડ્રેટ, ફાઈબર, વિટામિન તેમજ ખનીજની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી છે. ઉનાળામાં તેમજ ચોમાસામાં તેનું શાક ખાસ બનાવવામાં આવે છે.





ટીંડા બેબી પમ્પકીન કે ઍપ્પલ ગૉર્ડ તરીકે ઓળખાય છે. વેલ ઉપર સૌ પ્રથમ પીળાં ફૂલ આવે છે. ટીંડાના પાન ગોળાકાર હોય છે. ટીંડા દેખાવમાં આછા લીલા રંગના હોય છે. અંદરનો માવો સફેદ જોવા મળે છે. નાના બીજ હોય છે. જે કાઢી લેવાં. દૂધી જેવું અંદરથી હોવાથી તેને ચાખ્યા બાદ તેનું રસાવાળું કે કોરું શાક બનાવવામાં આવે છે. અનેક ગૃહિણી તેનું અથાણું બનાવે છે. તેનો રસ ત્વચા તેમજ વાળ માટે ગુણકારી ગણાય છે. કાકડીની જેમ તેમાં પાણીનું પ્રમાણ વધુ હોય છે. ૧૦૦ ગ્રામ ટીંડામાં ૯૩.૫ ગ્રામ પાણી સમાયેલું હોય છે.

ટીંડાને ભારતની વિવિધ ભાષામાં અલગ અલગ નામે ઓળખવામાં આવે છે. જેમ કે સંસ્કૃતમાં રોમશફલ કે ચિત્તગોદુમ્બા, મરાઠીમાં ઢેમશે, રાજસ્થાનમાં ટિંડસી,સિન્ધમાં દિલપસન્દ, મલયાલમમાં દેંડસે કે દિંડશી, વાનસ્પતિક નામ પ્રસિટ્રલસ્ ફિસ્ટુલોસ્સ છે. અંગ્રજીમાં તેને ઈન્ડિયન રાઉન્ડ ગૉર્ડ કહેવામાં આવે છે. ટીંડાના છોડના ફૂલ, ફળ તેમજ બીજનો ઉપયોગ ઔષધી તરીકે આયુર્વેદમાં ખાસ કરવામાં આવે છે. એવી પણ માહિતી જાણવા મળે છે કે ટીંડાના બીજનો ઉપયોગ યાદશક્તિ વધારવામાં મદદ કરી શકે છે. ટીંડાની ખેતી ભારતમાં ઉત્તર પ્રદેશ, પંજાબ, રાજસ્થાન તથા મહારાષ્ટ્રમાં મોટા પાયે કરવામાં આવે છે.

સ્વાસ્થ્યવર્ધક લાભ

વજનને નિયંત્રણમાં રાખવામાં લાભકારી : ટીંડામાં કૅલરીની માત્રા ઘણી ઓછી જોવા મળે છે. જેથી તેનો ઉપયોગ વજનને નિયંત્રણમાં રાખવા ઈચ્છતી વ્યક્તિ માટે ફાયદાકારક ગણાય છે. ટીંડામાં ફાઈબરની માત્રા ભરપૂર પ્રમાણમાં હોય છે. જેથી તેના સેવન બાદ લાંબા સમય સુધી ભૂખ લાગતી નથી. જે વજનને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે.

કબજિયાતમાં ગુણકારી : ૧૦૦ ગ્રામ ટીંડામાં ૧.૬ગ્રામ ફાઈબર હોય છે. તેમજ ૯૩.૫ ગ્રામ પાણી હોય છે. જેથી તેનું સેવન કરવાથી કબજિયાતની તકલીફથી વ્યક્તિ બચી શકે છે. પેટમાં લાંબા સમયથી જમા થયેલાં કચરાને બહાર કાઢવામાં મદદ કરે છે. ભોજન બાદ આફરો ચઢવો કે પેટ ફૂલી જવાની તકલીફ હોય તેમને માટે ટીંડાનો આહારમાં ઉપયોગ ઉત્તમ ગણાય છે.

હૃદય સ્વાસ્થ્ય માટે લાભકારી : હૃદયની તંદુરસ્તી જાળવવા માટે નિષ્ણાતો દ્વારા વારંવાર જાહેરમાં ભાર મૂકીને જણાવવામાં આવે છે કે કૉલેસ્ટ્રોલની માત્રા ઓછી હોય તેવો આહાર કે કડધાન્યનો ઉપયોગ કરવો જોઈએ. હૃદયની માંસપેશીમાં લોહીનું પરિભ્રમણ સુચારૂ રીતે થાય તે માટે ટીંડાનો આહારમાં ઉપયોગ ગુણકારી ગણાય છે.

ત્વચા માટે ફાયદાકારક : ટીંડામાં ઍન્ટિ-ઑક્સિડન્ટની માત્રા સમાયેલી હોય છે. જે ફ્રિ-રેડિકલ્સથી લડવામાં મદદ કરે છે. જેને કારણે ત્વચાની મુલાયમતા તેમજ ચમક જાળવવામાં મદદ મળે છે. ટીંડામાં વિટામિન ઈની માત્રા સમાયેલી છે. જે ત્વચાને મુલાયમ બનાવવાની સાથે મોઈશ્ચર જાળવી રાખવામાં મદદરૂપ બને છે. ત્વચા સંબંધિત વિવિધ સમસ્યાઓ જેવી કે ચહેરા ઉપર કાળા ડાઘ, ત્વચા સૂકી બનવી, બ્લૅક હેડ્સની સમસ્યાથી છુટકારો મેળવવામાં મદદ કરે છે. ત્વચાની સાથે વાળ માટે ટીંડાનો આહારમાં સમાવેશ ગુણકારી ગણાય છે. કેમ કે તેમાં વિટામિન્સ તેમજ મિનરલ્સ સારા પ્રમાણમાં સમાયેલાં હોય છે. જે માથામાં ખંજવાળ, વાળ ખરવાં કે ત્વચા સૂકાઈ જવાની કે ખોડો થવાની સમસ્યાથી રાહત અપાવે છે.

આંખો માટે લાભકારી : ટીંડામાં ભરપૂર પ્રમાણમાં વિટામિન એ હોય છે. જે આંખો માટે લાભકારી ગણાય છે. કૅરોટીનૉઈડ, ઍન્ટિ-ઑક્સિડન્ટ, લ્યૂટિન, જૈક્સૈથિનની માત્રા સમાયેલી હોય છે. જેથી તેનું સેવન કરવાથી મોતિયાબિંદુની તકલીફને પાછળ ઠેલી શકાય છે.

ડાયાબિટીસને નિયંત્રણમાં રાખવામાં ગુણકારી : ટીંડાનો ગ્લાઈસેમિક ઈન્ડેક્સ ઓછો છે. જેથી તેના સેવન બાદ લોહીમાં શર્કરાની માત્રા ઝડપથી વધી જતી નથી. ટીંડામાં ફાઈબર ભરપૂર પ્રમાણમાં હોવાને લીધે લોહીમાં શર્કરાની માત્રા ધીમે ધીમે ભળે છે. જેથી ડાયાબિટીસના દર્દીઓ માટે તે ઉત્તમ શાક ગણાવી શકાય.

તંત્રી લેખ...-

**સોમવાર, તા. ૧૩ જુલાઈ ૨૦૨૬**

# અમેરિકા અને ઈરાન બન્નેને વાળવા જરૂરી

મધ્ય-પૂર્વમાં ઈરાન અને અમેરિકા વચ્ચે શાંતિ સમજૂતી અંગે દુનિયાભરમાં વ્યાપેલી ચિંતા અને અનિશ્ચિતતા આખરે સાચા ઠરી રહ્યા છે. હોર્મુઝને પોતાની હકૂમત હેઠળ રાખવા મરણિયા બનેલા ઈરાનની સામે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે શાંતિ કરારનો અંત આણીને ઈરાન પર હુમલા શરૂ કર્યા છે. ઈરાને પણ વળતા હુમલા કરતાં દુનિયાના શ્વાસ ફરી અદ્ધર થઈ ગયા છે. ક્રૂડ તેલ, ગેસ અને ઈંધણના પુરવઠાને ઠપ કરી ચૂકેલા આ જંગને ઈરાન અને અમેરિકા વચ્ચેના કરારે અલ્પવિરામ મૂકયું હતું. બન્ને દેશોના નેતાઓનાં નિવેદનો અને શાંતિ કરારની શરતોના અમલમાં થઈ રહેલા વિલંબને જોતાં વિશ્વના દેશોમાં જંગ ફરી ફાટી નીકળે એવો અંદેશો વધી રહ્યો હતો. હોર્મુઝમાં કતર સહિતના ત્રણ માલવાહક જહાજો પર હુમલાએ સ્ફોટક વાતાવરણમાં ચિનગારી ચાંપી દીધી છે. ઈરાનના આ હુમલાને પગલે ટ્રમ્પે યુદ્ધ વિરામના કરારનો અંત આણીને ફરીથી હુમલા શરૂ કરી દીધા છે. અમેરિકાએ મંગળવારે ઈરાની ઠેકાણા પર હુમલા કર્યા હતા અને જવાબમાં ઈરાને પણ આરબ દેશોમાં અમેરિકન લશ્કરી થાણાને નિશાન બનાવ્યા હતા. બુધવારે અમેરિકાએ ફરીવાર વ્યાપક અને ભારે હુમલા કર્યાના અહેવાલ છે. ઈરાન હવે શાંત નહી રહે એવી પૂરી શક્યતા છે. આમ સરવાળે દુનિયાની સામે આ જંગને લીધે ફરી અનિશ્ચિતતા ઊભી થઈ ચૂકી છે. ઈરાન અને અમેરિકા વચ્ચેનો આ સંઘર્ષ કોઈ વિસ્તાર પૂરતો મર્યાદિત રહ્યો નથી. તેની અસર વિશ્વના દેશોનાં અર્થતત્ર પર વર્તાશે. વૈશ્વિક શાંતિ, આર્થિક સલામતી અને ઈંધણ સલામતીના મુદ્દાને સીધી રીતે અસર કરતાં મધ્ય-પૂર્વના સંઘર્ષે ફરીવાર ચિંતા ઊભી કરી છે. દુનિયાના શેરબજારમાં કડાકો બોલી રહ્યો છે અને ક્રૂડ તેલ-ગેસના ભાવો ફરી ભડકે બળે એવી સ્થિતિ સર્જાઈ રહી છે. આમ તો ઈરાન અને અમેરિકા વચ્ચે અવિશ્વાસ વર્ષો જૂનો છે. અમેરિકાનો દાવો છે કે, ઈરાનનો અણુ કાર્યક્રમ દુનિયા માટે જોખમી છે, તો બીજી તરફ ઈરાન એમ માને છે કે, કોઈપણ લશ્કરી દબાણ તળે સમજૂતી થઈ શકે તેમ નથી. આમ આ સંઘર્ષ ફરી તીવ્ર બને તો ઈરાનની પડોશના અમેરિકન મિત્ર આરબ દેશોની માથે જોખમ વધી શકે છે. સાથોસાથ હોર્મુઝમાં માલવાહક જહાજોની અવરજવર સામે જોખમ ઊભું થઈ ગયું છે. ઈરાને અમેરિકી હુમલાના વિરોધમાં ફરી હોર્મુઝ બંધ કરી નાખ્યાનું કહ્યું છે, તો સામે અમેરિકાએ આ રસ્તો જહાજો માટે ખુલ્લો હોવાનું કહ્યંઅ છે. આ બંને પરસ્પર વિરોધી વાતો વચ્ચે ત્યાંથી પસાર થતા જહાજોનો જીવ ઉચક રહે છે. કેમ કે, ગમે ત્યારે તેના પર હુમલો થઈ શકે છે, તો બચાવ માટે કોણ આવશે એ સવાલ છે. સાયપ્રસનો ઝંડો લગાડેલા જહાજ પર હુમલા પછી સ્થિતિ વકરી છે. આવામાં નિર્દોષ નાવિકોના જીવ જોખમમાં મુકાયા છે. માલવાહક જહાજો પર ભારતીય નાવિકોની વધતી જતી સંખ્યાને જોતાં તેમની સલામતીનો મુદ્દો ભારત સરકાર માટે પણ ચિંતા ઊભી કરી શકે છે. ભારતે ઈરાન અને અમેરિકા બન્નેને વાટાઘાટો દ્વારા મતભેદ ઉકેલવાનો આગ્રહ કરીને હોર્મુઝનો દરિયાઈ માર્ગ ખુલ્લો રાખવાની જરૂરત પર ભાર મૂક્યો છે, પણ હાલે જે રીતે બન્ને દેશ એકમેકની સામે બાંયો ચડાવીને મેદાને પડયા છે તે જોતાં જંગનો આ તબક્કો વધુ જોખમી બની શકે તેમ જણાઈ રહ્યંઅ છે. અમેરિકાએ ઈરાનના ક્રૂડ તેલ પરના પ્રતિબંધ ફરી લાદી દીધા છે. આમ આર્થિક મોરચાબંધી પણ ફરી અમલમાં આવી ચૂકી છે. આવા સમયમાં ઈરાન અને અમેરિકા બન્નેને શાંતિની વાસ્તવિક અનિવાર્યતા સમજાવવા દુનિયાના વગદાર દેશોએ સાથે મળીને નક્કર પગલાં લેવાની ખાસ જરૂરત છે. આ જંગ હવે કોઈને પણ પોષાઈ શકે તેમ ન હોવાનું સૌ કોઈ સમજે છે.

# સોશિયલ મીડિયાથી યુવાધનને બચાવો

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન સાથે ચર્ચા-વિચારણા અને વાટાઘાટ કરીને વ્યાપાર ઉદ્યોગમાં સહયોગની સમજૂતી કરી છે તે મહત્ત્વની અને ભારતના વિકાસ માટે ઘણી લાભદાયક છે, પણ આ ઉપરાંત વડાપ્રધાન મોદીએ ઓસ્ટ્રેલિયાની સરકારે સોશિયલ મીડિયાના ઘોર દુરુપયોગ અને કિશોર વયનાં બાળકો ઉપર તેની અસર રોકવા માટે જે કાનૂની પગલાં લીધાં છે તેની ભારોભાર પ્રશંસા કરી છે. એટલું જ નહીં, ઓસ્ટ્રેલિયાના અનુભવ ઉપરથી ભારતને ઘણું જાણવા-શીખવા મળ્યું છે એમ પણ કહીને ભારત હવે કિશોરોની નવી પેઢીને સોશિયલ મીડિયાના કુપ્રચારનો ભોગ બનતી બચાવવા માટે અનુકરણ કરશે એવો નિર્દેશ પણ આપ્યો છે, જે આવકારપાત્ર છે. સોશિયલ મીડિયાના નિરઅંકુશ પ્રસારનો પ્રભાવ બાળકોનાં માનસ ઉપર પડે છે - તે કોઈ કેફી દ્રવ્યના વ્યસનની જેમ બરબાદી કરે છે અને આ વાસ્તવિક ભયસ્થાનની ચર્ચા હવે વિશ્વમાં થઈ રહી છે, ચિંતા પણ વ્યક્ત થાય છે, પણ ઘણા ઓછા દેશોએ તેમની ઊગતી યુવા પેઢીને બચાવવાના પ્રયાસ કર્યા છે. હકીકતમાં સમૃદ્ધ દેશોમાં જે છૂટછાટ અને યુવા પેઢીને અમર્યાદ આઝાદી આપી છે તેની અસર દુનિયાના વિકસતા દેશો ઉપર પડી છે. પરિણામે સમસ્ત યુવા પેઢીનું ભવિષ્ય બરબાદી તરફ ધકેલાઈ રહ્યું છે. ભારતમાં આઈટી વિભાગના પ્રધાન અશ્વિની વૈષ્ણવે પણ આ દિશામાં ભયસૂચક રેડ લાઈટ બતાવી છે અને સોશિયલ મીડિયા કંપનીઓ સાથે ચર્ચા કરીને શ્રોતા-દર્શકોની વયને આધારિત નિયંત્રણો મૂકવાની વિચારણા થઈ છે અને હજુ થઈ રહી છે, ત્યારે વડાપ્રધાન મોદીએ નિર્દેશ આપ્યા પછી આ દિશામાં ઝડપી પગલાં આવવાની આશા વધી છે, હકીકતમાં હવે રાહ જોવાઈ રહી છે. ઓસ્ટ્રેલિયાએ ૧૬ વર્ષથી ઓછી વયના કિશોર વર્ગ માટે સોશિયલ મીડિયાની 'બારી' બંધ કરવાની કાનૂની જોગવાઈ કરી છે. વિશ્વભરમાં ઓસ્ટ્રેલિયા પ્રથમ દેશ છે, જ્યાં ઈન્સ્ટાગ્રાફ, ફેસબૂક, ટિકટોક, યુ-ટયુબ તથા સ્નેપચેટ જેવાં પ્લેટફોર્મનો ઉપયોગ સોળ વર્ષથી નીચેની વયનાં બાળકો માટે પ્રતિબંધિત છે. વડાપ્રધાન મોદીએ કહ્યું છે કે, ઓસ્ટ્રેલિયાએ કરેલી પહેલ સમગ્ર દુનિયા માટે પ્રેરણા, માર્ગસૂચક છે. ભારતમાં કર્ણાટકમાં સોળ વર્ષની વય સુધીનાં બાળકો માટે પ્રતિબંધ મૂકવાનો પ્રસ્તાવ છે. આંધ્રમાં તેર વર્ષની વયમર્યાદા છે અને ગોવામાં પણ તૈયારી થઈ રહી છે. વડાપ્રધાને સ્પષ્ટ નિર્દેશ આપ્યા પછી હવે ભારતભરમાં - અન્ય રાજ્યોએ આ દિશામાં સમયસર અને વયબદ્ધ નિયંત્રણો જાહેર કરવા જોઈએ. સોશિયલ મીડિયાના નિરંકુશ ઉપયોગ બાળમાનસ પર વિપરીત અસર કરે છે, કિશોર વયે આવતો ઉશ્કેરાટ, સ્ટ્રેસની ગંભીર અસર નીપજાવે છે. રમવાની, જાણવાની, ભણવાની, વિકસવાની ઉંમરે મોબાઈલ, લેપટોપમાં બંધાઈ જતા ભારતીય બાળમાનસને પણ યોગ્ય નિયંત્રણ સાથે ઉગારી લેવાની આવશ્યકતા છે.

**હકીકતમાં સમૃદ્ધ દેશોમાં જે છૂટછાટ અને યુવા પેઢીને અમર્યાદ આઝાદી આપી છે તેની અસર દુનિયાના વિકસતા દેશો ઉપર પડી છે. પરિણામે સમસ્ત યુવા પેઢીનું ભવિષ્ય બરબાદી તરફ ધકેલાઈ રહ્યું છે.**

**આ કામ ઓસ્ટ્રેલિયાએ નાગરિક પરમાણુ ઉપયોગ માટે ભારતને યુરેનિયમ વેચવા આપેલી સંમતિ છે.**

# યુરેનિયમ કરાર, કોને કેમ મરચાં લાગ્યાં?

## કૉંગ્રેસ ૨૦૧૧માં ઓસ્ટ્રેલિયાએ મંજૂરી આપી દીધેલી તેની પિપૂડી વગાડે છે પણ સૈદ્ધાંતિક મંજૂરીને શું કરવાની ? સૈદ્ધાંતિક મંજૂરીથી થોડાં પરમાણુ મથકો ચાલુ થવાનાં છે ?

આપણા વડા પ્રધાન નરેન્દ્ર મોદી ઓસ્ટ્રેલિયા જઈ આવ્યા. મોદીના બે દિવસના ઓસ્ટ્રેલિયા પ્રવાસ દરમિયાન મેલબોર્નના સ્ટેડિયમમાં 'મોદી મોદી'ના નારા લાગ્યા કે મોદીએ ઓસ્ટ્રેલિયન ટી-૨૦ લીગ બિગ બેશની લીગ મેચો ભારતના ચેન્નાઈમાં રમાડવાની જાહેરાત કરી એવા ફાલતુ મુદ્દાઓને મીડિયામાં બહુ ચગાવાયા પણ મોદીએ દેશના હિતમાં કરેલા અસલી કામની બહુ નોંધ ના લેવાઈ.

આ કામ ઓસ્ટ્રેલિયાએ નાગરિક પરમાણુ ઉપયોગ માટે ભારતને યુરેનિયમ વેચવા આપેલી સંમતિ છે. ઓસ્ટ્રેલિયા ભારતને કેટલું યુરેનિયમ આપશે તેનો ફોડ નથી પડાયો પણ મોદી અને ઓસ્ટ્રેલિયન વડા પ્રધાન એન્થોની અલ્બેનીઝ વચ્ચે થયેલા કરાર હેઠળ ઓસ્ટ્રેલિયા ભારતને હવે સતત યુરેનિયમનો જથ્થો આપ્યા કરશે એ સ્પષ્ટ રીતે કહેવાયું છે તેથી ભારતને બહુ મોટી રાહત થઈ ગઈ છે.

ઓસ્ટ્રેલિયાના નિર્ણયથી ભારત માટે પ્રદૂષણ ઘટાડીને વીજ ઉત્પાદન કરવા આડેનો એક બહુ મોટો અવરોધ દૂર થઈ ગયો છે. ભારતે સંખ્યાબંધ પરમાણુ મથકો સ્થાપ્યાં છે અને આ કામ ચાલુ જ છે. હજુય ભારત એક પછી એક પરમાણુ ઊર્જા મથકોની સ્થાપના કરી રહ્યું છે કેમ કે દેશની ઊર્જા જરૂરિયાત પણ રોજ રોજ વધતી જાય છે. કોલસા આધારિત વીજમથકોના કારણે પર્યાવરણની ગંભીર સમસ્યાઓ પણ પેદા થઈ રહી છે તેથી ભારતનો પરમાણુ ઊર્જા મથકો સ્થાપ્યા સિવાય છૂટકો નથી. આ મથકોને યુરેનિયમનો અવિરત જથ્થો મળતો રહેવો જોઈએ. વિશ્વમાં અમેરિકા અને ઓસ્ટ્રેલિયા પાસે જંગી પ્રમાણમાં યુરેનિયમ છે પણ બંને દેશો ભારતને યુરેનિયમ આપવામાં છૂટો હાથ નથી રાખતા. તેના કારણે આપણે પરમાણુ મથકોની ક્ષમતા જેટલી વીજળી પણ પેદા કરી શકતા નથી. ઓસ્ટ્રેલિયા ભારતને સતત યુરેનિયમ આપ્યા કરે તો ભારતનાં પરમાણુ વીજમથકો ધમધમતાં થઈ જાય ને કોલસા પરની આપણી નિર્ભરતા ઘટે. અત્યારે ભારતના વીજ ઉત્પાદનમાં પરમાણુ વીજળીનો ફાળો માંડ ૩ ટકા છે. મોદી સરકારે ૨૦૪૭ સુધીમાં આ પ્રમાણ વધારીને ૩૦ ટકા કરવાનું અને ૧૦૦ ગિગાવોટ પરમાણુ વીજળી પેદા કરવાનું લક્ષ્ય નક્કી કર્યું છે. આ લક્ષ્યને પાર પાડવાનો બધો મદાર ઓસ્ટ્રેલિયા પર છે કેમ કે વિશ્વમાં અત્યાર સુધી શોધાયેલા યુરેનિયમના ભંડારના લગભગ ૨૮ ટકા ઓસ્ટ્રેલિયા પાસે છે. દુનિયામાં સૌથી મોટા ભંડાર ચીન પાસે છે પણ ચીનની પોતાની જરૂરિયાત જ બહુ મોટી છે તેથી એ આપણને યુરેનિયમ આપે એ વાતમાં માલ નથી. ઓસ્ટ્રેલિયા પોતાને ત્યાં ખનન કરીને કઢાતા તમામ યુરેનિયમની નિકાસ કરે છે કેમ કે ઓસ્ટ્રેલિયા નથી પરમાણુ વીજમથકો ચલાવતું કે નથી પરમાણુ શસ્ત્રો બનાવતું. આ સંજોગોમાં ભારત માટે ઓસ્ટ્રેલિયા યુરેનિયમની જરૂરિયાત પૂરી કરવા માટે શ્રેષ્ઠ વિકલ્પ છે. કઝાખસ્તાન પાસે પણ મોટા પ્રમાણમાં યુરેનિયમનો જથ્થો છે. ભારત શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશનનું સભ્ય બન્યું પછી કઝાખસ્તાન પણ ભારતને યુરેનિયમ આપવા સહમત થયું છે પણ કઝાખસ્તાન પાસે ઓસ્ટ્રેલિયા જેવી ટેકનોલોજી નથી ને યુરેનિયમની ગુણવત્તા પણ ઉતરતી છે તેથી ભારતને ઓસ્ટ્રેલિયાના યુરેનિયમમાં જ વધારે રસ હતો. ઓસ્ટ્રેલિયાએ આપણી લાગણીને સમજીને યુરેનિયમ આપવાની તૈયારી બતાવીને સારું કર્યું. કમનસીબે ભારતમાં આ નિર્ણયની ખુશી મનાવવાના બદલે દેશના બે મુખ્ય રાજકીય પક્ષો કૂતરાં-બિલાડાંની જેમ લડી રહ્યા છે. મોદી અને અલ્બેનીઝ વચ્ચે થયેલા કરારને પગલે ભાજપે મોદી સરકારની ઐતિહાસિક સિદ્ધિ ગણાવતી ટ્વીટ કરી તેના પગલે કૉંગ્રેસને મરચાં લાગી ગયાં છે. કૉંગ્રેસનું કહેવું છે કે, ઓક્ટોબર ૨૦૦૮ માં ભારત-અમેરિકા નાગરિક પરમાણુ કરાર પર હસ્તાક્ષર થયા પછી ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ વડા પ્રધાન જુલિયા ગિલાર્ડે ડિસેમ્બર ૨૦૧૧માં ભારતને યુરેનિયમ વેચાણની મંજૂરી આપવા માટે લેબર પાર્ટીની મંજૂરી મેળવી લીધી હતી તેથી આ નિર્ણયમાં કશું નવું નથી એટલે ભાજપ જશ ખાટવાનું છોડી દે. કૉંગ્રેસની વાત હાસ્યાસ્પદ છે કેમ કે ઓસ્ટ્રેલિયાએ ભલે ભારતને યુરેનિયમ આપવાની તૈયારી બતાવી પણ અત્યાર લગી યુરેનિયમ આપ્યું નથી. ભારતે ૧૯૯૮માં પરમાણુ પરીક્ષણ કર્યું તેના પગલે અમેરિકા સહિતના દેશોએ ભારત પર ઢગલાબંધ પ્રતિબંધો મૂક્યા તેમાં એક મુદ્દો ભારતને યુરેનિયમનું વેચાણ નહી કરવાનો પણ હતો. ડો. મનમોહનસિંહની સરકારે ૨૦૦૮માં અમેરિકા સાથે કરેલા પરમાણુ કરારને પગલે ન્યુક્લિયર સપ્લાયર્સ ગ્રૂપે છૂટ આપી પછી ભારતને ન્યુક્લિયર સપ્લાયર્સ ગ્રૂપના સભ્ય દેશો પાસેથી યુરેનિયમ ખરીદવાની મંજૂરી મળી ગઈ હતી. તેના પગલે ૨૦૧૧માં ઓસ્ટ્રેલિયાની સરકારે સૈદ્ધાંતિક છૂટ આપી અને ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ૨૦૧૪માં થયેલા નાગરિક પરમાણુ કરાર હેઠળ ઓસ્ટ્રેલિયા ભારતને નાગરિક પરમાણુ ઉપયોગ માટે એટલે કે વીજળી પેદા કરવા યુરેનિયમ આપવા સૈદ્ધાંતિક રીતે સંમત થયેલું પણ તેનું કદી પાલન નહોતું કર્યું. ભારત વારંવાર ઓસ્ટ્રેલિયાને પરમાણુ કરારનો અમલ કરીને યુરેનિયમ આપવા વિનંતી કરતું હતુ પણ ઓસ્ટ્રેલિયા એક યા બીજા બહાને વાત ટાળી દેતું હતું તેથી વાસ્તવિક રીતે કદી કરારનો અમલ ના થયો. ઓસ્ટ્રેલિયાને સૌથી મોટો વાંધો એ હતો કે, ભારતે પરમાણુ બિન પ્રસાર સંધિ પર સહી કરી નથી. આ કારણે બંને દેશો વચ્ચે છેલ્લા ૧૨ વર્ષથી પરમાણુ કરાર અસ્તિત્વમાં હોવા છતાં ભારતને યુરેનિયમ મળતું નહોતું. હવે મોદીની ઓસ્ટ્રેલિયા યાત્રા દરમિયાન મેલબોર્નમાં યોજાયેલા ભારત-ઓસ્ટ્રેલિયા વાર્ષિક સમિટમાં થયેલી ચર્ચાના કારણે ઓસ્ટ્રેલિયનોના મનમાં રામ વસ્યા હશે તેથી લાંબા સમયથી લટકેલી સમસ્યાનો નિવેડો લાવીને ભારતને યુરેનિયમ વેચવા ઓસ્ટ્રેલિયા રાજી થઈ ગયું તેથી તેનો જશ મોદી સરકાર ખાટે તેમાં કશું ખોટું નથી.

કૉંગ્રેસ ૨૦૧૧માં ઓસ્ટ્રેલિયાએ મંજૂરી આપી દીધેલી તેની પિપૂડી વગાડે છે પણ સૈદ્ધાંતિક મંજૂરીને શું કરવાની ? સૈદ્ધાંતિક મંજૂરીથી થોડાં પરમાણુ મથકો ચાલુ થવાનાં છે ? પરમાણુ મથકો ચલાવવા યુરેનિયમ જોઈએ ને કૉંગ્રેસની સરકાર યુરેનિયમ આપવા માટે ઓસ્ટ્રેલિયાને રાજી નહોતી કરી શકી એ વાસ્તવિકતા છે. કોંગ્રેસે આ વાસ્તવિકતા સ્વીકારવાની જરૂર છે.

કૉંગ્રેસે હકારાત્મક વલણ અપનાવીને વિપક્ષની ભૂમિકા ભજવવાની જરૂર છે. ઓસ્ટ્રેલિયા ભારતને યુરેનિયમ આપવા તૈયાર થયું તેના મૂળમાં કૉંગ્રેસ સરકારે ૨૦૦૮માં અમેરિકા સાથે કરેલો પરમાણુ કરાર છે. ડૉ. મનમોહનસિંહની સરકારે ૨૦૦૮માં અમેરિકા સાથે પરમાણુ કરાર કરીને ભારત સાથે બીજા દેશોને પરમાણુ મુદ્દે સહકારનો તખ્તો તૈયાર કરી નાંખેલો.

**સ્વસ્થ- ફિટ રહેવા માટે હમેંશા ભુખ કરતા ઓછા પ્રમાણમાં જમો**

# હમેંશા ચુસ્ત અને ફિટ રહેવા શુ કરવુ

**■ ભુખ કરતા વધારે પ્રમાણમાં ભોજન કરવાથી આરોગ્યને લગતી નવી નવી સમસ્યા થાય છે : વધુ ભોજનથી પાચનક્રિયામાં મુશ્કેલી થાય છે**

કોરોના વાયરસના કારણે હાલમાં લોકોમાં ભારે ફફડાટ છે ત્યારે લોકો ફિટનેસને જાળવવા માટે દરેક પ્રવૃતિ કરી રહ્યા છે. રોગ પ્રતિકારક ક્ષમતાને લોકો વધારી રહ્યા છે. વધતા જતા કોરોનાના ખતરા વચ્ચે ફિટનેસને જાળવી રાખવા માટે મોટા ભાગના લોકો ધ્યાન આપી શકતા નથી. શિસ્ત નહીં પાળનાર લોકો કેટલીક વખત ભુખ કરતા વધારે ભોજન કરી લે છે. આરામ કરવાના ઈચ્છુક લોકો આવી ટેવ ધરાવે છે. જો કે હાલમાં સ્વસ્થ અને ફિટ રહેવા માટે લોકો બનતા તમામ પ્રયાસો કરે તે જરૂરી છે. કેટલાક લોકો તો ફિટનેસને હાંસલ કરવા માટે જંગી રકમ ખર્ચ કરી નાંખે છે. છતાં કેટલાક લોકો આરોગ્ય મેળવી લેવામાં સફળ રહેતા નથી. હાલમાં કરવામાં આવેલા નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે સારી હેલ્થ રાખવા માટે હમેંશા જેટલી ભુખ હોય તેના કરતા ઓછા પ્રમાણમાં ભોજન કરવુ જોઈએ. આંતરડા અમારા પાચન તંત્રના મુખ્ય અંગ તરીકે છે. મોટા આંતરડા અને નાના આંતરડા અમારી પાચન ક્રિયામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરી હતી. નિષ્ણાંત તબીબો કહે છે કે અમે જે ભોજન કરીએ છીએ તેમાંથી આંતરડા સારી અને સ્વસ્થ તેમજ પૌષ્ટિક ચીજો કાઢે છે. જયારે ઝેરી ચીજોને શરીરની બહાર કાઢી નાંખે છે. આંતરડા પણ યોગ્ય રીતે કામ કરી શકે તે માટે પણ કેટલાક પગલા લેવાની જરૂર હોય છે. આંતરડાને સ્વસ્થ રાખવા માટે પણ કેટલાક પગલા લેવા જોઈએ. નિષ્ણાંત લોકો કહે છે કે પોતાની ભુખ કરતા હમેંશા ઓછા પ્રમાણમાં ભોજન કરવાથી લાભ થાય છે. જયારે ભુખ કરતા વધારે પ્રમાણમાં જમવાના કારણે આરોગ્યની સમસ્યા ઉભી થઈ શકે છે. વધારે જમવાથી માત્ર વજન વધતુ નથી. સાથે સાથે અમારા આંતરડાની સક્રિયતા ઓછી હોય છે.

કારણ કે વધારે પ્રમાણમાં ભોજન કરવાથી આંતરડાને પાચનમાં ભારે તકલીફ પડે છે. પોતાના ભોજનમાં ઉચ્ચ ફાયબરમુક્ત ભોજનને સામેલ કરવાથી આના કારણે ફાયદો થાય છે. ફાયબરયુક્ત ભોજન કરવાથી ફાયદો થાય છે. તે સારી રીતે પચી જાય છે. તે આંતરડાને વધારે સક્રિય પણ રાખે છે. વાસી ભોજન કરવાથી દુર રહેવાની પણ હમેંશા જરૂર હોય છે. વાસી ચીજો ખાવાથી કેટલીક તકલફ ઉભી થઈ જાય છે. ખોરાકી ઝેરની અસર થઈ શકે છે.

તે પાચન સંબંધિત તકલીફને જન્મ આપે છે. ફાઈબરયુક્ત સંતુલિત ચીજો ભોજનમાં ઉપયોગમાં લેવામાં આવે તે જરૂરી છે. શાકભાજી, ફળફળાદી , અનાજ અને નટ્સમાં ફાઈબર ચીજો વધારે પ્રમાણમાં ઉપયોગમાં લેવાથી ફાયદો થાય છે. ફાઈબર આપના આંતરડાને સ્વસ્થ કરવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરે છે. પાણી પિવાના કેટલાક ફાયદા છે. આના કારણે અમે અમારા શરીરમાં રહેલા ઝેરી પદાર્થોને બહાર કરી દઈએ છીએ. આંતરડાને પણ સ્વસ્થ રાખીએ છીએ. જો તમે વધારે પ્રમાણમાં ફાયબર ભોજનમાં લઈ રહ્યા છો અને સાથે સાથે પુરતા પ્રમાણમાં પાણી પિતા નથી તો આપના આંતરડાને નુકસાન થઈ શકે છે. જેથી પુરતા પ્રમાણમાં પાણી પિવામાં આવે તે જરૂરી છે. જો તમે માંસાહારી છો અથવા તો નોન વેજેટેરિયન છો તો લીન મીટનો

ઉપયોગ કરવામાં આવે તે જરૂરી છે. આના કારણે આંતરડાની ગતિવિધી સ્વસ્થ રહે છે. લીન મીટના કારણે ભોજન સરળતાથી પચી જાય છે. સાથે સાથે આંતરડા સારી રીતે કામ કરે છે. તેમાં પોષ્ટિક તત્વો હોય છે. જે ઈમ્યુનિટી પાવરને મજબુત કરવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરે છે. લીન મીટ જેમ કે ફિશનો ઉપયોગ કરવાથી વધારે ફાયદો થાય છે. તેમાં પુરતા પ્રમાણમાં પ્રોટીન હોય છે. જે પાચન ક્રિયાને મજબુત બનાવે છે. સાથે સાથે પ્રોટીનની કમીને દુર કરે છે. રેડ મીટનો ઉપયોગ ન કરવાની સલાહ નિષ્ણાંતો આપે છે. રેડ મિટમાં વાસી પદાર્થોનુ પ્રમાણ વધારે હોય છે. જેના કારણે શરીરમાં વજન વધી શકે છે. આ ઉપરાંત તેમાં રહેલ કોલેસ્ટ્રોલ આંતરડા પર માઠી અસર કરે છે. આયુર્વેદ નિષ્ણાંત કહે છે કે આંતરડાને સ્વસ્થ રાખવા માટે આરામ કરવાની જરૂર હોય છે. પુરતા પ્રમાણમાં ભોજન કરવાની ટેવ હમેંશા ઉપયોગી રહે છે.

# પીઓકેમાં જનાક્રોશને દબાવવા પાકિસ્તાન આતંકીઓના શરણે

## આતંકવાદી સંગઠનોએ તાત્કાલિક પીઓકેના મુખ્ય શહેર મુઝફ્ફરાબાદમાં 'જમાત-એ-ઈસ્લામી'ની બેઠક કરી

પાકિસ્તાને પચાવી પાડેલા કાશ્મીર (પોક)માં લોકો પાકિસ્તાની આર્મી અને સરકાર સામે ઉગ્ર આંદોલન ચલાવી રહ્યાં છે અને લાખો લોકો રસ્તા પર ઊતરી આવ્યા છે ત્યારે પાકિસ્તાન સરકારે આંદોલનને દબાવી દેવા નવો દાવ ખેલ્યો છે. પાકિસ્તાન આર્મી આ આંદોલનને દબાવી દેવા માટે મથી રહ્યું છે પણ લોકોનો આક્રોશ એટલો પ્રચંડ છે કે સફળ નથી થઈ રહી એટલે પાકિસ્તાન સરકારે પીઓકેનાં લોકોને ડરાવવા માટે પોતાના પીઠ્ઠુ એવાં આતંકવાદી સંગઠનોને મેદાનમાં ઉતાર્યાં છે.

આતંકવાદી સંગઠનોએ તાત્કાલિક પીઓકેના મુખ્ય શહેર મુઝફ્ફરાબાદમાં 'જમાત-એ-ઈસ્લામી'ની બેઠક કરી અને પછી જાહેર સભા પણ કરી. આ જાહેર સભામાં પીઓકેનાં લોકોના અધિકારો માટે લડી રહેલી 'જોઈન્ટ અવામી એક્શન કમિટી' (ત્નછછઝ) ને ભારતના દલાલોની બનેલી સમિતી ગણાવી દીધી. સામાન્ય રીતે આતંકવાદી સંગઠનોની જાહેર સભામાં ભારત સામે ઝેર ઓકાતું હોય છે પણ આ સભામાં 'જોઈન્ટ અવામી એક્શન કમિટી' (ત્નછછઝ) ને નિશાન બનાવીને ઝેર ઓકાયું. જેએસીસીના નેતાઓ વિરુદ્ધ પણ બેફામ આક્ષેપબાજી થઈ ને તેનો અર્થ એ જ થાય કે, આ આખો ડ્રામા પાકિસ્તાનના ઈશારે થઈ રહ્યો છે. આતંકવાદીઓના આકાઓએ જેએસીસી પાકિસ્તાન સાથે 'ગદ્દારી' અને ભારતના હિતમાં કામ કરી રહી હોવાનો આક્ષેપ મૂકીને ખુલી ધમકી આપી કે, જેએસીસી પાકિસ્તાન સાથે 'ગદ્દારી' કરવાનું બંધ નહીં કરે તો તેનાં ગંભીર પરિણામો જેએસીસીના નેતા અને તેની સાથે સંકળાયેલાં લોકોએ ભોગવવાં પડશે. આતંકવાદીઓને માત્ર બંદૂકની ભાષા આવડે છે ને લોકોનાં ઢીમ ઢાળતાં આવડે છે એ જોતાં આ 'ગંભીર' પરિણામો શું હશે એ કહેવાની જરૂર છે ખરી ?આ જાહેર સભામાં પાકિસ્તાનના આતંકવાદી સંગઠન હિઝબુલ મુજાહિદ્દીનના ડેપ્યુટી ચીફ શમશેર ખાને ભારતના કબજા હેઠળના જમ્મુ અને કાશ્મીરમાં પાકિસ્તાની આતંકવાદીઓ માર્યા ગયા છે અને ત્યાં જ દફનાવવામાં આવ્યા છે એવી કબૂલાત કરી તેને વધારે મહત્ત્વ અપાયું છે પણ આતંકવાદીઓએ જેએસીસી સામે મોરચો ખોલ્યો એ વાતની નોંધ જ નથી લેવાઈ.

શમશેર ખાને એવો દાવો કર્યો છે કે, સમગ્ર પાકિસ્તાનમાંથી આવતા આતંકવાદીઓએ કાશ્મીરના જંગમાં જીવ ગુમાવ્યા છે. કાશ્મીરના લોલાબ અને કુપવાડાથી લઈને કઠુઆ સુધીના દરેક શહેરમાં પાકિસ્તાની આતંકીઓની કબરો આવેલી છે અને જમ્મુ અને કાશ્મીરનું એક પણ કબ્રસ્તાન પાકિસ્તાની આતંકીઓના અવશેષો વિના ખાલી નથી. સમશેરે તો કાશ્મીરીઓનું પાકિસ્તાન સાથેનું જોડાણ એકદમ મજબૂત હોવાનો દાવો કરીને એવું પણ કહ્યું કે, પાકિસ્તાન અને કાશ્મીરનાં લોકો વચ્ચે કોઈ નફરત પેદા કરી શકે તેમ નથી.સમશેર ખાનના દાવાના કારણે કાશ્મીરમાં પાકિસ્તાની આતંકવાદીઓ સક્રિય હોવાનું પહેલી વાર કબૂલ કરાયું છે એવું અર્થઘટન કરીને આ બહુ મોટી વાત હોય એ રીતે તેને મીડિયાએ રજૂ કરી પણ વાસ્તવમાં સમશેર ખાનના દાવાનું કોઈ મહત્ત્વ નથી. સમશેર ખાન એક ટૂણિયાટ આતંકવાદી છે ને એ લોકોની સામે કોઈ પણ દાવો કરે તેની કોઈ કિંમત નથી. પાકિસ્તાન સરકારના કોઈ મંત્રી કે આર્મી ઓફિસરે આ વાત કરી હોત તો હજુ પણ તેને ગંભીરતાથી લઈ શકાય પણ એક આતંકવાદી દાવો કરે તેની શું કિંમત? આતંકવાદીના દાવાના કારણે પાકિસ્તાન જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદ ફેલાવે છે એવું કઈ રીતે સાબિત કરી શકાય ?બીજું એ કે, પાકિસ્તાન જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદ ફેલાવે છે એ ઓપન સીક્રેટ છે. સમશેર ખાને તો થૂંક ઉડાડીને જાહેર સભામાં આ વાત કરી પણ ભૂતકાળમાં પાકિસ્તાન જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદ ફેલાવે છે તેના નક્કર પુરાવા ભારતને મળ્યા છે ને ભારતે આ પુરાવા પાકિસ્તાનને આપ્યા છે છતાં પાકિસ્તાન સાવ નામક્કર જ ગયું છે. ૨૦૦૮ના મુંબઈ હુમલામાં સામેલ અજમલ કસાબ સહિતના આતંકવાદી પાકિસ્તાની હતા. જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદ પાકિસ્તાનીઓ ફેલાવે છે તેનો વધારે મોટો પુરાવો બીજો ક્યો હોઈ શકે ? પાકિસ્તાને એ પુરાવો માન્ય રાખીને પોતે જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદ ફેલાવે છે એવું સ્વીકાર્યું ?કંદહાર વિમાન અપહરણકાંડ વખતે ભાજપ સરકારે જેને છોડી મૂક્યો એ મસૂદ અઝહર સહિતના ઢગલાબંધ પાકિસ્તાનીઓ ભારતમાં આતંકવાદ ફેલાવતાં ઝડપાયા છે છતાં પાકિસ્તાન પોતે જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદ ફેલાવે છે એવું ના સ્વીકારતું હોય તો સમશેર ખાન જેવા ટૂણિયાટ આતંકવાદીના કહેવાથી એ વાત સ્વીકારી લેશે એ વાતમાં માલ નથી. આ સંજોગોમાં સમશેરના નિવેદનની કોઈ કિંમત નથી પણ સમશેર સહિતના આતંકવાદીઓ પીઓકેનાં લોકોની લડતને દબાવી દેવા મેદાનમાં ઊતરે એ બહુ મોટી વાત છે. પીઓકેમાં અત્યારે ચાલી રહેલા આંદોલનને કારણે પીઓકે ભવિષ્યમાં ભારતમાં ભળે એવી પ્રબળ શક્યતા ઉભી થઈ છે કેમ કે પીઓકેનાં લોકો પોતે પાકિસ્તાની નથી એવું ખુલ્લેઆમ કહી રહ્યાં છે. 'જોઈન્ટ અવામી એક્શન કમિટી' (ત્નછછઝ) ના નેતા સરદાર અમન ખાને ભારત પાસે ખુલ્લેઆમ મદદ માગી છે. પાકિસ્તાનની નાકાબંધીથી ભૂખે મરી રહેલાં પીઓકેનાં લોકોને માનવતાના ધોરણે સહાય મોકલવા અને પીઓકેનાં લોકોને ભારતમાં પ્રવેશની મંજૂરી આપવા માટે સહરદ ખોલી દેવા અમન ખાને અપીલ કરી છે. આ અપીલનો મતલબ એ થયો કે, પાકિસ્તાનથી ત્રસ્ત લોકોને ગમે તે ભોગે છુટકારો જોઈએ છે અને ભારત પોતાનો હાથ ઝાલે એવી તેમની ઈચ્છા છે. પાકિસ્તાને આતંકવાદીઓને મેદાનમાં ઉતાર્યા તેનું કારણ આ અપીલ છે. ભારત પીઓકેને પોતાનો જ વિસ્તાર ગણાવે છે તેથી પીઓકેનાં લોકો ભારતનાં નાગરિક જ કહેવાય. આ નાગરિકોને બચાવવા માટે ભારત લશ્કરી કાર્યવાહી કરે તો પીઓકે પોતાના હાથમાંથી જતું રહે તેથી ડરેલું પાકિસ્તાન આતંકવાદીઓના શરણે ગયું છે. પાકિસ્તાને જોઈન્ટ અવામી એક્શન કમિટીના સર્વોચ્ચ નેતા શૌકત નવાઝ મીરને તેમના સાથીઓ સાથે પકડીને જેલમાં નાખી દીધા છે. જેએસીસીના બીજા ૬૦૦થી વધુ નેતાઓ અને કાર્યકરોને પણ અટકાયતમાં લેવામાં આવ્યા છે છતાં પીઓકેની પ્રજા ડગી નથી એટલે હવે પાકિસ્તાન આતંકવાદી સરદારોનો સહારો લઈને તેમને ડરાવવાની નીચ હરકત પર ઊતર્યું છે. પાકિસ્તાનના પીઠ્ઠુ આતંકવાદીઓની સક્રિયતા પીઓકેના પાકિસ્તાન વિરોધી આંદોલનને ફટકો મારી શકે છે કેમ કે, મોતથી બધાંને ડર લાગતો હોય છે. આતંકવાદીઓ પાકિસ્તાનના ઈશારે પીઓકેમાં ભારતતરફી લોકોનાં ઢીમ ઢાળવા માંડે તો ડર તો પેદા થાય જ ને ડર પેદા થાય એટલે લોકો પાકિસ્તાન સરકાર સામે રસ્તા પર ઊતરવાનું બંધ કરે તેથી આંદોલનની આપોઆપ હવા નીકળી જાય.ભારત સરકારની આ ઘટનાક્રમ પર ચાંપતી નજર હશે જ. સરકારની પોતાની સ્ટ્રેટેજી પણ હશે જ પણ આતંકવાદીઓ બંદૂકના જોરે આંદોલનને શાંત પાડે એ પહેલાં ભારતે કશુંક કરવું જરૂરી છે. પીઓકેનાં લોકો અત્યારે ભારત તરફ આશાભરી મીટ માંડીને બેઠાં છે ત્યારે ભારત તેમને નિરાશ ના કરે એ જરૂરી છે.

# સેન્સરનો સાણસો... - ફિલ્મમેકરને પડે ફડકો

વાત વીસમી સદીની છે. પરણીને આવેલી નવી વહુનું સાસુમા બારીકાઈથી નિરીક્ષણ કરતાં. એની ખૂબીઓ વિશે મનમાં ને મનમાં રાજી થતાં, પણ એમનું કામ નવોઢામાં રહેલી ખામીઓ બિલોરી કાચથી શોધી કાઢવાનું રહેતું. સાસરિયાના ઉંબરે પગ મૂકતી વહુને સૌથી મોટો ફડકો નવી જવાબદારીઓનો નહીં, પણ સાસુ શું ભૂલ શોધી કાઢશે એનો રહેતો. એકવીસમી સદીની સાસુ વહુની ખોડ કાઢવાની હિંમત નથી કરતાં અને જો ભૂલ શોધી કાઢે તો વહુ એને ગણકારતી નથી.

જોકે ૧૯૫૨માં 'સેન્ટ્રલ બોર્ડ ઑફ ફિલ્મ સેન્સર્સ' તરીકે સ્થપાયેલી અને ૧૯૮૯થી 'સેન્ટ્રલ બોર્ડ ઑફ સર્ટિફિકેશન' (સીબીએફસી) તરીકે ઓળખાતી વૈધાનિક સંસ્થા દરેક નવી ફિલ્મમાં ખોડ શોધી કાઢતી સાસુનું કામ આજે પણ કરતી હોવાથી ફિલ્મમેકરના દિલ-દિમાગમાં ફડકો પેદા કરે છે. સેન્સરના સાણસામાં ભેરવાઈ જવાની આશંકા-ભય સતાવતા હોય છે. સેન્સર સાસુની આંખ ક્યાં લાલ થશે અને 'આ નહીં ચાલે'નો આદેશ શેના માટે છૂટશે એનો ક્યાસ કાઢવો આસાન નથી.

અહીં વાત છે માનવ અધિકાર કાર્યકર્તા જસવંત સિંહ ખાલરાના જીવન અને કવન પર આધારિત 'સતલુજ' ફિલ્મની. પંજાબના વિપરીત સમયકાળમાં જસવંત સિંહની ન્યાય માટેની લડાઈ ફિલ્મનું કથાબીજ છે. ફિલ્મમાં દિલજિત દોસાંઝ પ્રમુખ ભૂમિકામાં છે અને અર્જુન રામપાલ, કંવલજીત સિંહ, ગીતિકા વિદ્યા ઓહલ્યન સહ કલાકારો છે. અગાઉ આ ફિલ્મનું નામ 'પંજાબ ૯૫' હતું, જે સેન્સર બોર્ડના આદેશથી બદલીને 'સતલુજ' કરવામાં આવ્યું હતું. જોકે જાણવા જેવી વાત એ છે કે ફિલ્મનું શૂટિંગ શરૂ થયું ત્યારે એનું નામ 'ઘલ્લુઘારા' રાખવામાં આવ્યું હતું.

૧૯૯૦ના દશકમાં પંજાબ પોલીસના અત્યાચારમાં મોટી સંખ્યામાં શીખ લોકોની હત્યા કરવામાં આવી હતી અને એના અંતિમસંસ્કાર ગુપ્ત રીતે કરવામાં આવ્યા હતા જેથી જનતાને એની જાણ ન થાય. જસવંત સિંહ ખાલરાએ એનો પર્દાફાશ કરતાં એમની હત્યા કરવામાં આવી હતી.અત્યંત સંવેદનશીલ કથા ધરાવતી ફિલ્મના કેટલાક હિસ્સામાં જાતીયવાદને ઉત્તેજન આપતાં ઉશ્કેરણીજનક સંવાદથી હિંસા ફેલાઈ શકે છે, એકંદરે આ ફિલ્મ દેશની અખંડતા સામે પ્રશ્ન ઊભા કરે છે અને કેટલાક દેશ સાથેના સંબંધો



પર એની અવળી અસર પડી શકે છે એવું સેન્સર બોર્ડનું તારણ હતું.

એટલે કેટલાક સંવાદ દૂર કરવાનો, ૨૧ કટ કરવાનો અને એનું ટાઈટલ બદલવાનો આદેશ આપવામાં આવ્યો. ફિલ્મના નિર્માતાએ આ આદેશ વિરુદ્ધ અદાલતમાં અરજી દાખલ કરી. સુનાવણી દરમિયાન સેન્સર બોર્ડએ જણાવ્યું કે બહુ જલદી નિર્ણય જાહેર થશે. નિર્ણય આવ્યો એમાં ફરી ફિલ્મનું નામ બદલવાનું કહેવામાં આવ્યું અને બીજા સંખ્યાબંધ (૧૨૭) કટ કરવા જણાવવામાં આવ્યું.

જોકે, સેન્સરની માગણીઓનો અસ્વીકાર કરી નિર્માતાએ ફરી અદાલતમાં અપીલ કરી. ચારેક વર્ષથી ચાલી રહેલી લડતથી કંટાળી એક



પણ કટ વિના, બધું ક્ધટેન્ટ એમનું એમ રાખી અને નવું ટાઈટલ 'સતલુજ' રાખી ફિલ્મ થિયેટરને બદલે કોઈ પણ પ્રકારના પ્રમોશન વિના ચુપચાપ ઓટીટી પ્લૅટફૉર્મ પર રિલીઝ કરી દીધી....

બે દિવસ દરમિયાન અસંખ્ય લોકોએ આ ફિલ્મ જોઈ લીધી. અચાનક સેન્સર બોર્ડનું ધ્યાન પડતાં ઓટીટી પ્લૅટફૉર્મ પરથી ફિલ્મ હટાવી દેવી પડી છે. ભારતમાં સેન્સર બોર્ડના સર્ટિફિકેટ વિના ફિલ્મ રિલીઝ નથી કરી શકાતી અને 'સતલુજ'ને સર્ટિફિકેટ નથી મળ્યું. નોંધવાની વાત એ છે કે બે દિવસમાં ફિલ્મ જોનારામાંથી અનેક લોકોએ એની પ્રશંસા કરી છે. આમ આવા વિવાદ બાદ આ ફિલ્મનું ભાવિ શું છે એ તો સેન્સર બોર્ડ જ જાણે.

મહારાષ્ટ્રના તેજસ્વી સમાજ સુધારક પતિ-પત્ની જ્યોતિરાવ ફુલે અને સાવિત્રીબાઈ ફુલેના જીવન અને કવન પર આધારિત 'ફુલે' ફિલ્મ પણ 'સતલુજ'ની જેમ બાયોપિક છે. અર્થપૂર્ણ ફિલ્મો બનાવવા માટે જાણીતા અનંત મહાદેવન લિખિત અને દિગ્દર્શિત અને પ્રતીક ગાંધી અને પત્રલેખા (અફલાતૂન ઍક્ટર એવી રાજકુમાર રાવની પત્ની)ને લીડ રોલમાં ચમકાવતી આ ફિલ્મ ગયા વર્ષે ૧૧ એપ્રિલ (મહાત્મા ફુલેની જન્મજયંતી)ના દિવસે રિલીઝ કરવાની ગણતરી હતી. ફિલ્મ વિશે ખાસ્સી ઉત્સુકતા પણ હતી.

જોકે રિલીઝના થોડા દિવસ પહેલાં બ્રાહ્મણ મહાસંઘ તરફથી વાંધાવચકા ઉઠાવવામાં આવ્યા અને સેન્સર બોર્ડે નિયત તારીખે ફિલ્મ રિલીઝ ન થવા દીધી. ફિલ્મમાં કેટલીક રજૂઆત સામે સેન્સરે વાંધો ઉઠાવ્યો હતો. એક સીનમાં બ્રાહ્મણના છોકરાઓ સાવિત્રીબાઈ પર મળ ફેંકતા દેખાડવામાં આવ્યા હતા. આ અને આવાં બીજા દૃશ્યો કાઢી નાખવાં અથવા બદલી નાખવાં એવાં સૂચનો સેન્સર બોર્ડ દ્વારા કરવામાં આવ્યાં. આનો તીવ્ર વિરોધ થયો, પણ અંતે સેન્સર બોર્ડના કટ સ્વીકારી ફિલ્મમાં કાપકૂપ કરી ફિલ્મ ૨૫ એપ્રિલે રિલીઝ કરવામાં આવી હતી. 'સતલુજ' અને 'ફુલે' એ બંને ફિલ્મમાં સત્ય દર્શાવવાની કોશિશ હતી એવો એના મેકરોનો દાવો છે. જોકે સેન્સરને કદાચ એની સામે જ વાંધો હતો.

'સિનેમેટોગ્રાફ ઍક્ટ ૧૯૫૨' હેઠળ માહિતી અને પ્રસારણ મંત્રાલયના નેજા હેઠળ સેન્સર બોર્ડ ઑફ ફિલ્મ સર્ટિફિકેશનની રચના કરવામાં આવી હતી. એ સમયે નૈતિકતાનો મુદ્દો નહોતો. ઉંમર અનુસાર (યુનિવર્સલ - યુ, યુ/એ ૭+/૧૩+/૧૬+, ઍડલ્ટ્સ ઓન્લી (એ) અને સ્પેશ્યલિસ્ટ (એસ) એવા સર્ટિફિકેટ આપવાની જવાબદારી હતી. જો કોઈ સીન કે સંવાદ મૅચ્યોર ઑડિયન્સ માટે હોય તો ફિલ્મને એ અનુસાર સર્ટિફિકેટ આપવામાં આવતું હતું.

આજનું સેન્સર બોર્ડ મોરલ પોલીસ બની ફિલ્મમેકરના દૃષ્ટિકોણમાં જ દખલગીરી કરે છે. જોકે 'મસ્તી' - 'ગ્રાન્ડમસ્તી'માં મહિલાઓને સેક્સ ઑબ્જેક્ટ દેખાડવામાં આવે છે ત્યારે કે 'કાંતારા'માં મહિલાને કમર પર ચીટિયો ભરવાનું દૃશ્ય આવે છે ત્યારે આ નૈતિકતાનો વાવટો કેમ લહેરાતો નથી એવો સવાલ થવો સ્વાભાવિક છે.



# 'માયસા' માટે રશ્મિકાએ અંડરવોટર એક્શન સીન કર્યા

### ભારતીય સિનેમાનો પ્રથમ મહિલા-કેન્દ્રિત અંડરવોટર ફાઇટ સીન કર્યાનો નિર્માતાઓનો દાવો

રશ્મિકા મંદાનાએ પોતાની આગામી પેન-ઈન્ડિયા ફિલ્મ 'માયસા' માટે એક મહત્વનો અંડરવોટર એક્શન સીન પુરો કર્યો છે. ફિલ્મના નિર્માતાઓનો દાવો છે કે આ ભારતીય સિનેમાની પ્રથમ મહિલા-કેન્દ્રિત અંડરવોટર ફાઈટ સિક્વન્સ છે. આ ફિલ્મમાં રશ્મિકા પોતાની કારકિર્દીના અત્યાર સુધીના સૌથી પડકારજનક એક્શન અવતારમાં જોવા મળશે. રવિન્દ્ર પુલેના ડિરેક્શનમાં બની રહેલી અને ફોર્મ્યુલા ફિલ્મ્સ દ્વારા નિર્મિત 'માયસા' આદિવાસી પ્રદેશોની પૃષ્ઠભૂમિ પર આધારિત એક ઈમોશનલ એક્શન થ્રિલર છે. ફિલ્મમાં રશ્મિકાનો એક્શન અવતાર પહેલેથી જ ચર્ચામાં છે અને હવે આ અંડરવોટર સિક્વન્સથી ફિલ્મ વિશે ઉત્સુકતા વધી છે.નિર્માતાઓના જણાવ્યા અનુસાર, રશ્મિકાએ આ અંડરવોટર એક્શન સિક્વન્સ કોઈપણ એક્શન ડબલની મદદ લીધા વિના પોતે જ શૂટ કરી છે. આ સિક્વન્સનું શૂટિંગ બે દિવસમાં થઈ ગયું હતું, જેમાં રશ્મિકાએ કુલ મળીને લગભગ ૨૦ કલાક પાણીની અંદર વિતાવ્યા હતા. નિર્માતાઓએ આ સિક્વન્સને ફિલ્મની સૌથી મોટી વિશેષતાઓમાંથી એક ગણાવી છે અને ભારતીય સિનેમામાં અત્યાર સુધીના સૌથી મહત્ત્વાકાંક્ષી એક્શન સીનમાંની એક હોવાનું જણાવ્યું છે.આ સિદ્ધિને બિરદાવવા નિર્માતાઓએ સોશિયલ મીડિયા પર શૂટિંગ દરમિયાનના કેટલાક ફોટોગ્રાફ્સ અને બિહાઈન્ડ-ધ-સીન્સ દૃશ્યો શેર કર્યા. તેની સાથે તેમણે લખ્યું, "ભારતીય સિનેમાની પહેલો મહિલા-કેન્દ્રિત અંડરવોટર ફાઈટ સિક્વન્સ, જેમાં રશ્મિકા મંદાના લીડ કરી રહી છે. સપાટીની ક્યારેય મર્યાદા નથી હોતી. પાણીની ઊંડાઈમાં એક એવી લડાઈ છુપાયેલી છે, જેવી ભારતીય સિનેમાએ ક્યારેય જોઈ નથી. આ પ્રચંડ રૂપ જોવા માટે તૈયાર થઈ જાઓ."બીજી પોસ્ટમાં તેમણે લખ્યું, "એક્શન સિનેમાનો એક નવો અધ્યાય શરૂ થાય છે. ટીમ માયકાએ રશ્મિકા મંદાનાની હાજરીમાં ભારતીય સિનેમાની પ્રથમ મહિલા અંડરવોટર ફાઈટ સિક્વન્સ સફળતાપૂર્વક પુરી કરી છે. ભારતીય સિનેમામાં નવી લહેર લાવનારા આ ભવ્ય એક્શન દૃશ્યને જોવા માટે તૈયાર રહો. ટીઝરની જાહેરાત ટૂંક સમયમાં કરવામાં આવશે. ફિલ્મ ૨૦૨૬માં સિનેમાઘરોમાં રિલીઝ થશે."રશ્મિકા મંદાનાએ પણ પોતાના સોશિયલ મીડિયા પર આ અનુભવ શેર કરતાં લખ્યું, "હું જાણું છું કે હું થોડા સમયથી સોશિયલ મીડિયામાં સક્રિય નહોતી, પરંતુ અમે આ કામમાં વ્યસ્ત હતાં. મારા જીવનમાં અત્યાર સુધી મેં કરેલી સૌથી પડકારજનક બાબત આ છે. કદાચ અમે એટલે જ થોડા પાગલ છીએ, પરંતુ એ જ વાત મને સૌથી વધુ ઉત્સાહિત કરે છે. ચાલો શરૂ કરીએ! માયસા" ફિલ્મનું ટીઝર હજુ સુધી જાહેર કરવામાં આવ્યું નથી. જોકે, 'માયસા'ને મજબૂત ભાવનાત્મક કથાવસ્તુ ધરાવતી ભવ્ય એક્શન એન્ટરટેનર તરીકે રજૂ કરવામાં આવી રહી છે. અંડરવોટર સિક્વન્સનું શૂટિંગ પૂરું થતાં હવે ટૂંક સમયમાં ફિલ્મના પ્રમોશનની શરૂઆત થવાની શક્યતા છે. ૨૦૨૬માં રિલીઝ થનારી આ ફિલ્મ વર્ષના સૌથી ચર્ચિત પેન-ઈન્ડિયા પ્રોજેક્ટ્સમાંની એક માનવામાં આવી રહી છે.

# કોન્ટ્રોવર્સીનું બીજું નામ કંગના...

આપણાં વરિષ્ઠ હાસ્યકાર શાહબુદ્દીનભાઈ રાઠોડના લોકપ્રિય પાત્ર વનેચંદ સાથે કંગના રણાવતની સરખામણી ચોક્કસ કરી શકાય.વનેચંદને જ્યારે તેના હેડમાસ્ટર જોવે ત્યારે એને કોઈ કારણ વગર મારવા જ માંડતા. એવું કંગનાનું પણ છે. એ જ્યાં જાય ત્યાં વિવાદ એની સાથે જ આવતો હોય છે. જોકે, આ વખતે વિવાદ કંગનાને કારણે નથી પણ કંગના એના મધ્યમાં તો છે જ.

૨૦૧૪માં કંગનાને બોલિવૂડમાં સ્થાપિત કરનારી અને નેશનલ એવોર્ડ જીતનારી ફિલ્મ 'ક્વીન' રિલીઝ થઈ હતી. આ ફિલ્મે બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી હતી. હવે બાર વર્ષે 'ક્વીન ૨'ની જાહેરાત થઈ. આ જાહેરાતે જ વિવાદ ઊભો કરી દીધો છે. બન્યું એવું છે કે મૂળ 'ક્વીન'નાં પચાસ ટકા રાઈટ્સ 'ફેન્ટમ સ્ટુડિયો' પાસે છે. હવે આ 'બીજી ક્વીન' જીઓ સ્ટુડિયોઝ લાવી રહ્યું છે.

જેવી આ જાહેરાત થઈ કે ફેન્ટમવાળા પેલા સુપરહીરો ફેન્ટમની જેમ સફાળા ઊભાં થયાં. તેમણે 'જીઓ'નો સંપર્ક કર્યો, પરંતુ 'જીઓ' એ રાબેતા મુજબ 'ફેન્ટમ'ની વાત કાને ન ધરી... પરિણામે હવે 'જીઓ' ઉપર ઈન્ટલેક્ચ્યુઅલ પ્રોપર્ટી કાયદા હેઠળ 'ફેન્ટમે' બોમ્બે હાઈકોર્ટમાં રૂ.





૨૫૦ કરોડનો દાવો ઠોકી દીધો છે. આ કેસ થયો એટલે 'જીઓ' એ ફટાફટ મૌન તોડ્યું અને એવો દાવો કરી દીધો કે અમારી આ ક્વીન નંબર બેને એનાં પાછલા અવતાર સાથે કોઈ જ સંબંધ નથી. અમારી તો વાર્તા જ આખી જુદી છે, ખાલી નામ મળતું આવે છે બસ!હવે મામલો અદાલતમાં લડાશે. એક વાત સમજાતી નથી કે જ્યારે મોટા પ્રોડ્યુસર્સને ખબર હોય છે કે આ સળગતું લાકડું હાથમાં લઈશું તો તકલીફ ઊભી થવાની જ છે તોય કેમ આમ કરતાં હશે? લો, હવે ઘણા બધા 'ટાઈટન' જુઓ...'એમેઝોન પ્રાઈમ' પર ધૂમ મચાવી ચૂકેલી વેબ સિરીઝ 'ધ ટાઈટન સ્ટોરી' એ હવે આ ઓટીટી પ્લેટફોર્મ માટે એક મોટું દ્વાર ખોલી નાખ્યું છે. હવે આ જ સિરીઝનાં લેખક કરણ વ્યાસને સમગ્ર ટાટા ફેમિલી પર વેબ સિરીઝ લખવાની જવાબદારી આપી દેવામાં આવી છે. આ સિરીઝને હવે ટાટાની ચાર પેઢી પર અલગ અલગ રીતે રજૂ કરવામાં આવશે.

પહેલો ભાગ ટાટા સામ્રાજ્ય સ્થાપનાર જમશેદજી ટાટા પર હશે. બીજો ભાગ આ ગ્રૂપને સ્થિર કરનાર સર દોરાબજી ટાટા અને સર રતન ટાટા પર હશે. તો ત્રીજો ભાગ ટાટા ગ્રૂપને આધુનિક બનાવનાર જે.આર.ડી. ટાટા પર હશે જેમણે એર ઈન્ડિયા, ટેલ્કો અને ટાટા ક્ધસલ્ટન્સી અને અફકોર્સ ટાઈટનની સ્થાપના કરી. ચોથો ભાગ આ જૂથને વૈશ્વિક કક્ષાએ લઈ જનાર રતન નવલ ટાટાનાં જીવનને આપણી સમક્ષ લઈ આવશે.કરણ વ્યાસ કહે છે કે ટાઈટનનું રિસર્ચ કરતી વખતે તેમને લાગ્યું કે આ ગ્રૂપ એ ફક્ત એક બિઝનેસ ગ્રૂપ નથી. આ ગ્રૂપના પરિવારની વાતો પણ ખૂબ રસપ્રદ છે તો શા માટે તેના પર પણ વેબ સિરીઝ ન બને? લાગે છે કે આ ચાર ભાગ પણ આપણને મજા કરાવશે.ફિલ્મ પ્રિયદર્શનની પણ નામ ડેવિડ ધવનની ફિલ્મનું?અક્ષય કુમાર અને પ્રિયદર્શનને 'મેઈડ ફોર ઈચ અધર' કહી શકાય. આ બંને જ્યારે પણ જોડી બનાવે છે ત્યારે ધમાલ જ મચાવે છે. જોકે આ જોડીની છેલ્લી રિલીઝ થયેલી ફિલ્મ 'ભૂત બંગલા'એ તેના ચાહકોને નિરાશ કર્યાં હતાં, પરંતુ કાને પડેલી વાત મુજબ આ બંને ફરીથી ભેગા થઈ રહ્યા છે. અક્ષય કુમાર પ્રિયદર્શનના નિર્દેશનમાં એક નવી ફિલ્મ કરી રહ્યો છે. આ ફિલ્મનું નામ હશે 'વિકેડ સની'.

આ નામ સાંભળીને કુછ યાદ આયા? હા, એક્ઝેક્ટલી વિકેડ સની એ અક્ષય કુમારના 'મુજ સે શાદી કરોગી' ફિલ્મનાં કેરેક્ટરનું નામ છે. એ ફિલ્મ તો ડેવિડ ધવને ડાયરેક્ટ કરી હતી, પરંતુ એ પાત્રનું નામ હવે પ્રિયદર્શન પોતાની ફિલ્મ માટે કરશે. લાગે છે કે અક્ષયે જ આ નામ સૂચવ્યું હશે. આશા કરીએ કે અક્ષયે બધી મંજૂરીઓ અને કાયદાકીય અભ્યાસ કરી લીધો હશે. કારણ આપણે આગળ 'ક્વીન ૨' સાથે શું થયું એ જાણીએ જ છીએ!

કાને આવેલી બીજી વાત અનુસાર આ ફિલ્મ સંપૂર્ણપણે અક્ષય કુમાર પર આધારિત હશે (અફકોર્સ!). ફિલ્મને પ્રિયદર્શન સાથે રોશન શંકરે લખી છે. આ ફિલ્મ એક કોમિક થ્રીલર હશે એમ પણ અમારા કાને સાંભળ્યું છે. તો જોઈએ, કોમેડી જોનરની આ સહુથી હિટ જોડી હવે આપણા માટે નવું શું લાવે છે!

# નવા મિત્રો મળતા સાચા મિત્રોને ભુલી જવાય છે : અહેમદ ખાન

## શાહિદ કપૂર સાથેના મતભેદ અંગે અહેમદ ખાને કહ્યું હવે અમે બહુ મળતા નથી



ફિલ્મ નિર્માતા અને કોરિયોગ્રાફર અહેમદ ખાને અભિનેતા શાહિદ કપૂર સાથેના લાંબા સમયથી ચર્ચામાં રહેલા મતભેદ અંગે પ્રથમ વખત ખુલીને વાત કરી છે. અહેમદે સ્વીકાર્યું કે હવે બંને વચ્ચે પહેલાં જેવી મુલાકાતો થતી નથી, પરંતુ ભવિષ્યમાં યોગ્ય સ્ક્રિપ્ટ અને વિચારો મેળ આવે એવું હોય તો સાથે કામ કરવાની શક્યતા યથાવત છે.

તાજેતરમાં આપેલા એક ઈન્ટરવ્યુમાં અહેમદ ખાને જણાવ્યું કે તેણે શાહિદના કારકિર્દીના શરૂઆતના મહત્વના પ્રોજેક્ટ્સમાં સાથે કામ કર્યું હતું. તેણે કહ્યું, "મેં શાહિદના મ્યુઝિક વીડિયો 'આંખોં મેં તેરા હી ચહેરા' કર્યો હતો. ત્યારબાદ તેની પ્રથમ ફિલ્મ ઈશ્ક વિશ્કમાં કોરિયોગ્રાફી કરી. પછી મેં તેને લઈને ફૂલ એન્ડ ફાઈનલનું દિગ્દર્શન કર્યું અને પાઠશાલાનું નિર્માણ પણ કર્યું, જેમાં શાહિદે અભિનય કર્યો હતો."

અહેમદે જણાવ્યું કે છેલ્લા કેટલાક વર્ષોમાં બંનેની કારકિર્દીની દિશા અલગ થઈ ગઈ છે. તેણે કહ્યું, "શાહિદ હાલમાં જે પ્રકારની ફિલ્મો પસંદ કરી રહ્યો છે, તે મારી ફિલ્મોની શૈલીથી અલગ છે. જ્યારે અમારી સર્જનાત્મક વિચારસરણી ફરી એકવાર મેળ ખાતી થશે, ત્યારે ચોક્કસ સાથે કામ કરીશું."

શાહિદ સાથેની મિત્રતા અંગે અહેમદે કહ્યું, "અમે બાળપણના મિત્રો છીએ. હું ૧૧ વર્ષનો હતો અને શાહિદ માત્ર ૭ વર્ષનો હતો ત્યારે અમારી મિત્રતા શરૂ થઈ હતી. એટલે અમારી મિત્રતા ૩૦ વર્ષથી પણ વધુ જૂની છે. પરંતુ આ ઈન્ડસ્ટ્રી એવી છે કે અહીં સતત નવા મિત્રો બનતા રહે છે અને ક્યારેક માણસ પોતાના સાચા મિત્રો પણ ભુલી જાય છે. હવે અમારી જીવનશૈલી પણ ઘણી બદલાઈ ગઈ છે."

૨૦૧૫માં બંને વચ્ચે મતભેદ હોવાના અહેવાલો સામે આવ્યા હતા. તે સમયે અહેમદે કહ્યું હતું, "અમારી વચ્ચે થોડા સમયથી મતભેદ ચાલી રહ્યા હતા, જે બાદમાં ખુલ્લા પડી ગયા. હું હોસ્પિટલમાં હતો ત્યારે શાહિદ મને મળવા આવ્યો નહોતો અને મને તેના લગ્નમાં પણ બોલાવવામાં આવ્યો નહોતો. મને લાગે છે કે બધું સામાન્ય થવામાં સમય લાગશે."

અહેમદ ખાન હાલમાં પોતાની આગામી ફિલ્મ 'વેલકમ ટુ ધ જંગલ'ના ડિરેક્શનમાં વ્યસ્ત છે. બીજી તરફ, શાહિદ કપૂર તાજેતરમાં 'કોકટેલ ૨'માં જોવા મળ્યો હતો.



# ટોક્સિકની 'તબાહી'માં યશ-કિયારા અડવાણીની કેમિસ્ટ્રી વખણાઈ

પેન-ઈન્ડિયા સ્ટાર યશની બહુચર્ચિત ફિલ્મ 'ટોક્સિકઃ અ ફેરીટેલ ફોર ગ્રોન-અપ્સ'નું પહેલું ગીત 'તબાહી' રિલીઝ થતાં જ સોશિયલ મીડિયા પર ચર્ચાનું કેન્દ્ર બન્યું છે. યશ અને કિયારા અડવાણી પર ફિલ્માવવામાં આવેલા આ રોમેન્ટિક ગીતમાં બંને વચ્ચેની કેમિસ્ટ્રી અને ઈન્ટિમેટ પળોએ દર્શકોનું ધ્યાન ખેંચ્યું છે. જોકે, ગીતનાં જ્યાં એક તરફ વખાણ થઈ રહ્યાં છે, ત્યાં બીજી તરફ કેટલાક દર્શકોએ ફિલ્મની વાર્તા અંગે પણ પ્રશ્નો ઉઠાવ્યા છે.

વિશાલ મિશ્રાએ ગાયેલું અને સંગીતબદ્ધ કરેલું 'તબાહી' ગીત યશ અને કિયારાના પાત્રો વચ્ચેના ગાઢ પ્રેમ અને એકબીજા પ્રત્યેના આકર્ષણને દર્શાવે છે. ગીતની શરૂઆતમાં યશ ચર્ચની બહાર કિયારાને પોતાની બાહોમાં ઉઠાવતો જોવા મળે છે. ત્યારબાદ સર્કસ, કાર, દરિયાકિનારો અને કાર્નિવલ જેવા વિવિધ લોકેશન પર બંને વચ્ચેના રોમેન્ટિક દૃશ્યો રજુ કરવામાં આવ્યાં છે. ગીતના અંતે બંને ફેરિસ વ્હીલ પર જોવા મળે છે, જ્યારે કાર્નિવલમાં આગ લાગ્યાનાં દૃશ્યો પણ દર્શાવવામાં આવ્યા છે. ગીતમાં યશનું ટ્રાન્સફોર્મેશન અને સિક્સ-પેક લૂક પણ ચર્ચામાં છે.ગીત રિલીઝ થયા બાદ સોશિયલ મીડિયા પર મોટાભાગનાં દર્શકોએ યશ અને કિયારાની સ્ક્રીન કેમિસ્ટ્રીનાં વખાણ કર્યાં છે. કેટલાક યુઝર્સે લખ્યું કે આ ગીતમાં દર્શાવાયેલો રોમાન્સ માત્ર આકર્ષણ પુરતો નથી, પરંતુ તેમાં લાગણીઓ પણ સ્પષ્ટ દેખાય છે. અન્ય કેટલાકે કિયારાનાં લૂક અને બંનેની જોડીને ફિલ્મની સૌથી મોટી ખાસિયત ગણાવી છે. અનેક લોકોએ એવો પણ અભિપ્રાય વ્યક્ત કર્યો કે ગીત બોલ્ડ હોવા છતાં અશ્લીલ લાગતું નથી.બીજી તરફ, કેટલાક દર્શકોને ગીતમાં વારંવાર દર્શાવવામાં આવેલા રોમેન્ટિક અને ઈન્ટિમેટ દૃશ્યો પસંદ આવ્યા નથી. કેટલાક સોશિયલ મીડિયા યુઝર્સે સવાલ કર્યો કે ફિલ્મનાં અત્યાર સુધી જાહેર થયેલા પ્રચારમાં માત્ર રોમાન્સ અને શારીરિક આકર્ષણ પર જ ભાર મુકવામાં આવ્યો છે, જ્યારે ફિલ્મની મુખ્ય વાર્તા વિશે હજુ સુધી બહુ કંઈ જાણવા મળતું નથી.ગીત સાથે ફિલ્મ અંગેની ઉત્સુકતા પણ વધી છે. ગીતુ મોહનદાસના દિગ્દર્શનમાં બની રહેલી આ ફિલ્મની વાર્તા યશે પોતે ગીતુ મોહનદાસ સાથે મળીને લખી છે. ફિલ્મમાં યશ અને કિયારા અડવાણી ઉપરાંત નયનતારા, હુમા કુરેશી, રુક્મિણી વસંત અને તારા સુતારિયા પણ મહત્વપૂર્ણ ભૂમિકામાં જોવા મળશે.

# આર્જેન્ટિના છઠ્ઠીવાર ફૂટબોલ વર્લ્ડકપ સેમિફાઈનલમાં

## સ્વિટ્ઝર્લેન્ડને ૩-૧થી હરાવ્યું, એક્સ્ટ્રા ટાઇમમાં ૨ ગોલ કર્યા; હવે ઇંગ્લેન્ડ સામે મુકાબલો

ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્જેન્ટિનાએ ફૂટબોલ વર્લ્ડ કપ ૨૦૨૬ની સેમિફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે. તેણે છેલ્લી ક્વાર્ટર ફાઈનલમાં સ્વિટ્ઝર્લેન્ડને ૩-૧થી હરાવ્યું. લિયોનેલ મેસ્સીની ટીમ છઠ્ઠી વખત વર્લ્ડ કપની સેમિફાઈનલમાં પહોંચી છે.

કેન્સાસ સિટી સ્ટેડિયમમાં આર્જેન્ટિનાએ ૧૦મી મિનિટે લીડ લીધી. મેક એલિસ્ટરે મેસ્સીના પાસ પર ગોલ કર્યો. ૬૭મી મિનિટે ડેન એનડ્યોયે ગોલ કરીને સ્વિટ્ઝર્લેન્ડને ૧-૧ની બરાબરી અપાવી. નિર્ધારિત ૯૦ મિનિટ સુધી આ જ સ્કોર રહ્યો. ઈન્જરી ટાઈમમાં કોઈ ગોલ થયો નહીં.

મેચ એક્સ્ટ્રા ટાઈમમાં ગઈ. તેમાં જુલિયન અલ્વારેઝે ૧૧૨મી અને એમી માર્ટિનેઝે ૧૨૧મી મિનિટે ગોલ કરીને આર્જેન્ટિનાને સતત બીજા વર્લ્ડ કપની સેમિફાઈનલમાં પહોંચાડી દીધું. હવે ૧૫ જુલાઈએ તેનો મુકાબલો ઈંગ્લેન્ડ સામે થશે. આર્જેન્ટિના સેમિફાઈનલમાં ક્યારેય હાર્યું નથી.

મેચના નિર્ધારિત ૯૦ મિનિટ સુધી બંને ટીમો ૧-૧ની બરાબરી પર રહી. રેફરીએ ૮ મિનિટનો ઈન્જરી ટાઈમ આપ્યો, પરંતુ તેમાં પણ ગોલ આવ્યો નહીં. ઈન્જરી ટાઈમના આઠમી મિનિટે સ્વિટ્ઝર્લેન્ડના ગોલકીપરે શાનદાર સેવ કર્યો. ગ્રેગર કોબેલે કોર્નરથી લિસેન્ડ્રો માર્ટિનેઝની કિકને રોકવા માટે શાનદાર ડાઈવ લગાવી. તેમણે બોલને ખૂબ મોડેથી જોયો હતો.







૭૨મા મિનિટે સ્વિટ્ઝર્લેન્ડના ફોરવર્ડ બ્રીલ એમ્બોલોને મેદાનમાંથી બહાર મોકલી દેવામાં આવ્યો. વીડિયો રિવ્યૂથી જાણવા મળ્યું કે તેણે એવું બતાવવાનો પ્રયાસ કર્યો હતો કે તે કોઈ ટેકલને કારણે પડ્યો છે, જ્યારે એવું કંઈ થયું ન હતું.

હાફ ટાઈમ પછી સ્વિસ ટીમે ડેન એનડ્યોયના ગોલના દમ પર બરાબરી હાંસલ કરી લીધી. ટીમે ગોલ કરવાના ઘણા પ્રયાસો કર્યા. આખરે, રેડ જર્સીની મહેનત રંગ લાવી.

૬૭મી મિનિટે ડેન એનડ્યોય ડાબી બાજુથી ઝડપથી આગળ વધ્યા અને રિકાર્ડો રોડ્રિગ્ઝ સાથે પાસની આપ-લે કરી અને એમિલિયાનો માર્ટિનેઝને પછાડીને ખૂબ જ નિયંત્રિત ગોલ કર્યો.

ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્જેન્ટિનાએ મેચની શરૂઆતમાં જ ૧-૦ની લીડ લઈ લીધી. ૧૦મી મિનિટે એલિસ મેક એલિસ્ટરે લિયોનેલ મેસ્સીના શાનદાર પાસ પર ગોલ કર્યો. આર્જેન્ટિનાએ વર્તમાન એડિશનમાં પોતાનો સૌથી ઝડપી ગોલ કર્યો છે. મેસ્સીએ પેનલ્ટી કોર્નર પર પાસ આપ્યો હતો.

આના પર એલિસ્ટરે હેડર લગાવીને ગોલ કર્યો. મેસ્સીએ ૧૦મો ગોલ આસિસ્ટ કર્યો છે, જ્યારે એલિસ્ટરે સતત બીજા વર્લ્ડ કપ એડિશનમાં ગોલ કર્યો છે. તેણે ૨૦૨૨માં પોલેન્ડ સામેની ગ્રુપ મેચમાં ગોલ કર્યો હતો.

# સિનરે સતત બીજી વખત વિમ્બલ્ડન ટાઇટલ જીત્યું!

## ૨૪ વર્ષીય ખેલાડીને ૪૨ કરોડ મળ્યાં; યુવરાજ સિંહ, અભિષેક શર્મા અને વૈભવ સૂર્યવંશી મેચ જોવા પહોંચ્યા

વર્લ્ડ નંબર-૧ ટેનિસ ખેલાડી જેનિક સિનરે વિમ્બલ્ડન ૨૦૨૬નો પુરુષ સિંગલ્સ ખિતાબ પોતાના નામે કરી લીધો. આ જીત સાથે ૨૪ વર્ષીય સિનર સતત બીજી વખત વિમ્બલ્ડન ચેમ્પિયન બન્યો. તે ઓપન એરામાં વિમ્બલ્ડન પુરુષ સિંગલ્સ ખિતાબ બચાવનાર ઈતિહાસનો માત્ર ૧૦મા ખેલાડી બની ગયો.

૨૪ વર્ષના સિનરે પહેલીવાર ફાઈનલ રમી રહેલા જર્મનીના એલેક્ઝાન્ડર ઝ્વેરેવને ૬-૭(૭), ૭-૬(૨), ૬-૩, ૬-૪થી હરાવીને સતત બીજી વખત ટ્રોફી જીતી. આ મેચ ૩ કલાક ૪૬ મિનિટ સુધી ચાલી. આ સાથે સિનરે કારકિર્દીની ૧૦૦મી ગ્રાન્ડ સ્લેમ મેચ જીતવાની સિદ્ધિ પણ હાંસલ કરી.

ચેમ્પિયન બનવા પર સિનરને ૩૬ લાખ પાઉન્ડ (લગભગ ૪૨ કરોડ)ની ઈનામી રકમ પણ મળી. તે છૂ રેન્કિંગમાં નંબર-૧ બની રહેશે. તેના અને નવા નંબર-૨ બનનાર ઝ્વેરેવ વચ્ચે ૪,૯૭૦ પોઈન્ટનો તફાવત રહેશે.

આ સિનરના કરિયરનો ૫મો ગ્રાન્ડ સ્લેમ અને ૨૦૨૬ સીઝનનો પહેલો મેજર ખિતાબ છે. આ પહેલા તે ફ્રેન્ચ ઓપનના બીજા રાઉન્ડમાં જુઆન મેન્યુઅલ સેરુન્ડોલો સામે હારીને બહાર થઈ ગયા હતા. જોકે, તેણે ગ્રાસ કોર્ટ પર શાનદાર વાપસી કરી. સેમિફાઈનલમાં નોવાક જોકોવિચને સીધા સેટમાં હરાવ્યા બાદ ફાઈનલમાં પણ તેણે દમદાર પ્રદર્શન કર્યું.ફાઈનલનો પહેલો સેટ ટાઈ-બ્રેક સુધી પહોંચ્યો, જ્યાં



ઝ્વેરેવે લીડ બનાવી લીધી. પછી સિનરે બીજા સેટનો ટાઈ-બ્રેક જીતીને મુકાબલામાં બરાબરી કરી. ત્રીજા અને ચોથા સેટમાં તેણે એક-એક વાર ઝ્વેરેવની સર્વિસ તોડી અને આખી મેચમાં પોતાની વિરુદ્ધ મળેલા એકમાત્ર બ્રેક પોઈન્ટને પણ બચાવી લીધો. સિનરે મુકાબલામાં ૫૮ વિનર્સ લગાવ્યા અને પહેલો ચેમ્પિયનશિપ પોઈન્ટ મેળવતા જ કોર્ટ પર સૂઈને જીતની ઉજવણી કરી.

સિનરે ઝ્વેરેવ સામે સતત ૧૦મી જીત નોંધાવી. જ્યારે જર્મન ખેલાડીનું સતત બીજી ગ્રાન્ડ સ્લેમ ફાઈનલમાં પહોંચવા છતાં બીજો મેજર ખિતાબ જીતવાનું સપનું અધૂરું રહી ગયું. આ સિનરનો ૨૦૨૬ સીઝનનો છઠ્ઠો છૂ ખિતાબ છે. આ પહેલા તે રોમ માસ્ટર્સ જીતીને કારકિર્દી ગોલ્ડન માસ્ટર્સ પૂર્ણ કરી ચૂક્યો છે.ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ ઓલરાઉન્ડર યુવરાજ સિંહ, વર્તમાન ટીમના ઓપનર અભિષેક શર્મા, સંજુ સેમસન અને વૈભવ સૂર્યવંશી ફાઈનલ મેચ જોવા પહોંચ્યા હતા. વૈભવે પોતાના ઈન્સ્ટામાં વિમ્બલ્ડન ફાઈનલનો ફોટો શેર કર્યો હતો.

# ગિલના લંડનમાં રોલા, ૯૬ લાખના આઉટફીટમાં ચમક્યો!

## શૂઝ પરના 'Kiss'ના નિશાને ધ્યાન ખેંચ્યું, ઉપરથી નીચે સુધી બ્રાન્ડેડ વસ્તુઓ પહેરી

ટીમ ઈન્ડિયાનો નવો ટેસ્ટ અને વન-ડે કેપ્ટન શુભમન ગિલ ક્રિકેટના મેદાન પર તો ચોગ્ગા-છગ્ગા ફટકારે જ છે, પણ પિચની બહાર તેની ફેશન સેન્સ પણ કોઈ બોલિવૂડ સુપરસ્ટારથી ઓછી નથી. હાલમાં જ ગિલ લંડનના ઐતિહાસિક વિમ્બલ્ડન ૨૦૨૬ ટેનિસ ચેમ્પિયનશિપની મેચ જોવા સેન્ટર કોર્ટના 'રોયલ બોક્સ'માં પહોંચ્યો હતો.

સચિન તેંડુલકર, વિરાટ કોહલી અને રોહિત શર્મા જેવા દિગ્ગજો બાદ આ રોયલ બોક્સમાં આમંત્રિત થનારો શુભમન ચોથો ભારતીય કેપ્ટન બન્યો છે. જોકે, ત્યાં ટેનિસના ભગવાન ગણાતા રોજર ફેડરર સાથેની તેની મુલાકાત કરતાં પણ વધુ ચર્ચા ગિલના



'કરોડો'માં એક જેવા લુક ને આઉટફિટની થઈ રહી છે! શુભમન ગિલે માથાથી લઈને પગ સુધી જે બ્રાન્ડેડ વસ્તુઓ પહેરી હતી, તેનો હિસાબ અને તેની કિંમત જાણીને ચોક્કસથી ચોંકી જશો.

વિમ્બલ્ડનના કડક ડ્રેસ કોડને ફોલો કરવા માટે શુભમન એકદમ ક્લાસિક સૂટ-બૂટ લુકમાં સજ્જ થઈને પહોંચ્યો હતો. જો શુભમનના શર્ટ, ટ્રાઉઝર, બ્લેઝર, ગોગલ્સ, શૂઝ અને ઘડિયાળની કુલ કિંમત ગણવામાં આવે તો તે રૂ. ૯૬ લાખથી વધુ થાય છે!

બ્લેઝર, શર્ટ અને ટ્રાઉઝર (રાલ્ફ લોરેન - Ralph Lauren): શુભમને લક્ઝરી બ્રાન્ડ રાલ્ફ લોરેનનો અત્યંત સ્ટાઈલિશ બ્લેઝર પહેર્યું હતું, જેની કિંમત આશરે રૂ. ૩.૪ લાખ છે. આ સાથે તેણે રૂ. ૧૭,૦૦૦નો શર્ટ અને રૂ. ૭૭,૦૦૦નું મેચિંગ ટ્રાઉઝર પહેર્યું હતું.

સનગ્લાસીસ (કાર્ટિયર - Cartier): પોતાના લુકને પાવરફુલ ટચ આપવા માટે શુભમને જે કાર્ટિયર બ્રાન્ડના ગોગલ્સ પહેર્યા હતા, તેની કિંમત જ રૂ. ૧.૦૩ લાખ છે.

રોલેક્સ ઘડિયાળ (Rolex Cosmograph Daytona): ગિલના આ લુકની સૌથી મોંઘી અને આકર્ષક વસ્તુ તેની કાંડા ઘડિયાળ હતી. તેણે રોલેક્સ કોસ્મોગ્રાફ ડેટોના લક્ઝરી ઘડિયાળ પહેરી હતી, જેની કિંમત અંદાજે રૂ. ૯૦ લાખ છે.

ક્રિશ્ચિયન લૂબુટિનના લોફર (Christian Louboutin): પ્રીમિયમ બ્લેક કલરના લોફર શૂઝ પહેર્યા હતા, જેની કિંમત આશરે રૂ. ૮૫,૦૦૦ છે. શુભમનના જૂતાની ક્લોઝ-અપ તસવીરો વાઈરલ થઈ છે. આ શૂઝ પર લાલ રંગની લિપસ્ટિક જેવું 'કિસ'નું નિશાન બનેલું દેખાય છે. આ રોમેન્ટિક ડિઝાઈન જોયા પછી ફેન્સ ક્રેઝી થઈ ગયા છે.

# પહેલી વન-ડે- વેસ્ટ ઇન્ડીઝે ન્યૂઝીલેન્ડને ૭ વિકેટે હરાવ્યું

## ૧૯ વર્ષના વિટાલ લોયસને ડેબ્યૂ મેચમાં ૩ વિકેટ; હોપ-કાર્ટીમાં સદીની ભાગીદારી

વેસ્ટ ઈન્ડીઝે ન્યૂઝીલેન્ડને પ્રથમ વનડેમાં ૭ વિકેટે હરાવીને ૩ મેચની સિરીઝમાં ૧-૦ની લીડ મેળવી લીધી. ગયાનામાં રમાયેલી આ મેચમાં ૨૬૮ રનના ટાર્ગેટને ચેઝ કરતા વેસ્ટ ઈન્ડીઝે ૪૮.૫ ઓવરમાં ૩ વિકેટ ગુમાવીને મેચ જીતી લીધી. કેસી કાર્ટીએ ૯૫ રન બનાવ્યા, જ્યારે કેપ્ટન શાઈ હોપ ૫૪ રન બનાવીને અણનમ રહ્યા. બંનેએ ત્રીજી વિકેટ માટે ૧૩૧ રનની મેચ વિનિંગ ભાગીદારી કરી. જીતનો હીરો ૧૯ વર્ષીય ડેબ્યુટન્ટ લેફ્ટ આર્મ રિસ્ટ સ્પિનર વિટાલ લોયસ રહ્યો, જેણે પોતાની પ્રથમ આંતરરાષ્ટ્રીય મેચમાં ૩ વિકેટ ઝડપી.



ન્યૂઝીલેન્ડની ટીમ ૪૪મી ઓવરમાં ૪ વિકેટે ૨૩૪ રન બનાવીને મોટા સ્કોર તરફ આગળ વધી રહી હતી, પરંતુ વિટાલ લોયસ અને અલ્ઝારી જોસેફે છેલ્લી ઓવરોમાં મેચ પલટી દીધી. ન્યૂઝીલેન્ડે પોતાની છેલ્લી ૬ વિકેટ માત્ર ૩૩ રનની અંદર ગુમાવી દીધી. લોયસે હેનરી નિકોલ્સ (૩૭), માર્ક ચેપમેન અને માઈકલ બ્રેસવેલને આઉટ કર્યા, જ્યારે અલ્ઝારી જોસેફે ૪૧ રન આપીને ૪ વિકેટ લીધી.

વેસ્ટ ઈન્ડીઝની ઈનિંગ્સની ૩૪મી ઓવરમાં કેસી કાર્ટી ૬૪ રન પર બેટિંગ કરી રહ્યા હતા. જેકબ ડફીની બોલ પર છગ્ગો માર્યા પછી તેનું બેટ પાછળ જઈને સ્ટમ્પ્સ સાથે અથડાયો અને બેલ્સ પડી ગઈ. ન્યૂઝીલેન્ડે હિટ-વિકેટની અપીલ કરી, પરંતુ થર્ડ અમ્પાયર અહસાન રઝાએ રિપ્લે જોયા પછી તેને નોટ આઉટ આપ્યો.

MCCના કાયદા ૩૫.૨ (હિટ-વિકેટ) અનુસાર જો બેટર શોટ રમવાની પ્રક્રિયા પૂરી કરી ચૂક્યો હોય અને તે પછી બેટ, શરીર કે કપડાં વિકેટ સાથે અથડાય, તો તેને હિટ-વિકેટ આઉટ માનવામાં આવતો નથી. આ જ નિયમ હેઠળ કાર્ટીને જીવનદાન મળ્યું.શરૂઆતની વિકેટો ઝડપથી પડ્યા પછી કેસી કાર્ટી અને અકીમ ઓગસ્ટે (૨૮)એ ઈનિંગ્સ સંભાળી. ત્યારબાદ કેપ્ટન શાઈ હોપે કાર્ટી સાથે ત્રીજી વિકેટ માટે ૧૩૧ રન જોડીને મેચ ન્યૂઝીલેન્ડથી દૂર કરી દીધી. કાર્ટી ૯૫ રન બનાવીને સદી ચૂકી ગયો. તેણે ૫ ચોગ્ગા અને ૨ છગ્ગા ફટકાર્યા.

કાર્ટી આઉટ થયા પછી વેસ્ટ ઈન્ડીઝને છેલ્લી ૩૦ બોલમાં ૩૭ રન જોઈતા હતા. કેપ્ટન હોપે સતત મોટા શોટ ફટકારીને દબાણ સમાપ્ત કર્યું અને ૫૨ બોલમાં અડધી સદી પૂરી કરી. આખરે શેરફેન રધરફોર્ડે લાંબો છગ્ગો ફટકારીને ૭ બોલ બાકી રહેતા ટીમને જીત અપાવી. આ ગયાનાના આ મેદાન પર સફળતાપૂર્વક ચેઝ કરાયેલો બીજો સૌથી મોટો ટાર્ગેટ પણ છે.

# નોર્વેને પરાજય આપી ઇંગ્લેન્ડ સેમિફાઇનલમાં

## જૂડ બેલિંગહામના ૨ ગોલની મદદથી ઇંગ્લેન્ડે ૨-૧ વિજય મેળવ્યો

ફિફા વર્લ્ડ કપની ક્વાર્ટર ફાઈનલમાં ઈંગ્લેન્ડે જૂડ બેલિંગહામના બે ગોલની મદદથી નોર્વેને ૨-૧થી પરાજય આપી સેમિફાઈનલમાં પ્રવેશ મેળવી લીધો છે.

મેચની શરૂઆતમાં નોર્વેએ આક્રમક રમત દર્શાવી હતી અને ૩૬મી મિનિટે આન્દ્રિયાસ શ્જેલડેરુપે ગોલ કરી ટીમને ૧-૦ની લીડ અપાવી હતી. જોકે, ઈંગ્લેન્ડે પણ મેચમાં વાપસી કરતાં ફર્સ્ટ હાફમાં જૂડ બેલિંગહામ દ્વારા ૪૫+૨ મિનિટે કરાયેલા ગોલની મદદથી ૧-૧ની બરાબરી કરી લીધી હતી.

સેકન્ડ હાફમાં ૫૬મી મિનિટે નોર્વેના ટોરબોર્ન હેગેમે ગોલ કરી ટીમને ૨-૧ની લીડ અપાવી હતી પરંતુ વીડિયો રિવ્યૂમાં જોવા મળ્યું કે, હાલેન્ડે બોક્સની અંદર ફાઉલ કર્યું હતું. જેને કારણે તે ગોલને કેન્સલ કરાયો હતો. જેને કારણે ઈંગ્લેન્ડને રાહત મળી હતી.

નિર્ધારિત સમય સુધી બંને ટીમો ૧-૧ની બરાબરી પર રહેતાં મેચ એક્સ્ટ્રા ટાઈમમાં પહોંચી હતી જ્યાં એક્સ્ટ્રા ટાઈમની ત્રીજી જ મિનિટે જૂડ બેલિંગહામે પોતાનો બીજો ગોલ કરી ઈંગ્લેન્ડને ૨-૧ની સરસાઈ અપાવી હતી. જે મેચના અંત સુધી જાળવી રાખી મેચ જીતી લીધી હતી.

હાલેન્ડ ગોલ કરવામાં નિષ્ફળ રહ્યો

આ વર્લ્ડ કપની દરેક મેચમાં ગોલ કરનરા નોર્વે ના સ્ટાર સ્ટ્રાઈકર એલિંગ હાલેન્ડ પ્રથમ વખત ગોલ કરવામાં નિષ્ફળ રહ્યો હતો. તેણે ફર્સ્ટ હાફમાં હેડર વડે ગોલનો પ્રયાસ કર્યો હતો પરંતુ ઈંગ્લેન્ડના ગોલકીપર જોર્ડન પીકફોર્ડે બચાવ કર્યો હતો. બીજા હાફમાં હાલેન્ડના સ્થાને જોર્ગન સ્ટ્રાન્ડ લાર્સેનને મેદાને ઉતારાયો હતો પરંતુ નોર્વે વાપસી કરી શક્યું નહોતું.



# આર્ચરી વર્લ્ડ કપમાં ભારતીય રિકર્વ મિક્સ ટીમ બ્રોન્ઝ મેડલ ચૂકી



સ્પેનના મેડ્રિડમાં ચાલી રહેલા આર્ચરી વર્લ્ડ કપ ૨૦૨૬ના ચોથા સ્ટેજમાં ભારતની રિકર્વ મિક્સ ટીમ ધીરજ બોમ્બાદેવરા અને કીર્તિ શર્મા બ્રોન્ઝ મેડલ જીતવાનું ચૂકી ગઈ. ભારતીય જોડીએ આ મુકાબલામાં ૩-૧ની લીડ મેળવી હતી પરંતુ ઇટાલીએ વાપસી કરતાં ૫-૩થી મેચ જીતી બ્રોન્ઝ મેડલ પોતાના નામે કર્યો હતો. પ્રથમ વાર સાથે રમી રહેલી ધીરજ અને કીર્તિની જોડીએ પ્રથમ સેટ ૩૮-૩૮ની બરાબરી પર રહી હતી. બીજા સેટમાં ભારતીય જોડીએ ૩૮-૩૭થી જીત મેળવી ૩-૧ની લીડ મેળવી હતી. જોકે, તે પછી ઇટાલીની રોબર્ટા ડી ફ્રાન્સેસ્કો અને માટેઓ બોરસાનીની જોડીએ વાપસી કરતાં ત્રીજો સેટ ૩૯-૩૭થી જીતી સ્કોર ૩-૩ની બરાબરી પર લાવી દીધો હતો. ચોથા સેટમાં ભારતીય તીરંદાજો દબાણમાં જોવા મળ્યા હતા જ્યારે ઇટાલીની જોડીએ ૪૦-૩૭થી સેટ જીતી લઈ મુકાબલો ૫-૩થી પોતાના નામે કર્યો હતો.

# લિંડા નોસ્કોવા વિમ્બલડનની નવી ક્વિન, ફાઈનલમાં કેરોલિના મુચોવાને હરાવી બની ચેમ્પિયન

લંડનના સેન્ટર કોર્ટ પર રમાયેલી વિમ્બલ્ડન ૨૦૨૬ મહિલા સિંગલ્સ ફાઈનલમાં ચેક રિપબ્લિકની ૨૧ વર્ષીય લિન્ડા નોસ્કોવાએ ઈતિહાસ રચ્યો છે. શનિવારે, ૯મી ક્રમાંકિત નોસ્કોવાએ પોતાની જ દેશની કેરોલિના મુચોવાને ૬-૨, ૫-૭, ૬-૩ થી હરાવી કારકિર્દીનું પ્રથમ ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ જીત્યું. ૨ કલાક ૨૮ મિનિટ ચાલેલા આ રોમાંચક મુકાબલામાં નોસ્કોવાએ શાનદાર વાપસી કરી વિજય મેળવ્યો.

ચેક રિપબ્લિકની લિન્ડા નોસ્કોવાએ શાનદાર પ્રદર્શન કરતા વિમ્બલ્ડન ૨૦૨૬ માં મહિલા સિંગલ્સનો ખિતાબ જીતીને ઈતિહાસ રચી દીધો છે. લંડનના પ્રતિષ્ઠિત સેન્ટર કોર્ટ પર શનિવારે (૧૧ જુલાઈ) રમાયેલી ફાઈનલમાં ૯મી ક્રમાંકિત નોસ્કોવાએ પોતાની જ દેશની કેરોલિના મુચોવાને ૬-૨, ૫-૭,૬-૩ થી હરાવી હતી. ૨ કલાક અને ૨૮ મિનિટ સુધી ચાલેલા આ રોમાંચક મુકાબલામાં ૨૧ વર્ષની નોસ્કોવાએ પોતાની કરિયરનું આ સૌપ્રથમ ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ પોતાના નામે કર્યું છે. તે પહેલીવાર જ કોઈ ગ્રાન્ડ સ્લેમ ટૂર્નામેન્ટની ફાઈનલમાં રમી રહી હતી.લિન્ડા નોસ્કોવાએ મેચની શરૂઆત અત્યંત આક્રમક અંદાજમાં કરીને પહેલો સેટ ૬-૨થી સરળતાથી જીતી લીધો હતો. બીજા સેટમાં પણ તે ૫-૨ની લીડ સાથે જીતની એકદમ નજીક હતી. જોકે, ૧૦મી ક્રમાંકિત ૨૯ વર્ષીય



કેરોલિના મુચોવાએ અદ્ભુત પુનરાગમન કર્યું હતું અને સળંગ પાંચ ગેમ જીતીને બીજો સેટ ૭-૫થી પોતાના નામે કરી મેચને નિર્ણાયક સેટમાં ખેંચી ગઈ હતી. ત્રીજા અને અંતિમ સેટમાં નોસ્કોવાએ અદ્ભુત સંયમ અને આત્મવિશ્વાસ દાખવ્યો હતો. તેણે પ્રેશરને સરસ રીતે હેન્ડલ કરીને પોતાની શાનદાર સર્વિસ અને દમદાર ગ્રાઉન્ડસ્ટ્રોક્સના જોરે છેલ્લો સેટ ૬-૩થી જીતીને ટ્રોફી પર કબજો કર્યો હતો.આ હાર સાથે જ કેરોલિના મુચોવાનું ગ્રાન્ડ સ્લેમ જીતવાનું સપનું ફરી એકવાર અધૂરું રહી ગયું છે. મુચોવા બીજી વખત કોઈ ગ્રાન્ડ સ્લેમની ફાઈનલમાં પહોંચી હતી. આ પહેલાં તે ફ્રેન્ચ ઓપન ૨૦૨૩ની ફાઈનલમાં પહોંચી હતી, જ્યાં તેને પોલેન્ડની ઈગા સ્વિઆતેક સામે હારનો સામનો કરવો પડ્યો હતો. બીજી તરફ, લિન્ડા નોસ્કોવાની આ જીત એટલા માટે ખાસ છે કારણ કે તે છેલ્લા ચાર વર્ષમાં વિમ્બલ્ડનમાં મહિલા સિંગલ્સનું ટાઈટલ જીતનારી ચેક રિપબ્લિકની ત્રીજી ખેલાડી બની ગઈ છે, જે મહિલા ટેનિસમાં આ દેશનો દબદબો દર્શાવે છે.

# અષાઢી ગુપ્ત નવરાત્રી - અંતરની શક્તિની જાગૃતિ"!

અત્રે ભાગળ સ્થિત જૂના અંબાજી રોડ ખાતે ભાવિક ભક્તજનોના હાર્દસમા તથા આસ્થાનાં પ્રતિક ગણાતા પૌરાણિક શ્રી અંબાજી માતા મંદિરનાં ગાદીપતિ અને સીધી લીટીનાં વારસદાર ટ્રસ્ટી તથા લોક લાડિલા યુવા મહારાજ મહર્ષિ વિપુલ અંબાજીવાળા (૭૯૯૦૮૧૦૧૨૪) તથા સહયોગી ટ્રસ્ટીઓએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે,

સનાતન સંસ્કૃતિમાં વર્ષે ચાર નવરાત્રી આવે છે. ચૈત્ર અને શારદીય નવરાત્રીની તો ધામધૂમથી ઉજવણી થાય, પણ અષાઢ અને માઘ માસમાં આવતી ગુપ્ત નવરાત્રી વિશે બહુ ઓછા લોકો જાણે છે. "ગુપ્ત" શબ્દ જ તેનું રહસ્ય ખોલે છે. આ નવ દિવસ બાહ્ય ઉત્સવ માટે નહીં, પણ અંતરની સાધના માટે છે.



અષાઢ મહિનો શરૂ થાય એટલે ચોમાસાની શરૂઆત, ખેતીનો આરંભ અને ભગવાન વિષ્ણુની યોગનિદ્રા. પ્રકૃતિ જ્યારે શાંત થાય, ત્યારે માણસે પણ અંદર ડોકિયું કરવાનો સમય છે. અને એ જ સમયે માં આદિશક્તિની ગુપ્ત નવરાત્રી આવે.

**૧. ગુપ્ત નવરાત્રીનું શાસ્ત્રીય મહત્વ**

ચૈત્ર-આસોમાં આપણે માં દુર્ગાના ૯ સ્વરૂપની પૂજા કરીએ છીએ. ગરબા, જગ, ભંડારો થાય. પણ અષાઢ-માઘમાં સાધક દસ મહાવિદ્યાની ઉપાસના કરે. દસ મહાવિદ્યા એટલે માં શક્તિના ૧૦ ગુપ્ત અને ઉગ્ર સ્વરૂપ - કાલી, તારા, ષોડશી, ભુવનેશ્વરી, ભૈરવી, છિન્નમસ્તા, ધૂમાવતી, બગલામુખી, માતંગી અને કમલા. ઋષિઓ કહે છે કે ચૈત્ર-આસોમાં દેવી બહાર પ્રગટ થાય અને અષાઢ-માઘમાં દેવી સાધકના અંતરમાં પ્રગટ થાય. એટલે આ નવરાત્રીને "ગુપ્ત" કહેવામાં આવી. આ દિવસોમાં કરેલો જપ, તપ અને ધ્યાનનું ફળ સો ગણું મળે છે. અષાઢી ગુપ્ત નવરાત્રી ખાસ કરીને તાંત્રિક સાધના, વશીકરણ, ઉચ્ચાટન અને શત્રુબાધા નિવારણ માટે ઉત્તમ માનવામાં આવે છે. પણ સામાન્ય ગૃહસ્થ માટે તે આત્મશુદ્ધિ અને સંકલ્પ સિદ્ધિનો સમય છે.

**૨. અષાઢ માસ કેમ પવિત્ર?**

અષાઢથી ચાતુર્માસ શરૂ થાય. વરસાદથી ધરતી ધોવાય, મન પણ ધોવાય. બહાર કાદવ-કીચડ હોય ત્યારે અંદર સ્વચ્છતા રાખવાની તક મળે. આપણા સંતો અને ઋષિઓ આ મહિનામાં મૌન, ઉપવાસ અને ભજન કરતા. ગુજરાતમાં અષાઢી બીજથી રથયાત્રા પણ શરૂ થાય. ભગવાન જગન્નાથ નગરચર્યાએ નીકળે. એટલે અષાઢનો અર્થ જ છે - ઈશ્વરને ઘરેથી બહાર લાવીને લોકોની વચ્ચે લાવવા. અને ગુપ્ત નવરાત્રી કહે છે - ઈશ્વરને બહાર નહીં, અંદર શોધો.

**૩. ઘરે બેઠા કેવી સાધના કરવી?**

બધાએ હિમાલય જવાની જરૂર નથી બાપજી. ગુપ્ત નવરાત્રી ગૃહસ્થ માટે પણ છે. સંકલ્પઃ પહેલા દિવસે ઘીનો દીવો કરીને એક સંકલ્પ લો. "માં, મારામાં રહેલો ક્રોધ, લોભ, ઈર્ષ્યા દૂર કરો." જપઃ રોજ સવારે સ્નાન કરીને ૧૦૮ વાર "ઓમ એં હ્રીં ક્લીં ચામુંડાયૈ વિચ્ચે" અથવા ફક્ત "જય માતાજી"નો જપ કરો. માળા ન હોય તો આંગળી પર પણ ગણી શકાય. ઉપવાસઃ શક્તિ હોય તો ફળાહાર, નહીતર એક ટંક ભોજન. શરીર હળવું થશે તો મન પણ હળવું થશે. સેવાઃ આ ૯ દિવસ કોઈ ગરીબને અન્નદાન કરો, કોઈનું કામ કરો. શક્તિની સાચી આરાધના સેવામાં છે. મૌનઃ દરરોજ ૩૦ મિનિટ મોબાઈલ-ટીવી બંધ કરીને મૌન રાખો. અંદરનો અવાજ ત્યારે જ સંભળાશે.

**૪. આજના યુગ માટે સંદેશ**

આજે આપણે કેનેડા, અમેરિકા, દુબઈ, ઓસ્ટ્રેલિયા કમાવા ગયા. ડોલર, પાઉન્ડ, દિરહમ કમાયા. પણ મનની શાંતિ? સંતાનો સાથેનો સમય? સંસ્કાર? અષાઢી ગુપ્ત નવરાત્રી આપણને યાદ અપાવે છે કે પૈસા કમાવા એ ખરાબ નથી, પણ પૈસાની પાછળ દોડતા-દોડતા આપણી અંદરની શક્તિ ન સુઈ જાય એનું ધ્યાન રાખો. જે માણસ પોતાના મનને જીતે, તે જ વિદેશમાં પણ ગુજરાતી સંસ્કૃતિનું નામ ઊંચું રાખી શકે. જે માણસ પોતાના ભયને હરાવે, તે જ ૬ ખંડમાં વસતા ગુજરાતીઓને એકતાના દોરે બાંધી શકે. માં શક્તિ કોઈની પરીક્ષા લીધા વિના કૃપા નથી કરતી. આ ૯ દિવસ તમારી પરીક્ષા છે. મોહ-માયા છોડીને જો તમે ૯ દિવસ નિયમ પાળો, તો આખું વર્ષ તમારા ઘરમાં સુખ-શાંતિ રહેશે.

**૫. ઉપસંહાર**

તો આવો, આ અષાઢી ગુપ્ત નવરાત્રીમાં આપણે સૌ એક જ પ્રાર્થના કરીએ. "હે માં જગદંબા, અમને શક્તિ આપ કે અમે પહેલા સારા માણસ બનીએ, પછી સારા ગુજરાતી અને પછી સારા હ્રદૈં."!બહારનું વિશ્વ ગમે તેટલું ભાગે, પણ આપણા ઘરના પૂજા ખંડમાં ૯ દિવસ શાંતિનો દીવો જલતો રહે. એ જ સાચી ઉજવણી છે. એ જ સાચી ગુપ્ત નવરાત્રી છે, એમ એક અહેવાલમાં મહર્ષિ અંબાજીવાળા મહારાજ ટ્રસ્ટીગણ વગેરેએ પવિત્ર અષાઢી ગુપ્ત નવરાત્રી નિમિતે હાર્દિક શુભેચ્છા વ્યક્ત કરી જણાવ્યું છે કે, જગતજનની દયાળુ માઁ સૌની મનોકામના પરિપૂર્ણ કરે તેવી પ્રાર્થનાસહ જયઅંબે! જય શક્તિ!

**(મહર્ષિ વિપુલ અંબાજીવાળા - શ્રી અંબાજી માતા મંદિર, ૯/૧૧૩૨,અંબાજી રોડ, સુરત ૭૯૯૦૮૧૦૧૨૪)**

# ઉછીના આપેલા રૂ.ના ચેક રીટર્ન થવના કેસમાં ૧ વર્ષની સજા

સુરત, તા.૧૩

મિત્રતામાં લીધેલી હાથઉછીની રકમનો ચેક પરત ફરવાના કેસમાં સુરત કોર્ટે આરોપીને ૧ વર્ષની સજા સંભળાવી હતી. અહેવાલ અનુસાર, રહેવાસી વેલંજા, શ્યામ રેસીડેન્સીની બાજુમાં સ્વાગત સોસાયટીમાં રહેતા જયેશ બાબુભાઈ બલરે તેમના મિત્ર અને ફરિયાદી જયદીપ ડાયા વાવડીયા પાસેથી ધંધાના કામે કુલ રૂા. ૧૧,૬૦,૦૦૦ હાથઉછીના લીધા હતા. ઉછીની લીધેલી રકમમાંથી જ્યારે બાકી નીકળતી ૯ લાખની રકમ માટે બે ચેક આપ્યા હતા. આ ચેકો બેંકમાંથી પરત ફરતા જયદીપએ એડવોકેટ રમેશ વી. સાનેપરા અને વિપુલકુમાર એમ. દુધાત મારફતે જયેશ સામે સુરત કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો. ફરિયાદી પક્ષના વકીલોની રજૂઆતોને ગ્રાહ્ય રાખીને કોર્ટે આરોપી જયેશ બલરને ગુનેગાર ઠેરવી ૧ વર્ષની સાદી કેદની સજા ફટકારી હતી. આ સાથે જ કોર્ટે ચેકની રકમ ૬ ટકા વ્યાજ સાથે ચૂકવવાનો આદેશ કર્યો હતો, અને જો આરોપી રકમ ન ચૂકવે તો વધુ ૬ માસની સાદી કેદની સજા ભોગવવી પડશે તેવો હુકમ કર્યો હતો.

# ૧૦ વર્ષથી ચાલતા ચેક રીટર્નના કેસનું લોક અદાલતમાં સમાધાન

સુરત, તા.૧૩

મુંબઈ અને સુરતની બે મોટી કંપની વચ્ચે ૧૦ વર્ષથી ચાલતા ૭૬ લાખના ચેક રિટર્ન કેસનું લોક અદાલત દરમિયાન ૧ દિવસમાં જ સમાધાન થઈ ગયું હતું. મુંબઈ ખાતેની ફડચામાં ગયેલી કંપનીએ સુરતની કંપનીને ૭૬ લાખની રકમ ચૂકવી આપી સમાધાન કરી લીધું હતું. સિનિયર વકીલ નરેશ ગોહિલે જણાવ્યું હતું કે, સુરત કોર્ટમાં આયોજિત લોક અદાલતમાં ૧૦ વર્ષ જૂના ચેક રિટર્નના કેસનો એક જ દિવસમાં સુખદ નિકાલ આવ્યો હતો. કેસની વિગત મુજબ ઝાંપા બજારની મનોહર કેપીટલ માર્કેટ્સ લી. કંપની પાસે રાજકોટ



ખાતે પવનચક્કીના પ્રોજેક્ટમાં રોકાણ કરાવી મુંબઈની વીન વર્લ્ડ (ઇન્ડિયા) લિમિટેડ કંપનીએ રૂા.૭૬ લાખના ચેકો આપ્યા હતા, જે રિટર્ન થતા વકીલ નરેશ ગોહિલ મારફતે સુરત કોર્ટમાં કેસ કર્યો હતો. દરમિયાન કંપની ફડચામાં જતાં ચેક રિટર્નની ફરિયાદને કાયદાકીય કાનૂની બાધ નડતો હોવાના મુદ્દે વિવિધ પ્રકરણો હાઈકોર્ટ સુધી પહોંચ્યો હતો. પરંતુ વીન વર્લ્ડ કંપનીને હાઈકોર્ટ તરફથી પણ કોઈ રાહત ન મળતા ચેક રિટર્નનો કેસ સુરત કોર્ટમાં આગળ વધ્યો હતો. દરમિયાન આ કેસ નવ નિયુક્ત સુરતના ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ એમ. એન. પઠારના ધ્યાને આવ્યો હતો. તેઓએ આ કેસમાં વકીલ નરેશ ગોહિલ અને કંપનીના સિનિયર વકીલ અનિષ ખ્યાલી વચ્ચે સમાધાનકારી વલણ દાખવી બંને પક્ષને સમજાવતા એક જ દિવસમાં ૭૬ લાખની રકમ મુંબઈની કંપનીએ સુરતની કંપનીને ચૂકવી દઈ અંતે સમાધાન કરી લીધું હતું. મુખ્ય ન્યાયાધીશ આર. એ. ત્રિવેદીએ બંને વકીલને અભિનંદન પણ આપ્યા હતા.

# ગરીબ નવાઝ ફાઉન્ડેશન દ્વારા 'સેવ નેચર' અભિયાન

## ભુજના ભારતનગરમાં વિદ્યાર્થીઓને પર્યાવરણ સંરક્ષણનો સંકલ્પ અપાયો




સુરત, તા.૧૩

ગરિબ નવાઝ રિલીફ ફાઉન્ડેશન દ્વારા સમગ્ર કચ્છ જિલ્લામાં "સેવ નેચર" અભિયાન અંતર્ગત પર્યાવરણ સંરક્ષણ અને વૃક્ષારોપણ માટે વિશેષ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. આ અભિયાન હેઠળ કચ્છના વિવિધ શહેરો અને વિસ્તારોમાં વૃક્ષારોપણ તથા પર્યાવરણ જાગૃતિના કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે.આ અભિયાનના ભાગરૂપે આજે ભુજના ભારતનગર વિસ્તારમાં વિદ્યાર્થીઓ વચ્ચે પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને વૃક્ષોનું મહત્વ, કુદરતનું સંરક્ષણ અને પર્યાવરણને સ્વચ્છ તથા હરિયાળું બનાવવાની જવાબદારી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને દરેક વિદ્યાર્થી દ્વારા ઓછામાં ઓછા ૧૫ છોડ વાવવાનો અને તેની જાળવણી કરવાનો સંકલ્પ અપાવવામાં આવ્યો હતો. GNRF દ્વારા વિદ્યાર્થીઓને સમજાવવામાં આવ્યું કે માત્ર છોડ વાવવો જ નહીં પરંતુ તેને ઉછેરીને એક મોટું વૃક્ષ બનાવવું એ સાચી પર્યાવરણ સેવા છે. GNRFનું સૂત્ર છે — "પૌધો લગાના હૈ, દરખ્ત બનાના હૈ" એટલે કે છોડ વાવવાના છે અને તેને મોટા વૃક્ષોમાં પરિવર્તિત કરવાના છે. આ સંકલ્પ સાથે GNRF દ્વારા આગામી સમયમાં સમગ્ર કચ્છને વધુ હરિયાળું અને સ્વચ્છ બનાવવાના ઉદ્દેશ્ય સાથે મોટા પાયે વૃક્ષારોપણ અભિયાન ચલાવવામાં આવશે. GNRFના પ્રતિનિધિઓએ જણાવ્યું હતું કે, વૃક્ષો માનવ જીવન માટે અમૂલ્ય સંપત્તિ છે. વધુમાં વધુ વૃક્ષારોપણ કરીને જ આવનારી પેઢી માટે સ્વચ્છ હવા, સારું પર્યાવરણ અને સુંદર કુદરતનું નિર્માણ કરી શકાય છે.

# ભાઈઓ વચ્ચે મારામારી થતા ઘરને સળગાવી દેવાનો પ્રયાસ

## એક ભાઈએ ગેસ સિલેન્ડની કેપ કાઢી આગ ચાંપી દીધી

સુરત, તા.૧૩

રાંદેર વિસ્તારમાં આવેલી શ્રીજી નગરી પાસેના એસએમસી આવાસમાં ગઈકાલે બે સગા ભાઈઓ વચ્ચે થયેલો સામાન્ય ઝઘડો મોટી હોનારતમાં પરિણમતા સહેજમાં અટકી ગયો હતો.

ફાયર વિભાગના ઓફિસર મહેશ પટેલના જણાવ્યા અનુસાર, રાંદેરી સ્થિત એસ એમ સી આવાસમાં રહેતા રાજવંશી બંધુઓ વચ્ચે કોઈ બાબતે ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ ઝઘડા દરમિયાન એક ભાઈએ ગુસ્સામાં આવી જઈને ઘરમાં રાખેલા ગેસ સિલિન્ડરની કેપ ખોલી નાખી હતી અને માચીસ વડે આગ ચાંપી દીધી હતી. ગેસ લીકેજ હોવાને કારણે ઘરમાં અચાનક મોટો ભડકો થયો હતો, જેને પગલે આસપાસના પડોશીઓમાં ભારે ભય અને ફફડાટનો માહોલ વ્યાપી ગયો હતો. આ ઘટના અંગે ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી, પરંતુ ફાયર ફાઈટરો ઘટનાસ્થળે પહોંચે તે પહેલાં જ બંને ભાઈઓએ આગ પર કાબૂ મેળવી લીધો હતો. જોકે, આ ભીષણ ભડકામાં વિકાસ રાજવંશી નામના એક ભાઈને હાથના ભાગે દાઝી જવાથી ઈજા પહોંચી હતી. ઘટનાની ગંભીરતાને જોતાં પોલીસ પણ તુરંત સ્થળ પર દોડી આવી હતી અને એક ભાઈને પોલીસ પોતાની સાથે લઈ ગઈ હતી. બીજી તરફ, આગના ભડકાને કારણે ગેસ સિલિન્ડરના ઓડિંગવાળા ભાગને પણ મોટું નુકસાન થયું હતું. જેથી સુરક્ષા અને સેફ્ટી પર્પઝને ધ્યાને રાખીને ફાયર ઓફિસર મહેશ પટેલ તે ક્ષતિગ્રસ્ત સિલિન્ડરને પોતાની સાથે લઈ ગયા હતા. આ ઘટનાની હકીકત ફાયર વિભાગને પડોશીઓએ જણાવી હતી. પોલીસે આ મામલે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**ગાયબ થયેલુ**

**પહેલા પાનાનું ચાલુ**

રાજસ્થાન-ગુજરાત જેવા રાજ્યોમાં સારો વરસાદ થઇ શકે છે. હવામાન વૈજ્ઞાનિકોનું એવું પણ માનવું છે કે, પ્રશાંત મહાસાગરમાં ઉદ્ભવી રહેલી સિસ્ટમ ભારતીય ચોમાસાને સપોર્ટ કરી શકે છે પરંતુ સિસ્ટમ નબળી પડે અથવા દિશા બદલી નાખે તો નવા વરસાદી રાઉન્ડ માટે પ્રતિક્ષા કરવી પડે. હવામાન વિભાગ સતત વોચ રાખી રહ્યું છે. હવામાન નિષ્ણાંતોએ ઉમેર્યું કે, પ્રવર્તમાન પરિસ્થિતિ આબોહવા પરિવર્તનનો પ્રભાવ સૂચવે છે. છેલ્લા કેટલાંક વર્ષોથી ચોમાસાની પેટર્ન અનિયમિત બની છે. ક્યારેક તેજ શરૂઆત તો ક્યારેક મોટી એન્ટ્રી અને અધવચ્ચે લાંબો બ્રેક આવે છે. પરિણામ અનુમાન લગાવવાનું પણ પડકારરૂપ બન્યું છે.

**રાજસ્થાનના**

**પહેલા પાનાનું ચાલુ**

હતા અને પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે જોધપુર રિફર કરવામાં આવ્યા હતા.

અકસ્માત બાદ, પોલીસે ઘટનાસ્થળનું નિરીક્ષણ કર્યું, પુરાવા એકત્રિત કર્યા અને ટ્રાફિક પુનઃસ્થાપિત કરવા માટે ક્રેશ થયેલી સ્કોર્પિયોને રસ્તા પરથી દૂર કરી. હાલમાં, મૃતકોની ઓળખ કરવાની અને તેમના પરિવારોને જાણ કરવાની પ્રક્રિયા ચાલી રહી છે. પોલીસે ગુનો નોંધીને અકસ્માતની તપાસ શરૂ કરી છે. અકસ્માત એટલો ભયાનક હતો કે સ્કોર્પિયો સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગઈ હતી. અકસ્માતના સમાચાર મળતાં જ વિસ્તારમાં ગભરાટ ફેલાયો હતો અને મોટી સંખ્યામાં સ્થાનિક લોકો ઘટનાસ્થળે પહોંચ્યા હતા.

પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, અકસ્માતમાં સંડોવાયેલા અજાણ્યા વાહનની શોધ ચાલી રહી છે. નજીકના સીસીટીવી કેમેરાના ફૂટેજની તપાસ કરીને અકસ્માતનું કારણ નક્કી કરવામાં આવી રહ્યું છે અને ડ્રાઈવરને ઓળખી શકાય છે. પ્રાથમિક તપાસમાં ઝડપ અને બેદરકારી શક્ય કારણો હોવાનું સૂચવવામાં આવ્યું છે, જોકે તપાસ પૂર્ણ થયા પછી જ વાસ્તવિક કારણ સ્પષ્ટ થશે. પોલીસે વાહનચાલકોને કાળજીપૂર્વક વાહન ચલાવવા અને ટ્રાફિક નિયમોનું પાલન કરવાની અપીલ કરી છે.

**રશિયા, ઈરાન અને ઉત્તર**

**પહેલા પાનાનું ચાલુ**

ચીની નેટવર્ક દરરોજ ૪,૨૦૦ કરોડની બ્લેક મનીને વ્હાઇટમાં બદલી રહ્યા છે. ૨૦૨૫માં તેમણે ?૧.૫૪ લાખ કરોડને વ્હાઇટમાં બદલ્યા. આ નેટવર્ક પ્રતિબંધિત દેશોના ચુકવણી અને આતંકી ફંડિંગની રકમને એકસાથે પ્રોસેસ કરે છે.

નકલી ઓળખ, છૈં દ્વારા બનાવેલા દસ્તાવેજો અને ડીપફેક ઈન્ટરવ્યુ દ્વારા ચીન, ઉત્તર કોરિયા અને ઈરાન જેવા દેશોના ઓપરેટિવ્સે ૪૦ દેશોની ક્રિપ્ટો અને ટેકનિકલ કંપનીઓમાં રિમોટ નોકરીઓ મેળવી. આ નેટવર્કે બે વર્ષમાં ?૨૬,૭૦૦ કરોડ એકઠા કર્યા. ઘણા કિસ્સાઓમાં સ્થાનિક મદદગારોએ 'ફર્મ' ચલાવી, જેથી કર્મચારી તે જ દેશમાં કામ કરતો દેખાય.

**ઉત્તર પ્રદેશ-બિહાર**

**પહેલા પાનાનું ચાલુ**

બિહારમાં પટના સહિત ૧૯ જિલ્લામાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હવામાન વિભાગ મુજબ, આગામી ૬-૭ દિવસ સુધી ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, પશ્ચિમ બંગાળ અને પૂર્વોત્તરના ઘણા વિસ્તારોમાં સારો વરસાદ ચાલુ રહી શકે છે.

જમ્મુ-કાશ્મીરના રિયાસીમાં સલાલ ડેમના ઘણા દરવાજા ખોલી દેવામાં આવ્યા છે. આ પછી ચિનાબ નદીનું જળસ્તર ઝડપથી વધી ગયું છે.સોમવારે સવારે જમ્મુ અને કાશ્મીરના બારામુલ્લામાં ઠંડી અને હળવું ધુમ્મસ છવાયું. શહેરમાં ધુમ્મસનું પાતળું પડ ફેલાઈ ગયું, જેના કારણે ઘણા વિસ્તારોમાં વિઝિબિલિટી ઘટી ગઈ.રાજ્યના અલવર અને ભરતપુર સહિત ૯ જિલ્લાઓમાં આજે વરસાદનું એલર્ટ છે. છેલ્લા ૨૪ કલાકમાં બુંદીમાં ૫ એમએમ વરસાદ થયો છે. આ ઉપરાંત રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં હવામાન સંપૂર્ણપણે સૂકું રહ્યું. રવિવારે ફલોદી રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું, જ્યાં મહત્તમ તાપમાન ૪૧ઝ નોંધાયું.

હરિયાણાના પંચકુલા, યમુનાનગર અને સોનીપત સહિત ૯ જિલ્લામાં આજે વરસાદ થવાની સંભાવના છે. બાકીના જિલ્લાઓમાં પણ ક્યાંક-ક્યાંક વાદળો છવાઈ શકે છે અને હળવો વરસાદ થઈ શકે છે.છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના મહત્તમ તાપમાનમાં સરેરાશ ૧.૫ ડિગ્રીનો વધારો નોંધાયો. ભિવાની સૌથી ગરમ રહ્યું, જ્યાં મહત્તમ તાપમાન ૩૯ ડિગ્રી નોંધાયું.

**બેંગકોકના પબમાં**

**પહેલા પાનાનું ચાલુ**

છતના કેટલાક ભાગો પણ ઉખડી ગયા હતા.ગવર્નરે કહ્યું- સજાવટથી ઝડપથી ફેલાઈ આગબેંગકોકના ગવર્નર ચાચાર્ટ સિત્તિપુન્ત પણ ઘટનાસ્થળે પહોંચ્યા. તેમણે કહ્યું કે બારની અંદર લાગેલી જ્વલનશીલ સુશોભન સામગ્રીને કારણે આગ ખૂબ જ ઝડપથી ફેલાઈ ગઈ. જોકે, આગ લાગવાનું સાચું કારણ હજુ સ્પષ્ટ નથી અને તપાસ ચાલુ છે.આ દુર્ઘટના તાજેતરના વર્ષોમાં થાઈલેન્ડના સૌથી મોટા પબ અગ્નિકાંડ પૈકી એક છે. ૨૦૨૨માં એક મ્યુઝિક પબમાં આગ લાગવાથી ૧૪ લોકોના મોત થયા હતા. જ્યારે, ૨૦૦૯માં બેંગકોકના સેન્ટિકા નાઈટક્લબમાં આતિશબાજી દરમિયાન લાગેલી આગમાં ૬૬ લોકોના જીવ ગયા હતા અને ૨૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા.

**હોર્મુઝ સ્ટ્રેટ બંધ**

**પહેલા પાનાનું ચાલુ**

ટ્રમ્પે જાહેર કર્યુ કે, ગઈરાત્રીને ઈરાનને નર્ક બનાવતો બોમ્બમારો કરાયો હતો. ટ્રમ્પે એ પણ દાવો કર્યો કે અમેરિકી દળો પુરી રીતે હોર્મુઝ પર કબ્જો ધરાવે છે તો બીજી તરફ ઈરાનથી સંસદના અધ્યક્ષ મોહમ્મદ બાધેર કવોલીબાફે દાવો કર્યો કે એક તરફી સમજુતીના દિવસો પુરા થયા છે અને અમોએ તેઓને (અમેરિકા) જણાવ્યું હતું કે તમારા વચનમાં કાયમ રહો અથવા કિંમત ચુકવવા તૈયાર રહો! હવે વાસ્તવિકતા સામે આવી છે.

ઈરાને જોર્ડન ઓમાન કુવૈત તથા બહેરીન સહિતના અમેરિકી મથકો પર પણ નિશાન બનાવ્યા હતા. ઈરાને દાવો કર્યો છે કે, આ ક્ષેત્રમાં જોર્ડનમાં પ્રીન્સ હસન એરબેઝ પર ફયુલ ટેન્કોને ઉડાવી દેવામાં હોર્મુઝ જળમાર્ગ પુરી રીતે બંધ કરી દેવામાં આવ્યો હોવાનો દાવો કર્યો છે. પણ કુવૈત, બહેરીનમાં પેટ્રોસેટ મોબાઈલ સીસ્ટમ તથા રડારનો બોલાવાય છે.

અમેરિકાએ પ્રથમ વખત હવે ઈરાનમાં નાગરિક સુવિધાને નિશાન બનાવ્યા હતા. ખાસ કરીને ઈઝરાયેલ બેસ પરથી લડાયક એફ-૨૨ વિમાનો હવે ગલ્ફમાં તૈનાત કરાયા છે. જે અત્યંત ઘાતકી હુમલા માટે તથા ખાસ કરીને હોર્મુઝના માર્ગો અને તેની આસપાસના મથકોને નિશાન બનાવાયા છે.

**સાઉથ કોરીયાનું બજાર**

**પહેલા પાનાનું ચાલુ**

બોમ્બ કરતાં પણ વધુ મહત્વપૂર્ણ છે. ISNA ન્યૂઝ એજન્સી અનુસાર, રેઝાઈએ કહ્યું કે ઈરાન હોર્મુઝનું દરેક સંજોગોમાં રક્ષણ કરશે.

ઈરાન-અમેરિકા તણાવ વચ્ચે સોમવારે સાઉથ કોરિયાનું શેરબજાર ખરાબ રીતે તૂટી ગયું. કોસ્પી (KOSPI) ઈન્ડેક્સ ૮% ઘટ્યો, જેના પછી આખા બજારમાં ૨૦ મિનિટ માટે ટ્રેડિંગ રોકવું પડ્યું.આ ઘટાડાથી ૩૨૮ અબજ ડોલર (લગભગ ૩૧.૨ લાખ કરોડ રૂપિયા) ની બજાર મૂડી સાફ થઈ ગઈ. સૌથી વધુ દબાણ ટેક શેરો પર રહ્યું. એસકે હાઈનિક્સનો શેર સિઓલમાં ૧૨% તૂટી ગયો.રોકાણકારોની નજર હવે આ સપ્તાહે આવનારા અમેરિકાના મોંઘવારીના આંકડાઓ પર પણ છે. તેલની કિંમતોમાં વધારા પછી મોંઘવારી વધવાની આશંકા તેજ થઈ છે, જેનાથી અમેરિકી ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરો વધારવાની સંભાવના પણ મજબૂત થઈ છે.હોર્મુઝ સ્ટ્રેટ ઈરાન અને ઓમાનની વચ્ચે આવેલી છે. તેનો ઉત્તરી કિનારો ઈરાન પાસે છે, જ્યારે દક્ષિણી કિનારો ઓમાન પાસે છે. સૌથી સાંકડી જગ્યાએ તેની પહોળાઈ માત્ર ૨૧ નોટિકલ માઈલ (લગભગ ૩૯ કિલોમીટર) છે.શરૂઆતમાં બંને દેશોનો દરિયાઈ વિસ્તાર માત્ર ૩ નોટિકલ માઈલ સુધીનો માનવામાં આવતો હતો. પરંતુ બાદમાં દરિયાઈ કાયદાઓમાં ફેરફાર થયા પછી ઈરાને ૧૯૫૯માં અને ઓમાને ૧૯૭૨માં પોતપોતાના દરિયાઈ વિસ્તારની સીમા વધારીને ૧૨-૧૨ નોટિકલ માઈલ (લગભગ ૨૨-૨૨ કિલોમીટર) કરી દીધી.

આ નિર્ણય પછી હોર્મુઝ સ્ટ્રેટનો સૌથી સાંકડો ભાગ સંપૂર્ણપણે ઈરાન અને ઓમાનના દરિયાઈ વિસ્તારોમાં આવી ગયો. જોકે, દરિયાઈ અવરજવર ચાલુ રહે તે માટે ૨-૨ નોટિકલ માઈલની પહોળી ટ્રાન્ઝિટ લેન બનાવવામાં આવી.

**ઝીરો લેન્ડ ફીલ પિલગ્રિમેજ**

**પહેલા પાનાનું ચાલુ**

દિવસથી જ સફાઈકર્મીઓ સતત કચરો એકત્ર કરી રહ્યા છે અને હાઈ-એન્ડ મશીનો દ્વારા તેનું વૈજ્ઞાનિક પ્રક્રિયાકરણ કરવામાં આવી રહ્યું છે.અમરનાથ ગુફામાં કુદરતી બરફનું શિવલિંગ લગભગ સંપૂર્ણપણે પીગળી ગયું છે. હજુ યાત્રાના પાંચ દિવસ જ વીત્યા છે. ૫૭ દિવસ ચાલનારી યાત્રા ૩ જુલાઈથી શરૂ થઈ હતી.યાત્રાના પહેલા ચાર દિવસમાં લગભગ ૮૬ હજાર શ્રદ્ધાળુઓએ પવિત્ર ગુફામાં દર્શન કર્યા. અધિકારીઓ અનુસાર, મંગળવારે પાંચમા દિવસે આ સંખ્યા ૧ લાખને પાર પહોંચવાની આશા છે.યાત્રા માટે આ વર્ષે ૪ લાખ શ્રદ્ધાળુઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. એટલે કે હજુ ૩ લાખથી વધુ શ્રદ્ધાળુઓના દર્શન કરવા બાકી છે.

**કુલ રૂા.૬૫.૨૧**

**પેજ-૨ પાનાનું ચાલુ**

કામગીરીની સાથે-સાથે વહીવટી તંત્ર દ્વારા ઘરવખરી સહાય પણ ચૂકવવામાં આવી છે. તા.૧૧મી જુલાઈના રોજ સાંજેના ૬.૦૦ વાગ્યા સુધીમા ૯૫૯ અસરગ્રસ્ત લાભાર્થીઓને તેમના ઘરના સામાન અને ઘરવખરીના નુકસાનના વળતર પેટે કુલ રૂ. ૪૭,૯૫,૦૦૦ની રોકડ રકમનું વિતરણ કરવામાં આવ્યું છે. જેમાં કતારગામ તાલુકામાં ૪૨ પરિવારોને રૂ.૨.૧૦લાખ, મજુરા તાલુકામાં ૪૩ પરિવારોને રૂ.૨.૧૫લાખ, અથ્રામા તાલુકામાં ૪૧ પરિવારોને રૂ.૨.૦૫ લાખ અને મુખ્ય અસરગ્રસ્ત એવા ઉધના તાલુકામાં ૮૩૩ પરિવારોને રૂ.૪૧.૬૫ લાખની ઘરવખરી સહાય ચૂકવવામાં આવી છે. હજુ પણ સર્વેની કામગીરી શરૂ છે.

**પાવરગ્રીડ**

**પેજ-૨ પાનાનું ચાલુ**

દેસાઈ, ખેડૂત આગેવાન જયેશભાઈ દેલાડ સહિતના ખેડૂત આગેવાનો તેમજ ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે દક્ષિણ ગુજરાત ખેડૂત સમાજના પ્રમુખ રમેશભાઈ પટેલ (ઓરમા), જયેશભાઈ દેલાડ, સહકારી આગેવાન દર્શન નાયક, રતિલાલ મીંઢી સહિતના આગેવાનોએ ઉપસ્થિત રહી ખેડૂતોને સંગઠિત થઈ લડી લેવા માટે હુંકાર કર્યો હતો.

**એકસમયે દક્ષિણ ગુજરાત સમગ્ર દેશને રાહ ચિંધતો હતો**

ગુજરાત કોંગ્રેસ સેલના પ્રમુખ જયેશભાઈ પાલે જણાવ્યું કે, ખેડૂતોની બજાર કિંમતથી ચાર ગણા આપવાની માંગ છે. માંગ નહીં સંતોષાય તો થાંભલા તોડી નાખીશું. ભૂતકાળમાં સ્થાનિક ધારાસભ્ય એ પદ ગુમાવવું પડ્યું છે, આવનાર દિવસોમાં ૨૦૨૭ માં ધારાસભ્યપદ પણ ગુમાવવું પડે તેવી સ્થિતિનું નિર્માણ કરાશે. એકસમયે દક્ષિણ ગુજરાત સમગ્ર દેશને રાહ ચિંધતો હતો, ફરીથી થાય એ માટે જાગૃત કરવાનો પ્રયાસ કરાશે.રાજ્યમાં ચાર સ્થળોએ છાવણી સ્થપાશે અને ખેડૂતોને જાગૃત કરાશે. ટૂંક સમયમાં ઉત્તર ગુજરાત નો દક્ષિણમાં

અને દક્ષિણ નો આગેવાન સૌરાષ્ટ્રમાં જશે અને ખેડૂતોને જાગૃત કરશે.

**સર્વોદય**

**પેજ-૨ પાનાનું ચાલુ**

વિકાસ ફાળે લઈ જવાનું ઠરાવાયું હતું. આ ઉપરાંત ઓડિટ રિપોર્ટ વાંચનમાં લઈ નોંધ લેવામાં આવી હતી. આ પ્રસંગે સામાજિક આગેવાન રતિકાકા મીંઢીએ સહકારી સંસ્થાઓને પત્ર લખી દાન ઉઘરાવવા માટે સૂચન કર્યું હતું. એડવોકેટ એન્ડ નોટરી રાજુ પરમારે છેવાડાના માનવી ને સવલત આપવા માટે ટ્રસ્ટ કામ કરે છે ત્યારે ટ્રસ્ટને મદદરૂપ થવા આહવાન કર્યું હતું. સભાસદો વધે , દાન વધે, પ્રજાના પ્રશ્નો માટે પણ ટ્રસ્ટ આગળ આવે, ખેડૂતોના હામી બનવા માટે પણ ટ્રસ્ટ ઊભું રહેશે.

ખેડૂત આગેવાન જયેશભાઈ દેલાડે જણાવ્યું કે, સેવાકીય પ્રવૃતિને બિરદાવી, સમાજમાં સરદાર અને ગાંધીના વિચારો ભૂલતા જાય છે ત્યારે વ્યસન મુક્ત અને સમાજમાં સરદાર કથા કે ગાંધી કથાનું આયોજન કરવા માટે સૂચન કર્યું હતું. દર્શન નાયકે નોટબુક વિતરણ કરવાનું આયોજન માટે સૂચન કર્યું હતું તેમજ નેત્રદાન કરવાનું આયોજન કરવા આહ્વાન કર્યું હતું. આ પ્રસંગે જયેશભાઈ નટવરભાઈ પટેલે રૂપિયા ૫૧૦૦૦/-, મહેશ રતિલાલ પટેલ : ૫૦૦૦/-, જયેન્દ્ર દેસાઈ : ૫૦૦૦/-, રતિકાકા : ૧૧૦૦૦/-, અનુરાગ ભટ્ટ : ૫૦૦૦/- , ઈશ્વર કાલિદાસ પટેલ - ૧૧૧૧/ સહિતનાઓએ દાનની સરવાણી વહાવી હતી.

**શિક્ષણની પરબ**

**પેજ-૨ પાનાનું ચાલુ**

આગેવાનો,બી.એમ.જી.ની મહિલાઓ, વડીલો અને યુવાનો ને પ્રાસંગિક ઉદબોધન કરતા શિક્ષણ ની જરૂરિયાત સમજાવી રાષ્ટ્ર નાં વિકાસ માં સંવિધાન થકી શિક્ષણ લઈને ભણવામાં ખૂબ ધ્યાન આપવા માટે આહ્વાન કર્યું હતું, કાર્યક્રમ ને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવવામાં મા.જીવરાજ મકવાણા પ્રમુખ ઈન્સાફ ગુજરાત,મા. વિનયભાઈ સોલંકી મહાસચિવ ઈન્સાફ ગુજરાત,મા.અશોક.મકવાણા પ્રમુખ ઈન્સાફ ભરૂચ, મા.વિઠ્ઠલભાઈ પરમાર મનુબર, મા.જયંતિભાઈ સુતરીયા ખજાનચી ઈન્સાફ ગુજરાત, મા. અશોક. એમ.પરમાર કાર્યક્રમ નું સફળ સંચાલન મા.પૂનમબેન. ચંન્દ્રકાન્ત.મકવાણાએ કર્યું હતું.

**છેલ્લા પાનાનું ચાલુ**

**ઉકાઈ ડેમની**

પાણીની આવક યથાવત રહેતાં કૉઝવે પર સતત નજર રાખવામાં આવી રહી છે.

જળસંપત્તિ વિભાગ દ્વારા ડેમ અને કૉઝવેની સ્થિતિ પર સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. જો ઉપરવાસમાં ભારે વરસાદ ચાલુ રહેશે તો આગામી દિવસોમાં ડેમમાં પાણીની આવકમાં વધારો થવાની શક્યતા છે. હાલની સ્થિતિમાં કોઈ ચિંતાજનક પરિસ્થિતિ નથી, તેમ છતાં તાપી નદી કિનારાના વિસ્તારોના લોકોને સાવચેતી રાખવા અને તંત્રની સૂચનાઓનું પાલન કરવા અપીલ કરવામાં આવી છે.

**નામ બદલેલ છે**

મારૂ જુનું નામ દર્શના કલ્પેશકુમાર ઝીંઝુવાડિયા હતું જે બદલીને નવું નામ દર્શના કલ્પેશ ઝીંઝુવાડિયા રાખેલ છે. જેની સર્વેએ નોંધ લેવી. સહી/- દર્શના કલ્પેશ ઝીંઝુવાડિયા સરનામું :સી – ૪૦૧ રાજહંસ પ્લેટિનમ રેસીડન્સી પાલનપુર સુરત સુરત સિટી, ગુજરાત ઈન્ડિયા ૩૯૫૦૦૯

**નામ બદલેલ છે**

મારૂ જુનું નામ શેખ અલ્માસ મોહમ્મદ શાહીદ અને અલ્માસાબીબી મહમદ સાદીક શેખ હતું જે બદલીને નવું નામ અલ્માસ મોહમ્મદઅયાઝ શેખ રાખેલ છે. જેની સર્વેએ નોંધ લેવી. સહી/- અલ્માસ મોહમ્મદઅયાઝ શેખ સરનામું :૭/૧૮૩૩,ફ્લેટ-૨૦૨,ફ્લોર-૨,સૈયદપુરા ટુંકી,ચીકવાલી મસ્જીદ પાસે,સૈયદપુરા, સુરત-૩૯૫૦૦૩

**નામ બદલેલ છે**

મારૂ જુનું નામ ફરહાના ઈરફાન એકલવાયા હતું જે બદલીને નવું નામ ફરહાનાબાનુ મહમદ ઈરફાન એકલવાયા રાખેલ છે. જેની સર્વેએ નોંધ લેવી. સહી/- ફરહાનાબાનુ મહમદ ઈરફાન એકલવાયા સરનામું :૮૦૮, નાની નગરી, દાભેલ, જલાલપોર, દાભેલ, નવસારી-૩૯૬૪૧૫

**નામ બદલેલ છે**

મારૂ જુનું નામ ઈરફાન ઈબ્રાહીમ એકલવાયા હતું જે બદલીને નવું નામ મહમદ ઈરફાન ઈબ્રાહીમ એકલવાયા રાખેલ છે. જેની સર્વેએ નોંધ લેવી. સહી/- મહમદ ઈરફાન ઈબ્રાહીમ એકલવાયા સરનામું :૮૦૮, નાની નગરી, દાભેલ, જલાલપોર, દાભેલ, નવસારી-૩૯૬૪૧૫

**નામ બદલેલ છે**

મારૂ જુનું નામ મોહમ્મદ ઈરફાન એકલવાયા હતું જે બદલીને નવું નામ મોહમ્મદ મહમદ ઈરફાન એકલવાયા રાખેલ છે. જેની સર્વેએ નોંધ લેવી. સહી/- મોહમ્મદ મહમદ ઈરફાન એકલવાયા સરનામું :૮૦૮, નાની નગરી, દાભેલ, જલાલપોર, દાભેલ, નવસારી-૩૯૬૪૧૫

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 299-300/ Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
સોમવાર, તા.૧૩ જુલાઈ ૨૦૨૬ | E-mail : pratap_darpan@yahoo.co.in | મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

# ગુજરાતમાં ચાંદીપુર વાયરસનો આતંક
# ૧૦ શંકાસ્પદ સહિત ૧૩ બાળકોનાં મોત
## આજ દિન સુધીમાં મૃત્યુ પામેલા ૧૩ પૈકીના ત્રણ બાળકોનો ટેસ્ટ પોઝિટીવ આવ્યો હતો

**અમદાવાદ,તા.૧૩**

ગુજરાતમાં ચોમાસાની શરૂઆત થતાં જ ચાંદીપુરા વાયરસનો આતંક જોવા મળી રહ્યો છે. ગાંધીનગર, સાબરકાંઠા, ખેડા, અરવલ્લી અને પંચમહાલ સહિતના જિલ્લાઓમાં આ જીવલેણ વાયરસ ઝડપથી ફેલાઈ રહ્યો છે, જેના કારણે આરોગ્ય વિભાગમાં ભારે દોડધામ મચી ગઈ છે.

અત્યાર સુધી રાજ્યના જુદા જુદા વિસ્તારોમાંથી ચાંદીપુરા વાયરસ અને તેના શંકાસ્પદ લક્ષણોના કારણે બાળકોના મોતના સમાચારો સામે આવ્યા છે. જેમાં અત્યાર સુધીમાં (૧૩ જુલાઈ) કુલ ૧૩ બાળકનાં મોત થયા છે. જેમાં ૩ પોઝિટિવ અને ૧૦ શંકાસ્પદ બાળકનાં મોત થયા છે. જ્યારે હાલ ૨ પોઝિટિવ બાળક ગાંધીનગર સિવિલમાં દાખલ છે અને અન્ય ૫ શંકાસ્પદ માસૂમ અલગ-અલગ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાની સત્તાવાર માહિતી અને લેબોરેટરી રિપોર્ટના આધારે રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૩ બાળકનાં મોત ચાંદીપુરા વાયરસ પોઝિટિવ આવવાના કારણે થયા છે, જેમાં પંચમહાલના ગોધરા ખાતે રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ સારવાર દરમિયાન ૨ બાળકના મોત નિપજ્યાં હતા, જ્યારે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયેલા રાજસ્થાનના ૧ બાળકનો રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યા બાદ તેનું મોત થયું હતું.

રિબીજી તરફ, લેબોરેટરી રિપોર્ટ નેગેટિવ આવ્યા હોય અથવા રિપોર્ટ આવે તે પહેલાં જ તીવ્ર તાવ, આંચકી અને ઉલટી જેવા શંકાસ્પદ લક્ષણો સાથે દમ તોડ્યો હોય તેવા બાળકોની સંખ્યા પણ ઘણી મોટી અને ચિંતાજનક છે.

હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ચાંદીપુરાના શંકાસ્પદ લક્ષણો ધરાવતા કુલ ૬ બાળકના મોત નોંધાયા છે, જ્યાં દાખલ કરાયેલા કુલ ૭ શંકાસ્પદ કેસમાંથી ૬ બાળકના રિપોર્ટ નેગેટિવ આવ્યા હતા અને માત્ર ઉપર જણાવેલો રાજસ્થાનનો ૧ કેસ જ પોઝિટિવ હતો.

આ ઉપરાંત પંચમહાલના ગોધરા અને કાલોલમાં પણ શંકાસ્પદ લક્ષણોથી કુલ ૪ બાળકના મોત થયા છે, જેમાં ગોધરા તાલુકાના વીઝોલ અને સરદારપુરા ગામના ૨ બાળકના અગાઉ જ મોત થઈ ચૂક્યા હતા, જ્યારે ગત ૧૨ જુલાઈના રોજ વધુ બે માસૂમે જીવ ગુમાવ્યા હતા, જેમાં મણિપુર ગામના ૧ વર્ષના સચિન રાઠવાનું અમદાવાદ લઈ જતી વખતે રસ્તામાં જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું અને કાલોલ તાલુકાના ઘોડા ગામના ૨ વર્ષના આશિષ નાયકનું વડોદરા રીફર કર્યા બાદ સારવાર દરમિયાન મોત થયું હતું. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાંથી સામે આવેલા અહેવાલ મુજબ, ખેડા જિલ્લાના કપડવંજ તાલુકાના ૧ વર્ષના એક બાળક અને સાબરકાંઠાના કઠલાલ તાલુકાના ૪ વર્ષના અન્ય એક બાળકને તીવ્ર તાવ અને આંચકી આવતાં તાત્કાલિક હોસ્પિટલના ખાસ બાળકોના વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ બંને માસૂમ બાળકના લોહીના સેમ્પલ લેબોરેટરી તપાસ માટે મોકલવામાં આવ્યા હતા, જેનો રિપોર્ટ ચાંદીપુરા વાયરસ માટે પોઝિટિવ આવ્યો છે. હાલમાં સિવિલના નિષ્ણાત ડોક્ટરોની એક વિશેષ ટીમ દ્વારા આ બંને બાળક પર સતત નજર રાખીને તેમની સઘન સારવાર કરવામાં આવી રહી છે. બીજી તરફ, અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાની એક ૩ વર્ષની માસૂમ બાળકીમાં પણ ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ લક્ષણો જોવા મળ્યા છે. આ બાળકીને સાવચેતીના ભાગરૂપે હિંમતનગર સિવિલ હોસ્પિટલના વિશેષ આઈસોલેશન વોર્ડમાં દાખલ કરીને સારવાર શરૂ કરી દેવામાં આવી છે. તબીબો દ્વારા બાળકીના લોહીના નમૂના લઈ લેબોરેટરી પરીક્ષણ માટે મોકલી આપવામાં આવ્યા છે અને હાલ તેના સત્તાવાર રિપોર્ટની રાહ જોવાઈ રહી છે. આ ઉપરાંત, પંચમહાલ જિલ્લાની ગોધરા સિવિલ હોસ્પિટલમાં પણ વાયરસના આતંકની અસર જોવા મળી રહી છે, જ્યાં હાલમાં ખેંચ, ઝાડા અને ઊલટી જેવા ગંભીર લક્ષણો ધરાવતા અન્ય ૪ જેટલા બાળક સારવાર હેઠળ છે. એક જ અઠવાડિયામાં જિલ્લામાં થયેલા શંકાસ્પદ મોતના પગલે તબીબો આ બાળકોની સ્થિતિ પર પણ ખૂબ જ બારીકાઈથી નજર રાખી રહ્યા છે જેથી સંક્રમણને વધુ ફેલાતું અટકાવી શકાય. હિંમતનગર સિવિલ હોસ્પિટલના પીડીયાટ્રિક ડો આશિષ જૈને જણાવ્યું હતું કે, હિંમતનગર સિવિલમાં એક પોઝિટિવ બાળક કે જે રાજસ્થાનથી સારવાર માટે આવ્યું હતું. તેનું મોત થયું હતું. ખાસ કરીને ચોમાસામાં ચાંદીપુરા વાયરસ અથવા તેના જેવા જ બીજા વાયરસના કારણે મોત થતાં હોય છે. આ વાયરસ સીધી મગજ પર અસર કરે છે. બીજા વાયરસ પણ બ્રેઈનના ટીસ્યુ પર જ અસર કરે છે. જેને કદાચ આપણે હજુ સુધી ઓળખી નથી શક્યા. તેમણે વધુમાં કહ્યું કે, આ ભૌગોલિક ક્ષેત્રમાં ૭-૮ વાયરસનો ટેસ્ટ થાય છે. PCR રિપોર્ટ CSF ટેસ્ટ દ્વારા તેની તપાસ થાય છે. જેનો રિપોર્ટ ગાંધીનગર GBRCથી ૪૮ કલાક બાદ આવે છે. ૨૬ જૂનથી ૧૩ જુલાઈ સુધીમાં હિંમતનગર સિવિલમાં ૯ કેસ આવ્યા છે. જેમાં ૬ મોત, એક સાજુ થઈ ગયું અને બે એડમિટેડમાંથી એકનો રિપોર્ટ નેગેટીવ આવ્યો છે.

## લંકા વિજય મંદિરમાં રથ યાત્રાની તૈયારી



**સુરત શહેરના જુદા જુદા મંદિરોમાં ભગવાન જગન્નાથ યાત્રા માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. કતારગામ-અમરોલી તાપી નદી બ્રિજ પાસેના લંકા વિજય હનુમાનજી મંદિર પરિસરમાં અષાઢી બીજ ભગવાનની નીકળનારી યાત્રામાં પ્રસાદ તથા ભંડારા માટે એક હજાર કિલો ગ્રામ મગની સફાઈ કરતી સેવક મહિલાઓની આ તસ્વીર છે. (તસવીર : પ્રદીપ ગોહિલ)**

## ઉકાઈ ડેમની સપાટી ૩૧૩.૫૪ ફૂટ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૩**

દક્ષિણ ગુજરાતમાં વરસાદની સ્થિતિ વચ્ચે ઉકાઈ ડેમમાં પાણીની આવક ચાલુ છે. સોમવારે સવારે ૧૦ વાગ્યાની સ્થિતિ મુજબ ઉકાઈ ડેમનું જળસ્તર ૩૧૩.૫૪ ફૂટ નોંધાયું છે, જ્યારે ડેમની સંપૂર્ણ ભરાવ ક્ષમતા ૩૪૫ ફૂટ છે. હાલમાં ડેમમાં ૧૧,૦૦૨ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે, જ્યારે માત્ર ૮૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે.

બીજી તરફ, ઉકાઈ કૉઝવે પર પાણીની સપાટી ૬.૦૩ મીટર નોંધાઈ છે. કૉઝવે પરથી અંદાજે ૨૦,૦૭૬ ક્યુસેક પાણીનો પ્રવાહ પસાર થઈ રહ્યો છે. ઉપરવાસમાં થઈ રહેલા વરસાદના કારણે નદીમાં

**અનુસંધાન પાના ૭ પર**

# લોક અદાલતમાં ૪.૧૭ લાખ કેસોના નિકાલ સાથે સુરત રાજ્યમાં પ્રથમ
## ગુજરાતભરમાં ૧૩.૩૨ લાખથી વધુ કેસોનો લોક અદાલતોમાં સમાધાન કરી નિકાલ કરાયો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૩**

સુરતઃ ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ (GSLSA) દ્વારા ૧૧ જુલાઈ, ૨૦૨૬ના રોજ યોજાયેલી રાષ્ટ્રીય લોક અદાલતમાં સમગ્ર રાજયમાં રેકોર્ડબ્રેક ૧૩,૩૨,૬૭૧ કેસોનો નિકાલ કરવામાં આવ્યો હતો. જિલ્લા કાનૂની સેવા સત્તામંડળો અને વિવિધ વિશેષ સમિતિઓ દ્વારા પ્રિ-લિટિગેશન તેમજ કોર્ટમાં પેન્ડિંગ કેસોનું સમાધાન કરવામાં આવ્યું હતું.

આંકડા મુજબ સુરત જિલ્લો રાજ્યમાં પ્રથમ સ્થાને રહ્યો, જ્યાં કુલ ૪,૧૭,૪૬૬ કેસોનો નિકાલ કરવામાં આવ્યો હતો. સુરતમાં ૨,૧૩,૮૦૫ પ્રિ-લિટિગેશન કેસ, ૫,૪૭૬ પેન્ડિંગ કેસ અને ૧,૯૮,૧૮૫ વિશેષ પ્રકારના કેસોનો નિકાલ થતાં કુલ ૨,૦૩,૬૬૧ લોક અદાલત અને વિશેષ કેસોનું સમાધાન થયું હતું. રાજકોટ જિલ્લામાં ૧,૦૦,૫૫૨ કેસો, જ્યારે વડોદરા જિલ્લામાં ૧,૧૯,૭૩૯ કેસોનો નિકાલ થયો હતો. અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લામાં ૪૧,૫૯૫, ગાંધીનગરમાં ૨૬,૧૦૦, મહેસાણામાં ૨૫,૨૩૭, ભરૂચમાં ૨૦,૫૪૯, વલસાડમાં ૧૮,૬૬૦ અને ખેડા જિલ્લામાં ૧૭,૬૪૯ કેસોનુંસમાધાન કરવામાં આવ્યું હતું. રાજ્ય સ્તરે યોજાયેલી આ લોક અદાલતમાં ૮,૨૨,૮૬૬ પ્રિ-લિટિગેશન કેસ, ૬૫,૬૨૪ પેન્ડિંગ કેસ તેમજ ૪,૪૪,૧૮૧ વિશેષ પ્રકારના કેસોનો નિકાલ થયો હતો. આમ કુલ ૫,૦૯,૮૦૫ લોક અદાલત અને વિશેષ કેસોનું સમાધાન થતાં કુલ નિકાલનો આંકડો ૧૩.૩૨ લાખને પાર પહોંચ્યો હતો. કાનૂની સેવા સત્તામંડળના અધિકારીઓએ જણાવ્યું હતું કે લોક અદાલતના માધ્યમથી નાગરિકોને ઝડપી, સરળ અને ઓછા ખર્ચે ન્યાય મળી રહે છે. સાથે જ કોર્ટોમાં પેન્ડિંગ કેસોનો બોજ ઘટાડવામાં પણ લોક અદાલત મહત્વની ભૂમિકા ભજવી રહી છે.

# બમરોલીની ફેક્ટરીમાં સબસિડીયુક્ત નીમ કોટેડ યુરિયાનો જથ્થો ઝડપાયો
## કૃષિ વિભાગ અને પોલીસની સંયુક્ત કાર્યવાહી, રૂ. ૧.૧૯ લાખની ૪૦૫ બેગ જપ્ત

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૩**

સુરતના ઉધના-બમરોલી રોડ પર આવેલી એક ઔદ્યોગિક એકમમાં ખેતી માટે સરકાર દ્વારા સબસિડી પર આપવામાં આવતા નીમ કોટેડ યુરિયાનો ઔદ્યોગિક ઉપયોગ થતો હોવાની બાતમીના આધારે કૃષિ વિભાગ અને પોલીસની સંયુક્ત ટીમે દરોડો પાડી રૂ. ૧.૧૯ લાખની કિંમતની ૪૦૫ બેગ જપ્ત કરી છે. સમગ્ર મામલે ચાર વ્યક્તિઓ સામે આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

કૃષિ વિભાગના અધિકારીઓને માહિતી મળી હતી કે એક ઔદ્યોગિક ફેક્ટરીમાં સરકારની સબસિડીવાળું નીમ કોટેડ યુરિયા ગેરકાયદેસર રીતે સંગ્રહ કરી તેનો ઔદ્યોગિક હેતુ માટે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ માહિતીના આધારે નાયબ ખેતી નિયામક અને ખેતી અધિકારીઓની ટીમે પોલીસ સાથે સંયુક્ત તપાસ હાથ ધરી હતી.

તપાસ દરમિયાન ફેક્ટરીમાંથી કુલ ૪૦૫ બેગ નીમ કોટેડ યુરિયા મળી આવ્યો હતો, જેની કિંમત આશરે રૂ. ૧.૧૯ લાખ થાય છે. અધિકારીઓએ યુરિયાની ખરીદી સંબંધિત દસ્તાવેજો માંગ્યા હતા, પરંતુ રજૂ કરાયેલા દસ્તાવેજોમાં અનેક વિસંગતતાઓ જોવા મળી હતી. તપાસમાં જે પેઢીના નામે બિલ રજૂ કરવામાં આવ્યા હતા તે સરનામે કોઈ પેઢી અસ્તિત્વમાં જ ન હોવાનું પણ સામે આવ્યું હતું.

અધિકારીઓએ જપ્ત કરાયેલા યુરિયાના નમૂનાઓને લેબોરેટરીમાં મોકલ્યા હતા. પરીક્ષણમાં જપ્ત કરાયેલો જથ્થો સરકાર દ્વારા ખેડૂતોને સબસિડી હેઠળ આપવામાં આવતો નીમ કોટેડ યુરિયા હોવાનું વૈજ્ઞાનિક રીતે પુષ્ટિ થઈ હતી. ત્યારબાદ સમગ્ર મામલે વધુ તપાસ શરૂ કરવામાં આવી હતી.

ખેતી અધિકારી વિશાલકુમાર કોરાતની ફરિયાદના આધારે ખટોદરા પોલીસે રાજ હેમંતભાઈ ડોડિયા, નવરચંદ મોહનલાલ નાયક, મંથન હેમંતભાઈ ડોડિયા તેમજ શ્રી શ્યામ ટ્રેડર્સ સાથે સંકળાયેલા અન્ય જવાબદારો સામે ખાતર નિયંત્રણ હુકમ-૧૯૮૫ અને આવશ્યક ચીજવસ્તુ અધિનિયમની વિવિધ જોગવાઈઓ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



**આગામી તા.૧૬મીના રોજ અષાઢી બીજ નિમિતે સુરતમાં પણ ભગવાન જગન્નાથ યાત્રા નીકળશે. વરાછાના માતાવાડી પાસે આવેલા ઈસ્કોન મંદિર સંકુલમાં ભગવાનની નગર યાત્રા સંદર્ભે રંગબેરંગી રથ સાકાર કરી દેવામાં આવ્યો છે. (તસવીર : પ્રદીપ ગોહિલ)**

# ઉધનામાં ખૂની હુમલો કરનાર પણ મૃતકના હુમલાથી ઈજાગ્રસ્ત
## જાવેદ સામે હત્યાનો ગુનો, જ્યારે વિક્કી સહિત ત્રણ સામે હત્યાના પ્રયાસનો કેસ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૩**

ઉધનાના અશોક સમ્રાટનગર, મોરાજી વસાહત વિસ્તારમાં જૂની અદાવતને લઈને થયેલા હિંસક ઝઘડાએ લોહીયાળ સ્વરૂપ ધારણ કરતાં એક યુવકનું મોત થયું છે, જ્યારે બીજા યુવકને ગંભીર ઈજાઓ પહોંચી છે. ઘટનાના અનુસંધાને બંને પક્ષોએ એકબીજા સામે ફરિયાદ નોંધાવતાં ઉધના પોલીસ સ્ટેશનમાં હત્યા અને હત્યાના પ્રયાસના બે અલગ-અલગ ગુનાઓ નોંધાયા છે. સમગ્ર બનાવને લઈને વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે.

પ્રથમ ફરિયાદ મુજબ, સંગીતાબેન ધનરાજ ભીમરાવ તાયડેએ આરોપ મૂક્યો છે કે તેમના ૨૨ વર્ષીય પુત્ર વિક્કી ઉર્ફે લક્કી અગાઉ થયેલા હત્યાના કેસમાં લાજપોર જેલમાં રહેલા દીપક ઉર્ફે દીપ્યો તથા તેના સાગરિતોને આર્થિક મદદ ન કરવા માટે જાવેદ સલીમ શા (ફકીર)ને સમજાવવા ગયો હતો. તે દરમિયાન ૧૧ જુલાઈની રાત્રે આશરે ૧૦:૧૫ વાગ્યે જીજાબાઈના મકાન પાસે બંને વચ્ચે ઝઘડો થયો હતો. આરોપ છે કે જાવેદે વિક્કીની છાતી અને માથાના ભાગે ચપ્પુના જીવલેણ ઘા ઝીકતાં તેનું મોત નીપજ્યું હતું. આ મામલે જાવેદ સલીમ શા તથા અન્ય સામે હત્યાનો ગુનો નોંધવામાં આવ્યો છે.

બીજી તરફ, સુરૈયાબી સલીમ નશીર શાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે તે જ રાત્રે તેમના પુત્ર જાવેદ ઘરમાં એકલો હાજર હતો ત્યારે વિક્કી તાયડે, પપ્પી અને વિશાલ અગાઉની બોલાચાલીની અદાવત રાખી ચપ્પુ સાથે ઘરમાં ઘૂસી આવ્યા હતા. ત્રણેયે મળીને જાવેદ પર હુમલો કરી પેટના જમણા પડખે તેમજ જમણા હાથમાં ગંભીર ઈજાઓ પહોંચાડી તેની હત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. આ ફરિયાદના આધારે ઉધના પોલીસે વિક્કી તાયડે, પપ્પી અને વિશાલ સામે હત્યાના પ્રયાસ સહિતની કલમો હેઠળ ગુનો નોંધ્યો છે.

# મોપેડ શીખવાડતી વખતે યુવકે યુવતીની છાતી પર હાથ મૂકી દીધો
## નોકરી અપાવવાના બહાને યુવતીની જાતીય સતામણી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૩**

શહેરમાં નોકરી અપાવવાનું કહી યુવતીને વિશ્વાસમાં લઈ તેની સાથે અશ્લીલ હરકતો કર્યાનો બનાવ સામે આવ્યો છે. પીડિતાની ફરિયાદના આધારે પોલીસે વરાછાના યુવક સામે જાતીય સતામણીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ ફરિયાદ મુજબ આરોપી નીલેશભાઈ વલ્લભભાઈ બારીયા, રહે. બી-૪૦૭, ગંગાસાગર એપાર્ટમેન્ટ, કુબેરનગર, વરાછા, સુરત છે.

ફરિયાદ મુજબ ૧૨ જુલાઈ, ૨૦૨૬ના રોજ બપોરે આશરે ૨:૩૦થી ૩:૩૦ વાગ્યાની વચ્ચે આરોપીએ ફરિયાદીને નોકરી અપાવવાનું કહી પોતાની મોપેડ પર બેસાડી સુરત શહેરમાં વોટર પાર્ક નજીક લઈ ગયો હતો. ત્યારબાદ આરોપીએ ફરિયાદીને મોપેડ ચલાવવાનું શીખવાડવાનું કહી મોપેડની આગળ બેસાડી પોતે પાછળ બેઠો હતો. આ દરમિયાન અચાનક તેણે મોપેડના હેન્ડલ પરથી બંને હાથ હટાવી ફરિયાદીની છાતી પર હાથ મૂકી છાતી દબાવી અશ્લીલ ચેષ્ટા કરી હતી. આરોપીની હરકતથી ગભરાઈ ગયેલી ફરિયાદીએ તેનો વિરોધ કરી બાદમાં સમગ્ર ઘટનાની જાણ પોલીસને કરી હતી.

# મોટા વરાછામાં પત્ની પર પતિનો હુમલો, પ્રેમિકાએ પણ માર માર્યા
## વર્ષોથી અલગ રહેતા દંપતી વચ્ચે રસ્તા પર મારા મારી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૩**

શહેરના મોટા વરાછા વિસ્તારમાં એક પરિણીત મહિલાને તેના પતિ અને તેની સાથે આવેલી મહિલા દ્વારા જાહેર રસ્તા પર માર મારવામાં આવ્યો હોવાનો બનાવ સામે આવ્યો છે. ઘટનાના CCTV ફૂટેજ સોશિયલ મીડિયામાં વાયરલ થતાં સમગ્ર વિસ્તારમાં ચર્ચાનો વિષય બન્યો છે. પોલીસ ફરિયાદના આધારે ઉધના પોલીસે પતિ અને તેની મહિલા મિત્ર સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસના જણાવ્યા મુજબ અમરોલીના છપરાભાઠા વિસ્તારની રહેવાસી ૩૪ વર્ષીય હેતલ પ્રવીણ ગોંડલિયા અને તેના પતિ પ્રવીણ અમરશીભાઈ ગોંડલિયાના વર્ષ ૨૦૧૦માં લગ્ન થયા હતા. જોકે છેલ્લા કેટલાક વર્ષોથી બંને વચ્ચે મનદુઃખ ચાલતું હોવાથી વર્ષ ૨૦૧૯થી બંને અલગ રહે છે અને પરિવાર અદાલતમાં તેમનો કેસ પણ ચાલુ છે.

ઘટના શનિવારે સવારે બની હતી. મહિલા પોતાની દીકરીને શાળાએ મૂકીને એક્ટિવા પર ઘરે પરત ફરી રહી હતી. તે દરમિયાન મોટા વરાછા રોડ પર આવેલી પ્રગતિ આર્કેડ નજીક પતિ પોતાની મહિલા મિત્ર સાથે કારમાં આવ્યો હતો. આરોપ છે કે પતિએ કારમાંથી નીચે ઉતરી મહિલાને રસ્તા વચ્ચે અટકાવી ગાળો આપી માર મારવાનું શરૂ કર્યું હતું. આ દરમિયાન તેની સાથે આવેલી મહિલા પણ ઝઘડામાં જોડાઈ હતી અને પીડિતાને થપ્પડ તેમજ મુક્કા મારી હુમલો કર્યો હતો. મહિલાના વાળ ખેંચીને રસ્તા પર ઢસડી હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે.

ઘટના દરમિયાન આસપાસના લોકો દોડી આવ્યા હતા અને વચ્ચે પડી મહિલાને બચાવી હતી. ત્યારબાદ પીડિતાએ ૧૧૨ ઈમરજન્સી હેલ્પલાઈન પર જાણ કરતાં પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. ઈજાગ્રસ્ત મહિલાને સારવાર માટે ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

ઉધના પોલીસે ફરિયાદના આધારે પ્રવીણ અમરશીભાઈ ગોંડલિયા તથા તેની મહિલા મિત્ર આરતી પરમાર સામે ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. પોલીસે ઘટનાસ્થળના ઝઝ્રફ ફૂટેજ, સાક્ષીઓના નિવેદનો તેમજ અન્ય પુરાવાઓ એકત્ર કરવાની કાર્યવાહી હાથ ધરી છે. પરિવાર અદાલતમાં કેસ ચાલી રહ્યો હોવા છતાં જાહેરમાં થયેલી આ મારામારીની ઘટનાએ વિસ્તારમાં ચકચાર મચાવી છે.

# ડીંડોલીમાં વિસ્તારમાંથી ૩.૪૯૭ કિલો ગાંજા સાથે એક ઝડપાયો
## રૂા. ૨.૦૨ લાખનો મુદ્દામાલ જપ્ત કરતી ડીંડોલી પોલીસ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૩**

શહેરમાં માદક પદાર્થોના ગેરકાયદે વેપાર સામે ચાલી રહેલી કાર્યવાહી દરમિયાન ડીંડોલી પોલીસે વધુ એક સફળ દરોડો પાડી ૩.૪૯૭ કિલોગ્રામ પ્રતિબંધિત વનસ્પતિજન્ય ગાંજાના જથ્થા સાથે એક આરોપીની ધરપકડ કરી છે. પોલીસે સ્થળ પરથી ગાંજા ઉપરાંત મોબાઈલ, રોકડ રકમ, ઈલેક્ટ્રોનિક વજન કાંટો અને પેકિંગ માટે વપરાતી સામગ્રી સહિત કુલ રૂ. ૨,૦૨,૫૫૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

પોલીસ સબ ઈન્સ્પેક્ટર એમ. એન. લીલાની ફરિયાદ મુજબ, ૧૨ જુલાઈ, ૨૦૨૬ના રોજ સાંજે આશરે ૮:૩૦ વાગ્યે ડીંડોલીના કરાડવા રોડ પર આવેલા પ્રિયંકા ન્યુ સિટી-૨ના પ્લોટ નં. ૩૫૨-૩૫૩ ખાતે દરોડો પાડવામાં આવ્યો હતો. દરોડા દરમિયાન દિલીપ શાલીગ્રામ સોનવણે (ઉ.વ. ૪૩)ના મકાનમાંથી ૩.૪૯૭ કિલોગ્રામ ગાંજો, જેની અંદાજિત કિંમત રૂ. ૧,૭૪,૮૫૦ થાય છે, મળી આવ્યો હતો. તપાસ દરમિયાન પોલીસે એક મોબાઈલ ફોન કિંમત રૂ. ૨૫ હજાર, રોકડા રૂ. ૨,૫૦૦, ઈલેક્ટ્રોનિક વજન કાંટો, ગાંજો પેક કરવા માટેની ૧૭૬ પ્લાસ્ટિકની ખાલી પન્નીઓ, બે પ્લાસ્ટિકની થેલીઓ અને અન્ય સામગ્રી પણ જપ્ત કરી હતી. સમગ્ર મુદ્દામાલની કુલ કિંમત રૂ. ૨.૦૨ લાખથી વધુ હોવાનું પોલીસે જણાવ્યું છે.

પ્રાથમિક પૂછપરછમાં આરોપીએ આ ગાંજો મહાકાલ ગેરેજ ચલાવતા ગોપાલ ભગત પાસેથી મેળવ્યો હોવાનું જણાવ્યું હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું છે. જોકે ગોપાલ ભગત દરોડા સમયે મળી આવ્યો ન હોવાથી તેને વોન્ટેડ જાહેર કરી તેની શોધખોળ હાથ ધરવામાં આવી છે.



**સુરત શહેરમાં અતિભારે વરસાદ તથા ભીષણ ખાડીપૂર વખતે સચીન પોલીસ દ્વારા માનવીય સહાયતા સાથે પશુઓની પણ દરકાર લીધી હતી. સચીન પોલીસ મથકની ટીમ દ્વારા મુંગા પશુઓ માટે ૧૦૦ મણ ભૂસુ તથા ચારની વ્યવસ્થા કરવામાં આવી હતી. (તસવીર : પ્રદીપ ગોહિલ)**